gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

ગુરૂવાર 28 જુલાઈ 2022

અષાઢ વદ અમાસ, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 250 | વર્ષ : 06 | અંક : 12 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



મૃણાલ ઠાકુરનો મંત્ર : સેટ પર જતાં પહેલાં પાક્કું હોમવર્ક જરૂરી...

પેજ 11

સુવિચાર

''ક્યારેય હાર ના માનશો, લડતા રહો જ્યાં સુધી સફળ ના થાઓ...''
-એપીજે અબ્દુલ કલામ

ચૂંટણી ટાણે જ લઠ્ઠાકાંડ

## પીડિત પરિવારોના હૈયાફાટ રૂદન અને વલોપાતથી ગામોમાં અજંપો અને રોષ-સન્નાટો

# વિપક્ષમાં ખુશી-ભાજપમાં ગમ હી ગમ..!

## ડિસેમ્બરમાં ચૂંટણીઓ સુધી કોંગ્રેસ અને 'આપ' લઠ્ઠાકાંડનો મુદ્દો જીવંત રાખવા કોઇ કચાશ નહીં છોડે

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના ધમધમાટ વચ્ચે જ 2 જિલ્લાને આવરી લેતા 15 ગામોમાં મોતના તાંડવ સમાન લઠ્ઠાકાંડ સર્જાતા ભાજપ સરકાર અને ભાજપ સંગઠનના કપાળે ચિંતાની રેખાઓ ખેંચાઇ ગઇ છે તો બીજી તરફ સરકાર અને ભાજપ સામે વિરોધપક્ષોની તલવારો પણ ખેંચાઇ ગઇ છે. વિરોધ પક્ષમાં આપ પાર્ટીના કેજરીવાલને બગાસુ ખાતા પતાસુ પડે તેવો રાજકીય લાભ મળ્યો તો કોંગ્રેસના નેતાઓ પણ પળનો વિલંબ કર્યા વગરે અસરગ્રસ્ત ગામોમાં પહોંચીને મૃતકની નનામીને કાંધ આપી લોકોની લાગણીઓ જીતવાનું ચૂક્યા નથી. ભાજપને તેની સામે કદાજ પહેલીવાર પીછેહઠ કરવી પડી રહી છે. અને તેમાંથી કઇ રીતે બહાર આવીને વળી પાછુ ચૂંટણીનું વાતાવરણ બનાવવુ તેની રાજકીય કવાયત આરંભી છે. લોકોના રોષની વચ્ચે 28મીએ ગુજરાતની મુલાકાતે આવી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ પક્ષના સંગઠનના જવાબદારોને મીઠો ઠપકો આપશે. 2017માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં 9 ડિસે.ના રોજ થયેલા મતદાનની તારીખને ગણતરીમાં લઈએ તો 2022માં નિયત સમયપ્રત્રક ...અનુસંધાન પેજ નં. 6 પર





ઘરનો કમાનાર ઘણી જ ગયો, દાદી પાસે બેસેલા માસુમને ખબર પણ નથી કે લઠ્ઠાકાંડમાં તેણે પિતા ગુમાવ્યા...

## નેતાઓ ચૂંટણીમાં દારૂ વહેંચે છે, બંધ કરો: અલ્પેશ ઠાકોર

લઠ્ઠાકાંડ મામલે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના અલ્પેશ ઠાકોર બરવાળા ગામની મુલાકાત લેવા માટે પહોંચ્યા હતા. અલ્પેશ ઠાકોરે બરવાળા પહોંચી પોતાનું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, રાજ્યમાં ઈમાનદાર અધિકારીઓ પણ છે અને ભ્રષ્ટ અધિકારીઓ પણ છે. તેમણે આગળ કહ્યું કે, આપણું ગુજરાત સમૃદ્ધ ગુજરાત છે તેથી વિનંતી કરુ છું કે, ગુજરાતમાં દારૂબંધીનો કડક અમલ કરવો જોઈએ. અલ્પેશ ઠાકોરે નેતાઓ પર નિશાન સાધ્યું છે કે, નેતાઓ ચૂંટણી સમયે દારૂ વહેંચે તે યોગ્ય નથી તેથી હવે ચૂંટણી સમયે દારૂની વહેંચણી બંધ કરી દેવી જોઈએ. અને નેતાઓએ પણ ઈમાનદાર બનવું જોઈએ. જો કોઈ બાહોશ આ બધુ બંધ કરાવવાની શરૂઆત કરે તો તેના પર રાજકીય દબાણ વધી જાય છે.

વધુમાં તેમણે કહ્યું કે, જો 182 ધારાસભ્યો ઈચ્છે તો ગુજરાતમાં દારૂબંધી શક્ય છે. જનતા રેડ પાડીને પોતાના રાજકીય હિતો પાર નહીં પડે. અલ્પેશ ઠાકોરે નેતાઓને આવી નમાલી રાજનીતિ ન કરવા જણાવ્યુ હતું. (વિસ્તૃત અહેવાલ છેલ્લા પાને)

## ગાંધીનગર અને સાબરકાંઠાના કાર્યક્રમોમાં હાજરી આપશે

## લઠ્ઠાકાંડ વચ્ચે આજે વડાપ્રધાન આવશે ગુજરાત, વિવિધ વિકાસના કાર્યોનું લોકાર્પણ

ગુજરાત | વંદન



ગુજરાતના કેમિકલ કાંડની કરુણાંતિકા વચ્ચે આજે પીએમ મોદી ગુજરાત આવશે. તેઓ સાબરકાંઠા સ્થિત સાબર ડેરીના પ્લાન્ટની મુલાકાત લઈને વિવિધ પ્રોજેક્ટનુ લોકાર્પણ કરશે. જેના બાદ તેઓ જંગી જનસભાને સંબોધન કરશે. કેમિકલ કાંડ વચ્ચે તેમની આ મુલાકાત ખાસ બની રહેશે.

વડાપ્રધાન સાબરકાંઠાની સાબર ડેરીમાં 305 કરોડના ખર્ચે બનેલા પાવડર પ્લાન્ટ, 125 કરોડના ખર્ચે બનેલા પેકેજીંગ યુનિટનું લોકાર્પણ કરશે. તથા 600 કરોડના ખર્ચે બનનારા ચીઝ પ્લાન્ટનું ખાત મુહૂર્ત કરશે. આ ઉપરાંત સુકન્યા યોજના અન્વયે દિકરીઓને ખાતા ખોલવાનો કાર્યક્રમ અને મહત્તમ દૂધઉત્પાદન કરનાર મહિલા પશુપાલકોનું સન્માન કરવામાં આવશે. પ્રધાનમંત્રી જિલ્લાના પ્રગતિશીલ મહિલા ખેડૂતો તેમજ આદિવાસી મહિલા દૂધ ઉત્પાદકો ...અનુસંધાન પેજ નં. 6 પર

Open a Free Demat A/c* with mastertrust

બજાર અપડેટ

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 55,816.32 | 16,641.80 |

ટોપ ગેનર્સ

| | |
|---|---|
| એમટીએનએલ | +3.04 % |
| એસબીઆઈ | +2.72 % |
| ડિવીસ લેબ | +2.70 % |

ટોપ લુઝર્સ

| | |
|---|---|
| ભારતી એરટેલ | -1.34 % |
| બજાજ ઓટો | -1.06 % |
| હીરો મોટોકોર્પ | -0.65 % |

mastertrust
BROKING & INVESTMENTS

| સોનું | ચાંદી |
|---|---|
| 52,385 | 54,600 |

## લોનના હપ્તા હજુ વધશે

## સતત ત્રીજી વખત રેપો રેટમાં 50 બેસિસ પોઈન્ટનો થશે વધારો

ગુજરાત | વંદન



વ્યાજ દરો ફરી વધે તેવી શક્યતા છે. તમારી હોમ લોન EMI વધુ મોંઘી થઈ શકે છે. વાસ્તવમાં ઓગસ્ટના પહેલા સપ્તાહમાં આરબીઆઈની મોનેટરી પોલિસી કમિટીની બેઠક 3 થી 5 ઓગસ્ટ વચ્ચે યોજાવા જઈ રહી છે. જેમાં એવું માનવામાં આવે છે કે RBI રેપો રેટમાં 25 થી 50 બેસિસ પોઈન્ટના વધારાની જાહેરાત કરી શકે છે. જો આમ થશે તો હોમ લોનથી લઈને કાર લોન અને બેંકો પાસેથી એજ્યુકેશન લોન લેવી મોંઘી થઈ જશે. તે જ સમયે, જેઓ પહેલાથી જ હોમ લોન EMI ચલાવી ...અનુસંધાન પેજ નં. 6 પર

## કેરળમાં ત્રણ અને તેલંગાણામાં એક શંકાસ્પદ દર્દી સારવાર હેઠળ

## મંકીપોક્સને લઈને રાજ્ય સરકારો એલર્ટ, દિલ્હીમાં વધુ એક શંકાસ્પદ દર્દીથી ફફડાટ



ગુજરાત | વંદન

દિલ્હીમાં મંકીપોક્સનો વધુ એક શંકાસ્પદ દર્દી મળી આવ્યો છે. આ દર્દીને લોકનાયક જયપ્રકાશ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે દર્દીના ...અનુસંધાન પેજ નં. 6 પર

## સોશ્યલ મિડિયામાં સાપ્તાહિકી ટ્રેન્ડીંગ શબ્દાવલિ...

ગત સપ્તાહમાં સોશ્યલ મિડિયામાં જે શબ્દો, વાક્યો સૌથી વધારે ચલણમાં-વલણમા કે ટ્રન્ડીંગમાં જોવા મળ્યા તેની આછેરી યાદી....

- ગોવા
- સ્મૃતિ ઇરાની
- જોઇશ ઈરાની
- સીલી એન્ડ સાઉલ કેફે એન્ડ રેસ્ટોરાં
- બાર
- દારૂ કા અડ્ડા
- શરાબ કા અડ્ડા
- કોર્ટ મેં દેખુગી
- મિડિયા-કાંગારૂ કોર્ટ
- ભૂવા
- ખાડાખૈયા
- દહી-છાશ-પનીર, જીએસટી
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ
- લઠ્ઠાકાંડ
- કેમિકલ કાંડ

વાંકી નજરે...




## સંઘ અને વિશ્વ હિંદુ પરિષદ કાર્યાલયોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

વિશ્વ હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દિલ્હી સ્થિત કાર્યાલયોને બુધવારે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. એવું જાણવા મળ્યું છે કે બુધવારે એક વ્યક્તિ VHP ઓફિસમાં ઘૂસી ગયો હતો અને આ ધમકી આપી હતી. આ પછી VHP કાર્યકર્તાઓએ તેને પકડીને દિલ્હી પોલીસને હવાલે કર્યો હતો. આ ઘટના બુધવારે દિલ્હીના ઝંડેવાલાનમાં સ્થિત વિશ્વ હિન્દુ પરિષદની ઓફિસમાં બની હતી. ખુદ VHPએ પણ પોતાના ટ્વિટર એકાઉન્ટ પર આ જાણકારી આપી છે.

## મિથુન ચક્રવર્તીનો દાવો: TMCના 38 ધારાસભ્યો અમારા સંપર્કમાં

પશ્ચિમ બંગાળમાં બીજેપી નેતા મિથુન ચક્રવર્તીએ મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું, ટીએમસીના 38 ધારાસભ્યો અમારી સાથે ખૂબ સારા સંબંધો ધરાવે છે, જેમાંથી 21 સીધા છે. મિથુન ચક્રવર્તીએ એમ પણ કહ્યું કે, ભાજપને મુસ્લિમ વિરોધી કહેવું માત્ર એક ષડયંત્ર છે, જ્યારે વાસ્તવમાં એવું કંઈ નથી. મિથુને કહ્યું કે, ભાજપને મુસ્લિમો વિરોધી કહેવામાં આવે છે. પણ આવું કેમ? દેશના ત્રણ મોટા સુપરસ્ટાર સલમાન, શાહરૂખ અને આમિર ખાન મુસ્લિમ છે. આ કેવી રીતે શક્ય બન્યું?

## વાઘોના હુમલામાં 125 લોકોના પણ મોત થયા

## દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં 329 વાઘનાં મોત : કેન્દ્ર



ગુજરાત | વંદન

વધતા શહેરીકરણ અને ઘટતા જતા જંગલોને કારણે રાષ્ટ્રીય પ્રાણી વગર મોતે મરી રહ્યાં છે. ભારતમાં વાઘોના સંરક્ષણ અને પ્રજનન માટે અનેક ઉપાયો કરવામાં આવ્યા છે અને તેના લાભ પણ જોવા મળી રહ્યાં છે. આમ છતાં છેલ્લા ત્રણ વર્ષમાં લગભગ દર ત્રીજા દિવસે એક વાઘનું મોત થયું છ જે એક ચિંતાની બાબત છે. વાઘોન વિલુપ્ત થતી પ્રજાતિઓની તરફ ધ્યાન ખેંચવા માટે દર વર્ષે 29 જુલાઈએ આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ ઉજવવામાં આવે છે. ભારત સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર છેલ્લા ત્રણ વર્ષ એટલે કે 2019થી 2021 દરમિયામન દેશમાં કુલ 329 વાઘોનાં મોત થયા છે. જેમાંથી 68 વાઘોનાં મોત સ્વભાવિક રીતે થયા હતાં. 29 વાઘોને શિકારીઓએ નિશાન બનાવ્યા હતાં.

30 વાઘ લોકો પર હુમલામાં મરી ગયા હતાં. 197 વાઘોના મોતનું કારણ જાણી શકાયું નથી અને તેની તપાસ ચાલી રહી છે. આ દરમિયાન વાઘોના હુમલામાં 125 લોકોના પણ મોત થયા હતાં.

KAAVYARATNA™ GROUP
Crafting Landmarks



શાંતિ, સમૃદ્ધિ અને પ્રગતિના રંગે, 2,100થી વધુ ખુશહાલ પરિવારના સંગે

સૃષ્ટિ BY KAAVYARATNA
2 & 3 BHK BLISSFULL LIVING
NR. PDPU CROSS ROAD, GANDHINAGAR
RERA: RAA09353/221121

SPIRITUAL LIVING Sanskruti BY KAAVYARATNA
2, 3 & 4 BHK SPIRITUAL LIVING
GIFT CITY ROAD, GANDHINAGAR
RERA: MAA07224/210620

NAKSHATRA BY KAAVYARATNA
FOR THOSE WHO AIM FOR THE STARS
SHOWROOMS & OFFICES
SARGASAN CROSS ROAD, GANDHINAGAR
RERA: CAA06841/050320

PALATIAL VERTICAL LIVING THE BOUGAINVILLEA BY KAAVYARATNA
4 BHK DUPLEX VERTICAL VILLA
GIFT CITY ROAD, GANDHINAGAR
RERA: RN29AA09929/170522

90999 19068, 90999 19027 | www.gujrera.gujarat.gov.in | kaavyaratna.com

ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## ગોઝારી ઘટનાઓથી સ્થાનિકોમાં રોષ ભભૂકી ઉઠયો

# ગાંધીનગરમાં તંત્રના કારણે વીજ થાંભલા ગાયો માટે બન્યા યમદૂત



"ગાંધીનગરમાં સેક્ટર 30 ખાતે ગાયના મૃત્યુની જે ઘટના બનવા પામી એ અત્યંત દુઃખદ છે. જોકે સેક્ટર -૩૦ ખાતે કરવામાં આવેલા ખોદકામને પરિણામે અંડરગ્રાઉન્ડ ઈલેક્ટ્રીક વાયરને ક્યાંક નુકસાન થયું હોવાનું અનુમાન છે. આમ છતાં ટોરેન્ટ પાવર દ્વારા વધુ સાવચેતી રાખવા માટે અમારો પ્રયાસ રહેશે. » **મેનેજર,** ટોરેન્ટ પાવર, ગાંધીનગર

ગુજરાત | વંદન

ગાંધીનગરના સેક્ટર -૩૦ ખાતે એક સપ્તાહ પહેલા સ્ટ્રીટ લાઈટના પોલમાંથી વીજ કરંટ લાગતા બે ગાયોના મોત થયા હોવાના સમાચારની શાહી હજુ સુકાઈ નથી ત્યાં સોમવારે વધુ એક ગાયનું ઈલેક્ટ્રીક કરંટ લાગવાથી મોત થવાના સમાચારથી સમગ્ર શહેરમાં ઉગ્ર રોષની લાગણી પ્રસરી જવા પામી છે.

સરકારી તંત્ર દ્વારા વિવિધ સેક્ટરોમાં સ્માર્ટ સિટીના ભાગરૂપે ખોદકામ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત સેક્ટર - ૩૦ ખાતે પણ અનેક સ્થળોએ ખોદકામ કરવામાં આવ્યું હતું. જેમાં કોઈ ત્રુટી સર્જાતા ઈલેક્ટ્રીક વાયર કપાઈ ગયો હોવાની સંભાવના પણ નકારી ન શકાય. જોકે એક સપ્તાહ પહેલા વીજકરંટથી થયેલા ગાયોના મોતના સમાચારથી સમગ્ર શહેરમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ સમાચારોની છાપ હજુ સ્મૃતિપટ ઉપરથી ભૂંસાઈ નથી ત્યાં સોમવારે વધુ એક ગોઝારો બનાવ બનતા ગાંધીનગરાઓનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો છે. તંત્રની આવી ઘોર બેદરકારીને કારણે વસાહતીઓનાં જીવ પડીકે બંધાઈ ગયા છે ત્યારે સત્તાધીશોના પેટનું પાણી પણ હલતું નથી.

એક સાથે બે બે ગાયોના મોતનાં સમાચારોથી કળ વળે એ પહેલા જ સોમવારે સે. ૩૦ માં જ અન્ય સ્થળે વધુ એક ગાયનાં મૃત્યુએ વસાહતીઓની ઊંઘ હરામ કરી દીધી છે. હવે તો ઘરમાંથી નીકળતા પણ કેટલાક લોકોને ડર લાગે છે. આસપાસ રહેલા વીજપોલનાં વાયરોમાંથી નીકળતો વીજપ્રવાહ ભેજ વાળી જમીન મારફતે ક્યાંક પોતાને ભરખી ન લે, એવો ડર સતત લોકોને સત્તાવી રહ્યો છે.

## આ ઘટનાનાં સંદર્ભમાં ગાંધીનગરનાં અગ્રણી વસાહતીઓનાં મંતવ્યો આ મુજબ છે...

"ગાંધીનગરમાં છાસવારે બની રહેલા આવા બનાવો અત્યંત દુઃખદ છે. તંત્રએ જાગૃત થવાની પણ અત્યંત આવશ્યકતા છે. ગાયની જગ્યાએ જો કોઈ માણસને કરંટ લાગ્યો હોત તો તેનું પણ મોત થયું હોત. સોમવારે કરંટ લાગવાથી મૃત્યુ પામેલી ગાયની આસપાસ ક્યાંય ખાડો ખોદ્યો હોવાનું જણાતું ન હતું. એમ છતાં આ વીજ કરંટ ક્યાંથી આવ્યો એ પણ તપાસનો વિષય છે. જો કે પશુપાલકો દ્વારા રખડતા મૂકી દેવામાં આવેલા પ્રાણીઓ બાબતે પણ તંત્રએ કડક પગલાં ભરવાની આવશ્યકતા છે. » **તેજસ પટેલ,** બેંક મેનેજર

"તાજેતરમાં ગાંધીનગરમાં સેક્ટર 30 ખાતે વરસાદી પાણીમાં બે પશુને વીજળીક કરંટ લાગવાથી અવસાન પામેલ છે. નાગરિકોને આ બાબતમાં ડર પેંસી ગયેલ છે. ગાંધીનગરમાં જો આવા કરૂણ બનાવ બને તો રાજ્યના અન્ય વિસ્તારોમાં તંત્ર કેવું ધ્યાન રાખતું હશે તે વિચાર માંગી લે તેમ છે. આ બાબતમાં તંત્ર, વીજ કંપની, નાગરિકો અને સ્થાનિક સંસ્થાઓએ સચેત થવાની જરૂર છે. » **અરૂણ બુચ,** પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મંડળ

"સામાન્ય સંજોગોમાં છુટા જીવંત વીજ વાયર અને પાણી ભેગા થાય તે જીવલેણ પુરવાર થતાં હોય છે. આવા સંજોગોમાં વીજ સપ્લાયર કંપની દ્વારા ચોમાસાની સીઝન પહેલાં તકેદારીનું આગોતરું આયોજન કરવામાં આવે તો જાનહાનિ નિવારી શકાય. કોન્ટ્રાક્ટરો દ્વારા પણ થોડી કાળજી લેવાય તો આવી ઘટનાઓ બનતી નિવારી શકાય. » **પ્રદીપ સોલંકી,** બેંક મેનેજર

"સરકારી બાબુઓએ ઈત્તર પ્રવૃત્તિઓ માંથી થોડો સમય ફાજલ કરીને કોન્ટ્રાક્ટરોના કામની દેખરેખ કરવી જોઈએ તો આવી ઘટનાઓ નિવારી શકાય. માત્ર કોન્ટ્રાક્ટર કે મજુરના ભરોસે છોડી દેવાથી કામમાં બેદરકારી દાખવવામાં આવે છે. જેના પગલે ગાય કે કોઈ પણ મનુષ્યને પણ જીવ ગુમાવવાનો વારો આવી શકે છે. સોમવારે ગાય જ્યાં મૃત્યુ પામી તે સ્થળની નજીકમાં જ અનેક રહેણાંક મકાનો પણ આવેલા છે. કોઈ વસાહતીનો જીવ જવા પામ્યો નથી તે સદભાગ્ય ગણાવી શકાય પણ એક ગાયનો જીવ ગયો એ તંત્ર તથા વસાહતીઓ માટે અત્યંત દુર્ભાગ્ય ગણાવી શકાય. સરકારમાં બેઠેલા લોકો હજુ માનવમૃત્યુની રાહ જોશે કે જાગૃત થશે? » **દુષ્યંત આચાર્ય,** સિનિયર સિટીઝન

"વીજ પોલના ખુલ્લા વાયરોના કારણે આજે ગાયોને કરન્ટ લાગ્યો અને મરી ગઈ. કાલે માણસો પણ મરી શકે છે. સેક્ટર -૩૦ માં ગાયોના મોત થયા તેની ફરિયાદ પણ પોલીસે લીધી નથી. પોલીસે તો ઉપરથી ગાય માલિકોને જ ધમકાવી નાંખ્યા કે શહેરી વિસ્તારોમાં ગાય પાળવા પર પ્રતિબંધ છે તો તમારી ગાય સેક્ટર 30 માં શું કરતી હતી? વળી એક ગાયના માલિક સરકારી નોકરી કરતા હોવાથી નોકરીમાં જોખમ હોવાનાં કારણે મોં બંધ કરીને બેસી ગયા. પરંતુ સેક્ટર ૩૦ ના ઘણા રહિશો આજે કહી રહ્યા છે કે આ તો ગાયને કરન્ટ લાગતાં મોત થયું. કાલે સવારે માણસોને પણ કરન્ટ લાગી શકે છે. માણસોનાં પણ કરન્ટ લાગવાથી મોત થઈ શકે છે. આ વીજ પોલ નવા જ બન્યા હતા પણ તેને ટોરેન્ટ પાવર દ્વારા એવી રીતે બનાવાયા છે કે વીજ પોલના વાયર વરસાદી પાણી સાથે સીધા સંપર્કમાં રહે છે. આ વરસાદી પાણીમાં પગ મૂકતાં ગાયને કરન્ટ લાગ્યો હતો. આવી જ રીતે માણસને પણ કરન્ટ લાગી શકે છે. » **બાબુભાઈ સોની,** વસાહતી

"ચોમાસા પહેલા કોઈપણ પ્રકારનું ખોદકામ તંત્ર દ્વારા કરવામાં આવતું નથી. એમ છતાં તાજેતરમાં જ પાણી પુરવઠા, માર્ગ મકાન સહિતના વિવિધ વિભાગો દ્વારા કરાયેલા ખોદકામની અસર હવે જોવા મળી રહી છે. એટલું જ નહીં જે તે કોન્ટ્રાક્ટર દ્વારા રસ્તાની આસપાસ કરાયેલા ખોદકામ બાદ યોગ્ય પુરાણ નહીં કરાતા વાહનચાલકો માટે પણ જીવનું જોખમ ઊભું થાય છે ત્યારે ઈલેક્ટ્રીક પોલમાંથી કરંટ લાગવાની ઘટના પણ અત્યંત નિંદનીય છે. આ બાબતે જે તે વિભાગ સામે ફોજદારી ગુનો દાખલ કરીને આ કામ કરનારા કોન્ટ્રાક્ટર સામે હત્યાનો ગુનો દાખલ કરવો જોઈએ. » **રામસિંહ વણઝારા,** સે. ૩૦

# ગાંધીનગરમાં રહેતી યુવતીની કોન્સ્ટેબલ પતિ સહિત સાસરિયા સામે ફરિયાદ

ગુજરાત | વંદન

ગાંધીનગરના સેક્ટર 16 ખાતે રહેતી યુવતીના લગ્ન ચાંદખેડામાં રહેતા કિરણકુમાર વિનોદભાઈ સુતરીયા સાથે સામાજિક રીત રિવાજ મુજબ થયા હતા. પરંતુ લગ્નના થોડા જ સમયમાં યુવતીને સાસરિયાઓ દ્વારા દહેજ બાબતે બબાલ કરી પતિને ચઢામણી કરતા હતા. વારંવાર ઝઘડા કરી મ્હેણા ટોણા મારતા હતા. લગ્નના શરૂઆતના પાંચેક મહિના સંસાર સારો ચાલ્યો હતો. પરંતુ ત્યારબાદ સાસુ ધર્મિષ્ઠાબેન, સસરા વિનોદભાઈ નાની નાની વાતોમા વાંધા કાઢતા હતા. મનફાવે તેમ બોલીને માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા. પતિને યુવતી વિરુદ્ધ ચઢામણી કરી ટોર્ચર કરતા હતા. ચાર નણંદ ગીતાબેન રમેશભાઈ પરમાર (રહે, દધાલીયા), હેમલતાબેન મહેશભાઈ પરમાર (રહે, અમદાવાદ), આશાબેન રાકેશભાઈ પરમાર (રહે, મોટેરા) નણંદો પણ હેરાન કરતી હતી. નણંદ ભાઈનુ લગ્ન જીવન સુધારવાની જગ્યાએ બગાડી રહી હતી. આખરે સાસરિયાના ત્રાસથી તંગ આવી યુવતીએ મહિલા પોલીસ મથકમાં એસઆરપીમાં કોન્ટેબલ તરીકે ફરજ બજાવતા પતિ સહિત સાત સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## વાહનવ્યવહારને અસર, તંત્રએ ગાબડા પર પડદો ઢાંકી દીધો!





# કરોડોના ખર્ચે તૈયાર થયેલ ખોરજ બ્રિજની સાઈડમાં સહેજ વરસાદમાં મોટું ગાબડુ પડ્યું

ગુજરાત | વંદન

ગાંધીનગરમાં હજી તો થોડા મહિના અગાઉ જ કરોડોના ખર્ચે નિર્માણ કરવામાં આવેલા ખોરજ બ્રિજમાં સામાન્ય વરસાદ પડતાં જ આશરે 10 ફૂટનું ગાબડું પડી જવાથી બ્રિજને બંધ કરી દેવાની નોબત આવી હતી. જેના કારણે ટ્રાફિક જામની સમસ્યા સર્જાઇ હતી.

બે દિવસ પહેલા ગાંધીનગરમાં સાર્વત્રિક વરસી રહેલા વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવાની સાથે રોડ રસ્તા ધોવાઈ ગયા હતા. ત્યારે રવિવારે રાત્રે પડેલા ધોધમાર વરસાદના કારણે કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ કરાયેલ ખોરજથી અદાણી શાંતિગ્રામ તરફના છેડે બ્રિજમાં ગાબડું પડી જતાં અત્રે વિસ્તારના લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર ખોરજ ગામની રાજયોગ સોસાયટી સામે નેશનલ હાઈવે પર મસમોટું ગાબડું પડયું હતું. જેના લીધે નજીકનો રોડ બેસી ગયો હતો. આ અંગે ગ્રામજનોએ સવારે જાણ કરતાં તંત્રએ બેરિકે' મૂકી બ્રિજનું ગાબડું કપડાથી ઢાંકી દઈ બેરીકેટ મૂકી દીધા હતા.

જો કે સાંજ પડતાં ફરીવાર વરસાદ વરસતા સ્થિતિ વધુ વણસી હતી. અને ટ્રાફિક જામ થઇ ગયો હતો. અને બ્રિજને બંધ કરી ટ્રાફિક ડાઈવર્ટ કરવામાં આવ્યો હતો. જેનાં કારણે વાહનચાલકોને પારાવાર મુશ્કેલી વેઠવાનો વખત આવ્યો છે.

## "કડવા લીમડાના ગુણ ના હોય કડવા"



આમ,તો લીમડો કોઈને ચાખવો પણ ના ગમે.તેના કડવા સ્વાદથી લોકો મોઢું બગાડે છે.પરંતુ અનેક રોગોમાં લીમડો અક્ષીર સાબિત થયો છે. આપણે અત્યારે ટૂથ પેસ્ટ અને બ્રશનાં ઉપયોગ કરવા છતાં દાંતના રોગથી પીડાતા હોઈએ છીએ. આપણાં વડવા કહેતા હતાં, **"જે મોઢે રોજ લીમડાની ડાળ, એનાં દાંત સદાકાળ..."**

વળી ચૈત્ર મહિનામાં દસ દિવસ રોજ સવારે લીમડાના કોર(મોર)નું સેવન કરવામાં આવે તેને આખું વર્ષ તાવ નથી આવતો.લીમડાની મીઠી લીંબોળી પણ આયુર્વેદમાં ઘણું મહત્વ ધરાવે છે.લીંબોળીના ઠળીયામાંથી દવામાં ખૂબ ઉપયોગી નીમ તેલ કાઢવામાં આવે છે. લીમડાની અંતર છાલ, કૂણાં પાનની ટશરું,લીમડાનું લાકડું બધું જ ખૂબ ઉપયોગી છે.

લીમડાનાં છાયે ઘડીક ઊભા રહીએ તો પણ તે ખૂબ શીતળતા બક્ષે છે.કાયમ લીલોછમ રહેતો લીમડો કેટલાય પક્ષીઓનો આશ્રયદાતા છે.અહી આ લીમડો કેટલાય વીતેલાં વર્ષોનો સાક્ષી છે.જેની જૂની ડાળખીઓમાં બખોલ કરીને કેટલાંય પોપટ અને ચિબરીના પરિવાર વસવાટ કરે છે.લીમડાના થડને અડીને કોઈ મહાપુરુષની દેરી આવેલી છે.આ દેરી અને લીમડો જાણે એકબીજાના આધારે ઊભા હોય,તેવું તસ્વીરકારને લાગ્યું, તેનાં કેમેરાની કલીકમાં લીમડોને દેરી બંને સમાઈ ગયાં છે. (ફોટો : અશોકસિંહ એ. ટાંક)

# બળાત્કારના ગુનેગારોને કડક શિક્ષા આપવા પીડિતાના વાલીની મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત



ગુજરાત | વંદન

બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકામાં આવેલા ગામની અંદર સગીર બાળા ઉપર બળાત્કાર કરવાની ફરિયાદ અનુસંધાને મંગળવારે ગાંધીનગર ખાતે સમાજના સેકડો લોકો એકત્રિત થયા હતા. બળાત્કારના આરોપીઓને કડક સજા આપવા માટે મુખ્યમંત્રી કાર્યાલય ખાતે ઉગ્ર રજૂઆતો પણ કરવામાં આવી હતી. સગીર વયની બાળા ઉપર બળાત્કાર કરીને તેને ઝેરી દવા પીવા માટે મજબૂર કરનારા અસામાજિક તત્વો સામે પગલા ભરવા માટે રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી સમાજના લોકો ઉગ્ર રોષ સાથે ઉમટી પડ્યા હતા.

## ગાંધીનગરમાં રાહત દરે ફાળવેલા પ્લોટમાં બાંધવામાં આવેલા

# મકાનોની વેચાણ મંજૂરીની પડતર અરજીઓનો નિકાલ કરવા માંગ

ગુજરાત | વંદન



ગાંધીનગરમાં રાહતદરે ફાળવેલા પ્લોટ પર બનાવવામાં આવેલા મકાનોની વેચાણ મંજૂરીની અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં નહીં આવતાં ઢગલાબંધ અરજી પડતર પડી રહી છે. જેનાં કારણે પરસેવાની કમાણીથી ઉભી પોતાની જ પ્રોપર્ટી વેચાણ માટે બ્રેક લાગી જતાં વય નિવૃત કર્મચારીઓ અને અસરગ્રસ્ત ખેડૂતોની સેક્ટર - 12 ઉમિયા મંદિરે ખાસ બેઠક મળી હતી. જેમાં પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવાની માંગ કરાઈ છે.

ગાંધીનગર સ્થાપના કાળથી સરકારી નગર તરીકે ઓળખ ધરાવે છે. અહીં સરકારી કર્મચારીઓ તેમજ અસરગ્રસ્ત ખેડૂતોને સરકાર દ્વારા રાહતદરે પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. જેનાં પર કર્મચારીઓએ પરસેવાની કમાણી થકી મકાન બાંધ્યા છે. જોકે, છેલ્લા ઘણા સમયથી ગાંધીનગરમાં રાહદારનાં પ્લોટ પર બાંધવામાં આવેલા મકાનોની વેચાણ મંજૂરી પર રોક લાગી ગઈ છે. જેનાં કારણે પ્રોપર્ટી ધારક પોતાની જ પ્રોપર્ટી વેચી શકતો નથી.

## ગાંધીનગર જિલ્લા પંચાયતની બેઠકમાં લેવાયો નિર્ણય

# વર્ગ-1, 2ના શાખા અધિકારીઓએ દર માસે ગામડાની લેવી પડશે આકસ્મિક મુલાકાત

ગુજરાત | વંદન



જિલ્લા પંચાયતના તમામ શાખાઓના વર્ગ-1 અને 2ના અધિકારીઓએ દર મહિને એક ગામની મુલાકાત લઈ પંચાયત તાબાની કચેરીઓની મુલાકાત લઈને રિપોર્ટ કરવાનો રહેશે. ઉપરાંત જિલ્લા પંચાયતના ગ્રાઉન્ડ અને ફસ્ટ ફ્લોરમાં આવેલા સેનીટેશન બ્લોકનું રિપેરીંગ કરવા સહિતના ઠરાવો કારોબારી સમિતિની બેઠકમાં કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન દિનેશ ઠાકોરે સામાજિક કારણસર રાજીનામું આપ્યા બાદ કારોબારી સમિતિની બેઠક સોમવારે મળી હતી. તેમાં કાર્યકારી અધ્યક્ષ તરીકે અનિલ પટેલની નિમણુંક સમિતિએ સર્વાનુમતે કરી હતી. જોકે નવ માસના લાંબા વિરામ બાદ મળેલી કારોબારી સમિતિની બેઠકમાં નિયત કરેલા એજન્ડા ઉપર કામગીરી કરી હતી. તેમાં જિલ્લા પંચાયતની કામગીરીના ભાગરૂપે પરિપત્રો તેમજ ઠરાવો સહિતના ડોક્યુમેન્ટની ઝેરોક્ષ કઢાવવાની થાય છે.

જોકે તેના માટે બહારથી ઝેરોક્ષ કઢાવવામાં આવતી હતી. આથી બંધ ઝેરોક્ષ મશીનની જગ્યાએ નવીન ઝેરોક્ષ મશીનની ખરીદી કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગાંધીનગર જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, અધિકારીઓ કર્મચારીઓ તેમજ મુલાકાતીઓને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે નવીન આરઓ પ્લાન્ટનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો હતો.

વધુમાં જિલ્લા પંચાયતના ગ્રાઉન્ડ અને ફસ્ટ ફ્લોર ઉપર આવેલા સંડાસ અને બાથરૂમનું રિપેરીંગ કરવાનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો હતો. ઉપરાંત કારોબારી સમિતિના કાર્યકારી અધ્યક્ષ અનિલ પટેલે જણાવ્યું છે કે જિલ્લાના તમામ ગામોમાં જિલ્લા પંચાયત હસ્તકની આવેલી કચેરીઓની મુલાકાત દર મહિને કરવામાં આવે તેવો પ્રસ્તાવ રજુ કર્યો હતો.

તેમાં જિલ્લા પંચાયતના દરેક શાખાના ક્લાસ-1 અને 2ના અધિકારીઓ દર મહિને એક ગામની મુલાકાત કરીને તેનો રિપોર્ટ આપે તેવો ઠરાવ કર્યો હતો. જિલ્લા પંચાયતમાં કેન્ટીન માટે જગ્યા ફાળવવી. ચારેય તાલુકાના વિકાસ અધિકારીઓને એક માસમાં તમામ સદસ્યોના વિકાસના કામો પૂર્ણ કરવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો

## ખખડધજ | અવર-જવર કરતા વાહનચાલકો સહિત ગ્રામજનોમાં રોષ

# રામપુરાથી માણસા જતા માર્ગ પર પડેલા ખાડાથી પરેશાની

ગુજરાત | વંદન



રામપુરાથી વાયા ઈન્દ્રપુરાથી માણસા જતા માર્ગ ઉપર એક એક ફુટના ખાડા પડી જતા વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ગત વર્ષ-2018માં બનેલા આ માર્ગને રદ કરતા કોન્ટ્રાક્ટર પાસેથી ડિપોઝીટ જપ્ત લેવા સહિતના પગલાં લેવાયા હતા. છતાં માર્ગ અંગે કોઈ જ નિર્ણય નહી કરતા ગ્રામજનોમાં રોષ ઉઠ્યો છે.

જિલ્લા માણસા તાલુકાના રામપુરા ગામના વિદ્યાર્થીઓ, ખેડુતો અને નાના-મોટા વેપારીઓ સહિત ગ્રામજનો માણસાની અવર જવર વિશેષ રહે છે. તેમાં ગ્રામજનો માણસા જવા માટે રામપુરાથી વાયા ઈન્દ્રપુરાથી માણસા જતા માર્ગનો ઉપયોગ કરે છે. જોકે આ માર્ગનો વધુ પડતો ઉપયોગ થતો હોવાથી ગત વર્ષ-2018માં માર્ગને બનાવવામાં આવ્યો હતો. પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા રોડનું કામ યોગ્ય રીતે નહી કરતા જેતે વખતે રોડને રદ કરવામાં આવ્યો હતો. ઉપરાંત કોન્ટ્રાક્ટર પાસેથી ડિપોઝીટ જપ્ત લઈ લેવામાં આવી હતી.

બીજી તરફ રામપુરા ગામના અંદાજે 700 જેટલા વિદ્યાર્થીઓ માણસા ભણવા જતા હોવાથી વિદ્યાર્થીઓ પણ આ માર્ગનો ઉપયોગ કરી રહ્યા છે. આથી તેઓને અકસ્માતની ચિંતા સતાવી રહી છે. રામપુરા ગામથી વાયા ઈન્દ્રપુરાથી માણસા જતા માર્ગનું યોગ્ય મેટલીંગ સહિતની કામગીરી કરીને ખાડામાંથી વાહન ચાલકો અને ગ્રામજનોને દુર કરવાની માંગણી સાથે ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત ગ્રામજનો દ્વારા રજુઆત કરવામાં આવશે તેમ ગ્રામજનોએ જણાવ્યું છે.

મેક્સિકોમાં એજન્ટોએ વધુ 50 લાખ વસુલવા અધમૂઆ કર્યો, બ્રેઈન સ્ટ્રોક થઈ ગયું

# ગેરકાયદે અમેરિકા જવાનું ભારે પડ્યું, એક કરોડ પણ આપ્યા, છેવટે હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું..

ગુજરાત | વંદન

પરિવાર સાથે અમેરિકા જવાનું લાંબા સમયથી સપનું જોઈ રહેલા મહેસાણાના પ્રિયંક પટેલને એ વાતની કલ્પના પણ નહોતી કે તેનું આ સપનું આખી જિંદગી ના ભૂલાય તેવું દુ:સ્વપ્ન બની રહેવાનું છે. પ્રિયંકે એક એજન્ટ સાથે પત્ની અને ત્રણ બાળકો સહિત કુલ પાંચ લોકોને ગેરકાયદે રીતે અમેરિકા પહોંચાડવા દોઢ કરોડ રુપિયામાં સોદો કર્યો હતો. જેમાંથી તેણે 1 કરોડ રુપિયા ચૂકવી પણ દીધા હતા. જોકે, મેક્સિકો પહોંચ્યા બાદ બાકીના 50 લાખની વ્યવસ્થા ના થઈ શકતા એજન્ટોએ આખા પરિવારને બંધક બનાવી લીધું હતું. પ્રિયંકની વિનંતી પર તેની પત્ની અને ત્રણ બાળકોને છોડી દેવાયા હતા, પરંતુ બાકીના રુપિયા કઢાવવા એજન્ટોએ પ્રિયંકને પોતાની પાસે રાખીને ઢોર માર મારતા તેને બ્રેઈન સ્ટ્રોક આવી જતાં હાલ તેને મેક્સિકોની એક પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પ્રિયંક પટેલને એજન્ટોએ એવું કહ્યું હતું કે તેની પત્ની અને 12, 7 તેમજ પાંચ વર્ષના ત્રણ બાળકોને બોર્ડર ક્રોસ કરાવીને ટેક્સાસ મોકલી દેવાયા છે. પરંતુ એજન્ટોના કબજામાં રહેલા પ્રિયંકની તેના પરિવારજનો સાથે કોઈ વાતચીત નહોતી થઈ શકી. આગળ કંઈ થાય તે પહેલા એજન્ટોના ઢોર મારથી બ્રેઈન સ્ટ્રોક આવી જતાં પ્રિયંકની સ્થિતિ હાલ ગંભીર હોવાનું માનવામાં આવી રહ્યું છે. વળી, તે ડાયાબિટિક હોવાથી તેની તબિયત વધુ લથડી છે. હાલ તે મેક્સિકોના કાંકુન સિટીની એક હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે.




34 વર્ષનો પ્રિયંક, તેની 32 વર્ષીય પત્ની ઉમા અને ત્રણ બાળકો મહેસાણાના સાલડી ગામેથી જાન્યુઆરી મહિનામાં નીકળ્યા હતા. આ જ સમયે કેનેડા બોર્ડર પર થીજીને મોતને ભેટેલો ડીંગુચાનો પરિવાર પણ અમેરિકા જવા નીકળ્યો હતો. પોલીસ સૂત્રોનું માનીએ તો, ગામડેથી નીકળ્યા બાદ પ્રિયંક તેના પરિવાર સાથે અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં થોડો સમય એક ફ્લેટમાં ભાડે રહ્યો હતો. એજન્ટોએ બનાવેલા પ્લાન અનુસાર, પહેલા આખા પરિવારને દિલ્હી લઈ જવાયો હતો જ્યાંથી તેમને મેક્સિકો પહોંચાડાયા હતા. સૂત્રોનું માનીએ તો, પ્રિયંકે અમદાવાદના ચંદ્રેશ પટેલ અને પલિયડના લખુ પટેલને દોઢ કરોડમાં પોતાના પરિવારને અમેરિકા પહોંચાડવાનું કામ આપ્યું હતું. આંગડિયા દ્વારા 1 કરોડ રુપિયા એજન્ટોને ચૂકવી પણ દેવામાં આવ્યા હતા.

જોકે, મેક્સિકોના કાંકુન પહોંચ્યા બાદ બાકીના 50 લાખ ના મળતા એજન્ટોએ પોતાનું અસલ સ્વરુપ ઉજાગર કર્યું હતું. ગુજરાતના એજન્ટોના કહેવા પર મેક્સિકોના એજન્ટોએ (જેમને ઉત્તર ગુજરાતમાં મેકલા તરીકે પણ ઓળખવામાં આવે છે) પ્રિયંકના આખા પરિવારને બંધક બનાવી 50 લાખની ઉઘરાણી શરુ કરી હતી. એક અઠવાડિયા સુધી તેમણે આ પરિવારને ટોર્ચર કર્યો હતો, બાદમાં પ્રિયંકની આજીજી પર તેની પત્ની અને બાળકોને છોડવામાં આવ્યાં હતાં. એજન્ટોએ પ્રિયંકને એવી માહિતી આપી હતી કે તેની પત્ની ઉમા અને ત્રણ બાળકોને ટેક્સાસ મોકલી દેવાયા છે, અને આ જ વાત પ્રિયંકના પરિવારજનોને પણ જણાવી દેવાઈ હતી.

બીજી તરફ, પ્રિયંક પાસેથી 50 લાખ કઢાવવા માટે એજન્ટોએ તેને મહિનાઓ સુધી સુધી ટોર્ચર કર્યો હતો. આખરે જૂનના છેલ્લા સપ્તાહમાં પ્રિયંકની હાલત બગડી હતી અને તેને બ્રેઈન સ્ટ્રોક આવી ગયો હતો. ડાયાબિટિક હોવાના કારણે પ્રિયંકની સ્થિતિ ક્રિટિકલ બની જતાં તેને કાંકુનની એક પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. પોલીસ સૂત્રોનું માનીએ તો હાલ પ્રિયંક ખૂબ જ ગંભીર છે. સાલડી ગામના સરપંચ ગેમર ઠાકોરનું કહેવું છે કે, પ્રિયંક અને તેનો પરિવાર એજન્ટો મારફતે અમેરિકા જવા નીકળ્યો હતો. તેઓ આઠ મહિના પહેલા જ ગામ છોડી ચૂક્યા છે, પરંતુ ત્યારબાદ શું થયું તેની કોઈને જાણ નથી. તેમના સમાજના લોકો એવું કહે છે કે પ્રિયંકની તબિયત લથડતા પરિવાર અમેરિકા નથી પહોંચી શક્યો.

# આનંદનગરમાં ટ્યૂશને જતી વિદ્યાર્થિનીની છેડતી કરનાર યુવક ઝડપાયો

ગુજરાત | વંદન

આનંદનગર વિસ્તારમાં આવેલા જોધપુર ચાર રસ્તા નજીક ગત 19મી જુલાઇના રોજ સાંજે સાત વાગ્યે ધોરણ-12ની સગીર વિદ્યાર્થીની ટ્યૂશન ક્લાસમાં જતી હતી. આ સમયે સગીરાને પાછળથી શારિરીક અડપલા કરનાર સરખેજના શખ્સને આનંદનગર પોલીસે પકડી પાડ્યો છે. સીસીટીવી ફુટેજનું એનાલીસીસ આધારે હ્યુમન ઈન્ફોર્મેશનથી શીવરંજની પાસે આવેલી એક પ્રાઈવેટ ઈલેક્ટ્રીક કંપનીમાંથી પકડી પાડ્યો હતો. આરોપી સોહેબ શેખે અન્ય યુવતીઓની પણ છેડતી કરી હોવાનું પોલીસનું અનુમાન હોવાથી પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

સેટેલાઈટ વિસ્તારમાં 38 વર્ષીય વેપારી અને તેનો પરિવાર રહે છે. વેપારીને 16 વર્ષની દિકરી છે. તે ધોરણ-12માં અભ્યાસ કરે છે. સ્કુલના અભ્યાસ સાથે તે ટ્યૂશન કલાસ પણ જાય છે. ગત 19મીએ સાત વાગ્યે દિકરી તેની માતા અને સબંધી વેપારના ધંધાના સ્થળે આવ્યા હતા. ત્યાંથી તે સાઈકલ લઈ સીધી ટ્યૂશને જવા નિકળી હતી. આ સમયે જોધપુર ગામ એમજી ફાર્મની આગળ ચાર રસ્તા પર ટ્રાફિક જામ હોવાથી સગીરા ઉભી હતી. આ દરમિયાન પાછળથી એક શખ્સે શારિરીક અડપલા કર્યા હતા. જેથી સગીરા ગભરાઇ ગઈ હતી.

તેણે પાછળ જોતા જ હેલ્મેટધારી બાઈક ચાલક યુવાન ત્યાથી રસ્તો બદલી ભાગી ગયો હતો.


સગીરા કંઇ સમજે તે પહેલા તે ભાગી ગયો હતો. આવા જાહેરમાં થયેલા વર્તનના કારણે તે ગભરાઈને ઘરે જઈ પરિવારને વાત કરી હતી. તેણે ટ્યૂશન જવાની પણ ના પાડી દીધી હતી. આ દરમિયાન આનંદનર પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી હતી.


## CCTVના આધારે પોલીસે આરોપીને ઝડપી પાડ્યો



આ અંગે આનંદનગરના ઈન્ચાર્જ પીઆઈ ડી બી મહેતાએ જણાવ્યુ હતું કે, એમ જી ફાર્મ નજીકના ચાર રસ્તાથી લઈ આ રુટ પરના અનેક સીસીટીવી ફુટેજ મેળવ્યા હતા. આ ફુટેજ આધારે એક બાઈકનો નંબર અને શીવરંજની પાસે આવેલી એક ઈલેક્ટ્રીક કંપની સુધીનો રુટ મળ્યો હતો. પોલીસે હ્યુમન ઈન્ફોર્મેશન આધારે કંપનીમાં કામ કરતો સોહેબ યાકુબભાઈ શેખ ઉ.વ,28 જે પરણીત છે. આરોપીની (રહે. મસ્તાન બાવાની દરગાહ પાસે, મકરબા રોડ, સરખેજ) ની ધરપકડ કરી હતી. સીસીટીવીમાં સ્પષ્ટ દેખાતા તે પોલીસ સમક્ષ પોતાની કરેલી કરતુતનો સ્વીકાર કર્યો હતો. આરોપી ધોરણ 12 સુધી અભ્યાસ કરેલો છે અને તે ઈલેક્ટ્રીક કંપનીમાં માર્કેટીગ વિભાગમાં કામ કરે છે. જોકે સગીરા સાથે જે વર્તન કર્યુ તે પરથી લાગી રહ્યું છે કે, આરોપી સોહેબ આવા ગુના ભુતકાળમાં આચર્યા હશે તે અંગે પણ તપાસ કરી રહ્યા છીએ.

# વ્યાજની ઉઘરાણી કરીને ધમકી આપનાર કોર્પોરેટરના પુત્ર અને ભાગીદારની ધરપકડ





» ‘રાજકારણીઓ અમારા ઓળખીતા છે’ તેમ કહી આપી હતી જાનથી મારી નાખવાની ધમકી

ગુજરાત | વંદન

અમદાવાદમાં વ્યાજખોરો જાણે લૂંટારુ બન્યા હોય તેમ અવારનવાર ફરિયાદ ઉઠી રહી છે. પોલીસનો જાણે ડર જ ન હોય તેમ આ શખ્સો મન ફાવે તેમ વ્યાજ વસુલી લેણદારોની હાલત ખરાબ કરી નાંખે છે. વ્યાજખોર સામે લાલ આંખ કરવા કાયદો હોવા છતા વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીના બનાવ બનતા જાય છે. નિકોલ વિસ્તારમાં રહેતા વેપારીએ ભાજપના ઓઢવ વોર્ડના કોર્પોરેટર અને રિક્રિએશનલ કમિટિના ચેરમેન રાજેશ દવે(રાજુ દવે)ના પુત્ર અંકિત દવે અને તેના ભાગીદાર ગીરીરાજસિંહ ઝાલા પાસેથી 10 ટકા વ્યાજે રૂ. 6.50 લાખ લીધા હતાં. વેપારીએ વ્યાજ સાથે રૂપિયા પરત કરી દીધા હતા છતાં પણ અંકિત દવેના કહેવાથી તેના ભાગીદાર ગિરિરાજસિંહ ઝાલા અવારનવાર વેપારીના ઘરે જઈ અને પૈસાની માગણી કરતો હતો અને ધમકી આપતો હતો. ગીરીરાજસિંહે ધમકી આપી હતી કે અમને ઓળખતા નથી. અમારી પહોંચે ત્યાં સુધી છે, તમામ રાજકારણીઓ અમારા ઓળખીતા છે.

વિગત મુજબ, નિકોલ વિસ્તારમાં આવેલા ક્રિશ ઈલાઈટ રેસિડેન્સીમાં રહેતા વિશાલ સુથારે ગીરીરાજસિંહ ઝાલા અને અંકિત દવે વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, કઠવાડા જી.આઈ.ડી.સી ખાતે મોમાઇ ઈન્ડસ્ટ્રી નામનું વુડન એન્ડ એલ્યુમીનિયમ ડાય બનાવવાનું કારખાનું ધરાવતા વેપારી વિશાલ સુથારે આજથી ચારેક વર્ષ પહેલા ધંધા અર્થે ઓઢવ ખાતે રહેતા મિત્ર ગીરીરાજસિંહ એચ.ઝાલા તેમજ અંકિત દવે પાસેથી 6.50 લાખ રૂપિયા 10 ટકાના વ્યાજે લીધા હતા. વિશાલે સિક્યોરિટી પેટે ત્રણ કોરો ચેક પણ આપ્યા હતા. ત્યારબાદ વિશાલે તારીખ 15-07-2020થી 29-07-2020 સુધીમાં 6.50 લાખ રૂપિયા પરત આપી દીધા હતા.

જો કે ગત રોજ ગીરીરાજસિંહે વિશાલને ફોન કરીને કહ્યું હતું કે અલગ અલગ મહિનાના વ્યાજ સહિત કુલ 15.46 લાખ રૂપિયા લેવાના નીકળે છે, જેથી વિશાલે કહ્યું કે, મારે કોઈ રૂપિયા આપવાના થતા નથી.

ત્યારબાદ એક દિવસ પૈસાની માંગણી કરતા ગીરીરાજસિંહ ઘરે પહોંચી ગયા હતા. દરમિયાન પત્નીએ વિશાલને ફોન કરીને જાણ કરી હતી. વિશાલે ગીરીરાજને કાલે બપોરે મળવા આવશે તેમ કહી રવાના કરી દીધા હતા. જો કે બાદમાં ગીરીરાજસિંહ વિશાલના મોટાભાઈના ઘરે પહોંચી ગયા હતા. જ્યાં ગીરીરાજે વિશાલના ભાઈને કહ્યું કે હું અંકિત દવેના કહેવાથી પૈસા લેવા આવ્યો છું, તે તમે ચૂકવી દો છો કે નહીં ? તમે અમને ઓળખતા નથી અમારી પહોંચ ક્યાં સુધી છે, ભાજપના તમામ રાજકારણીઓ અમારા ઓળખાતી છે, તમે અમારૂ કંઇ નહીં ઉખાડી શકો, તમે અમારી વિરૂદ્ધ કેસ કરશો તો અમે મહિનામાં નિકાલ કરી નાખીશું તેવી ધમકી આપી હતી. મોટાભાઈએ વિશાલને ફોન કરીને આ બાબતની જાણ કરી હતી.

ગીરીરાજસિંહ રાતના સમયે ફરી વિશાલના ઘરે આવ્યો હતો ત્યારે વિશાલની પત્ની ઘરે હાજર હતી, જેથી ગીરીરાજે વિશાલની પત્નીને કહ્યું કે મારા ભાગીદાર અંકિત દવેના લેવાના નીકળતા વ્યાજ સહિતના પૈસા આપાવી દે, નહીં તો મારી પાસે તેના સિક્યોરિટી પેટે આપેલા ચેક છે, જે અલગ અલગ શાખમાં બાઉન્સ કરાવી દઈશ તેમજ તમારા વિરૂદ્ધ ખોટી ફરિયાદ કરી દઈશ. આમ કહીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

પૈસા ચૂકવી દીધા છતાં વધુ 15.46 લાખની માંગણી કરી ત્રાસ આપતા આખરે કંટાળીને વિશાલે નિકોલ પોલીસ મથકમાં આરોપી ગીરીરાજસિંહ ઝાલા તથા અંકિત દવે વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ મામલે નિકોલ પોલીસે ફરિયાદ લઈ બંન્ને આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મુખ્યમંત્રી અને ગૃહમંત્રીએ નૈતિકતાના ધોરણે રાજીનામું આપી દેવું જોઈએ: ઈસુદાન ગઢવી

## લઠ્ઠાકાંડ મામલે આપ પાર્ટી આક્રમક, સરકારને ઘેરી

ગુજરાત | વંદન

ધંધૂકા - બરવાળામાં ઝેરી દારૂ પીવાથી 31નાં મોત થયા છે. લઠ્ઠાકાંડને



લઈ ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ભાજપને આ મુદ્દે ઘેરવાનું શરૂ કર્યું છે. ત્યારે આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ જનરલ સેક્રેટરી ઈસુદાન ગઢવીએ વીડિયોના માધ્યમથી પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ગુજરાતમાં ખુબ જ દુ:ખદ ઘટના ઘટી છે. લઠ્ઠાકાંડના કારણે 31 લોકોના મૃત્યુ થયા છે અને હજી 20 જેટલા લોકો ગંભીર હાલતમાં હોસ્પિટલમાં છે. આ ઘટનામાં સંપૂર્ણ બેદરકારી ભાજપ સરકારની છે. આ ઘટના પરથી ખબર પડે છે કે, ભાજપને સરકાર ચલાવતા આવડતી નથી. લોકોની સુરક્ષા જાળવતા આવડતી નથી. હું ગુજરાતની સલામતી માટે ગુજરાતની જનતા અને આમ આદમી પાર્ટી વતી ગુજરાતના મુખ્યમંત્રી અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીનું નૈતિકતા ધોરણે રાજીનામું માંગુ છું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, બોટાદ, બરવાળા અને અમદાવાદ જિલ્લાના જે ગામોમાં આ ઘટના બની છે, તે ગામના લેટર પેડ પર મહિનાઓ પહેલા લખીને આપ્યું હતું કે, અહીંયા ખુબ દારૂ વેચાય છે. લઠ્ઠાકાંડ થવાની શક્યતાઓ છે, ખુબ ઝગડાઓ થાય છે, છતાંય સરકાર તરફથી તેના વિરુદ્ધ કોઈ પગલાં ભરવામાં આવ્યા નથી. આ ઘટના ગુજરાતમાં પહેલીવાર ઘટી નથી. જ્યારથી ગુજરાતમાં ભાજપનું શાસન આવ્યું છે, ત્યારથી દર વર્ષે લઠ્ઠાકાંડની ઘટના સામે આવે છે.

## પોલીસ સ્ટેશનની બાજુમાં જ તસ્કરો ત્રાટક્યા

# સરદારનગરમાં પરિવાર પહેલા માળે સૂતો રહ્યો અને તસ્કરો ઘર સાફ કરી ગયા

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં તસ્કરો, લૂંટાળુઓ બેફામ બન્યા છે. ચેઈન સ્નેચિંગ, લૂંટની ઘટનાઓ દિન-પ્રતિદિન વધતી જઈ રહી છે. ત્યારે સરદારનગર પોલીસ સ્ટેશનની બાજુમાં જ તસ્કોરો એક મકાનમાંથી હાથ સાફ કરી જતાં સ્થાનિકો અચંબામાં મૂકાયા છે, પરિવાર પહેલા માળે સુતો રહ્યો અને તસ્કરો આરામથી દરવાજો તોડી ઘરમાંથી અંદાજિત રૂપિયા બે લાખની મતાની ચોરી કરીને પલાયન થઈ ગયાની ફરિયાદ એરપોર્ટ પોલીસ મથકે નોંધવામાં આવી છે. જેમાં ચોરી થયેલી મતામાં સોના-ચાંદીના દાગીના અને 70 હજાર રોકડ હતી.

વિગત મુજબ, શહેરના સરદારનગર વિસ્તારમાં આવેલ ભીલવાસ નજીક રમેશ કોલોનીમાં રહેતા સીતાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત રોજ તેમનો પરિવાર જમી પરવારી રાતે ઘરનો મુખ્ય દરવાજો બંધ કરીને રૂમના બીજા માળે સૂતા હતા. દરમિયાન સવારે ઉઠીને જોયું તો ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તુટેલો હતો, ત્યારબાદ ઘરની અંદર પ્રવેશીને જોયું તો તિજોરનો દરવાજો ખુલ્લો હતો, તેમજ માલસામન વેરવિખેર હતા. તિજોરમાં તપાસ કરતા 70 હજાર રોકડ તેમજ અન્ય સોના-ચાંદીના દાગીના ચોરી થઈ ગયા હોવાનું જણાવી આવ્યું હતું. ત્યારબાદ પરિવારે આ મામલે એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

નોંધનિય છે કે, જે જગ્યાએ ચોરી થઈ છે, તેનાથી થોડી દુર સરદારનગર પોલીસ સ્ટેશન આવેલું છે. ત્યારે પોલીસ સ્ટેશનની બાજુમાં તસ્કરો ઘરમાંથી હાથ સાફ કરી જતાં લોકોમાં સલમાતીને લઈ સવાલ ઉભા થયા છે.

## 70 મિનિટમાં કુલ 21 બ્લાસ્ટ, 56 લોકોએ ગુમાવ્યાં હતા જીવ

# વળતર માટે કોર્ટના આદેશને છ મહિના વીત્યાં છતાં હજુ કોઈ અમલ નહીં...



» 2008 સિરિયલ બ્લાસ્ટના પીડિતો હજુ વળતરથી વંચિત

26 જુલાઇ 2008ના રોજ અમદાવાદ શહેરમાં શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકા થયા હતા. આ ઘટનાને 26 જુલાઈ 2022ના રોજ 14 વર્ષ પૂરા થશે. મંગળવારે આ ઘટનાની 15મી વરસી બેસશે. તેને લઈને અસારવા યુથ સર્કલ દ્વારા રવિવારે મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા માટે અસારવા ખાતે આવેલી મહાપ્રભુજી કો.ઓ. હા. સોસાયટીમાં શ્રદ્ધાંજલિ સભા યોજવામાં આવી હતી, જેમાં મૃતકોને તેમના સગાં- સ્વજનો દ્વારા પુષ્પ અર્પણ કરીને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારે હાજર સ્વજનોએ જણાવ્યું હતું કે બોમ્બ બ્લાસ્ટના કેસમાં આજથી છ મહિના પહેલાં ફેબ્રુઆરી-2022ના રોજ કોર્ટે ચુકાદો આપ્યો છે. આ ચુકાદામાં મૃતકના સ્વજનોને એક લાખ તથા ગંભીર ઈજાગ્રસ્તોને 50 હજાર તેમ જ સામાન્ય ઈજા પામેલાઓને 25 હજાર ચુકવવાનો હુકમ કર્યો હતો. આ હુકમને આજે છ મહિનાનો સમય વીતી જવા છતાં મૃતકના પરિવારને કે ઈજાગ્રસ્તોને વળતરની રકમ મળી નહીં હોવાનું તેમણે જણાવ્યું છે.

આજથી 14 વર્ષ પહેલાં સમી સાંજે અમદાવાદ શહેરના મણિનગર, નારોલ, ઈસનપુર, બાપુનગર, ખાડિયા, સિવિલ હોસ્પિટલ તેમ જ સરખેજ વિસ્તાર સહિત 21 સ્થળોએ બોંબ ધડાકાથી શહેરની ધરતી ધણધણી ઊઠી હતી. આ બોમ્બ ધડાકાથી સમગ્ર ગુજરાત જ નહીં બલ્કે વિશ્વમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

આ બોમ્બ ધડાકામાં 56 લોકોના મૃત્યુ થયા હતા. તો હાલના કેબિનેટ મંત્રી પ્રદિપ પરમાર સહિત 246 લોકો ઈજા પામ્યા હતા.

અસારવા યુથ સર્કલના પ્રમુખ તથા સ્થાનિક આગેવાન ગુમાનસિંહ રાજપૂતે જણાવ્યું હતું, ‘અમદાવાદ સિરિયલ બ્લાસ્ટના આરોપીઓ વિરુદ્ધ ગત તા.18-2-2022ના રોજ કોર્ટે ચુકાદો આપ્યો છે. આ ચુકાદાની સાથે કોર્ટે બ્લાસ્ટમાં માર્યા ગયેલાના સ્વજનોને 1 લાખ રૂપિયા તેમ જ ઘાયલ થયેલ વ્યક્તિને 50 હજાર રૂપિયા ચુકવવાનો હુકમ કર્યો હતો, પરંતુ ચુકાદો આવ્યા ને છ મહિના જેટલો સયમ વીતી ગયો હોવા છતાં અસરગ્રસ્તોને એક પણ રૂપિયાની વધારાની સહાય ચુકવવામાં આવી નથી. રાજ્ય સરકારે કોર્ટના હુકમનું સત્વરે પાલન કરી અસરગ્રસ્તોને સત્વરે સહાય ચૂકવવી જોઈએ.’

તેમણે વધુમાં જણાવ્યું હતું, ‘આ કેસના આરોપીઓને સજા તો થઈ. બ્લાસ્ટની ધ્રુજારી પણ શમી ગઈ, પરંતુ મૃતકોના પરિવારની યાતનાના ઘા હજુ રૂઝાયાં નથી. આજે પણ અમદાવાદીઓને તેમ જ ભોગ બનેલાઓના સ્વજનોને તેની યાદ સતાવે છે.’

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



પોટલીકાંડ : કોંગ્રેસની યુવા પાંખ NSUI દ્વારા બુધવારે ગુજરાત યુનિ. ખાતે લઠ્ઠાકાંડના વિરોધમાં પ્રતિકાત્મક દારૂની થેલીઓ ફોડીને દેખાવો કરાયા હતા.



શહીદો અમર રહો : કર્ણાવતી મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા શાહીબાગ ખાતે કારગીલ યુદ્ધમાં શહીદ વીર જવાનોને પુષ્પાંજલિ અર્પિત કરી હતી.



જય દશામા : 28 જુલાઈથી ધાર્મિક પર્વ દશામાના વ્રતની શરૂઆત થઈ રહી છે, આજે બુધવારે શહેરના ગુલબાઈ ટેકરા ખાતે દશામાની મૂર્તિઓની ખરીદી કરતા ભકતજનો નજરે પડે છે



અટલ બંધ : અમદાવાદની શોભા સમાન કાંકરિયામાં ચાલતી અટલ એક્સપ્રેસ હાલ સમારકામના કારણે બંધ છે, નાના ભૂલકાંઓ રાહ જોઈ રહ્યાં છે કે, ક્યારે શરૂ થશે ?

## મંકીપોક્સ દહેશતને પગલે આરોગ્ય તંત્ર સક્રિય

# મંકીપોક્સથી ગુજરાતમાં એલર્ટ! સિવિલમાં ઊભો કરાયો સ્પેશિયલ વોર્ડ

ગુજરાત | વંદન

કોરોના બાદ હવે વિશ્વ મંકીપોક્સ વાયરસ હાહાકાર મચાવી રહ્યું છે. ભારતમાં અત્યાર સુધીમાં 4 મંકીપોક્સ વાયરસનાં દર્દીઓ નોંધાયા છે, જેથી હવે સરકાર એલર્ટ મોડ પર આવી ગઈ છે. WHO એ મંકીપોક્સ વાયરસ મામલે હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. ત્યારે ગુજરાતનું આરોગ્ય ખાતુ પણ એક્ટીવ થઈ ગયું છે.

વિશ્વના 75 દેશમાં અત્યાર સુધીમાં અંદાજે 16 હજાર મંકીપોક્સનાં દર્દીઓ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ભારતમાં 4 કેસ નોંધાયા છે. મંકીપોક્સ વાયરસ મામલે સરકારે ગાઈડલાઈન પણ જાહેર કરી છે. ત્યારે અમદાવાદ




સિવિલ હોસ્પિટલ પણ એલર્ટ થઈ ગયુ છે. હોસ્પિટલ તંત્ર દ્વારા કોઈ કેસ આવે તો વ્યવસ્થા હોય તે માટેના પગલા લેવામાં આવ્યા છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં D9 વોર્ડમાં 8 બેડ તૈયારી દેવાયા છે, જેથી ગુજરાતમાં મંકીપોક્સનો કોઈ કેસ આવે તો તાત્કાલિક સારવાર આપી શકાય છે. તેમજ અન્ય લોકોમાં ચેપ ન પ્રસરી શકે તો તકેદારી રાખવામાં આવે.


અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડોક્ટર રાકેશ જોશીએ આ વિશે કહ્યુ કે, મંકીપોક્સ પ્રાણીઓથી માણસોમાં ફેલાતો વાયરસ છે, કોરોનાની જેમ હવાના માધ્યમથી ફેલાતો નથી. ગુજરાતમાં હજી સુધી એકપણ કેસ કેસ ન નોંધાતા હાલ રાહતના સમાચાર છે. પરંતુ તકેદારીના ભાગરૂપે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તંત્ર એલર્ટ કરાયુ છે. ભવિષ્યમાં 8 બેડનાં બદલે જરૂર પડે તો 18 બેડની સુવિધા ઊભી કરાશે.

તેમણે લોકોને અપીલ કરતા જણાવ્યું કે, કોઈપણ વ્યક્તિને તાવ આવે, શરીર પર ફોલ્લા પડે, ગળામાં દુખાવો થાય તો ડોક્ટરનો સંપર્ક કરવો. બેથી ત્રણ અઠવાડિયામાં મંકીપોક્સનાં લક્ષણો જોવા મળતા હોય છે, કોરોનાની જેમ માસ્ક પહેરવું અને ગાઈડલાઈનનું પાલન કરીશું તો સુરક્ષિત રહી શકીશું.

સાપ્તાહિક ગુજરાત વંદન સંપાદકીય....

# યુવાનોને રમતના મેદાન તરફ વાળીશું તો જ ભવિષ્યમાં સેંકડો નીરજ ચોપરા મેડલ સાથે ઝળકશે...!

અગાઉની લડાઈઓમાં તલવારો અને ભાલાઓનો ઉપયોગ થતો હતો. બંદૂક અને તોપની શોધ પછી લડાઈમાં શસ્ત્રો બદલાયા. ચિત્તોડગઢના મહારાજા મહારાણા વીર પ્રતાપનું શસ્ત્ર જ ભાલો હતું. આજે એ શસ્ત્રો મ્યુઝીયમમાં જોવા મળે છે. પણ ભારતના ખેલાડી નીરજ ચોપરાને ધન્યવાદ કે તેમણે ભાલાને લોકપ્રિય બનાવવાનું કામ કર્યું કહેવાય. ઓલ્મિપિક ટોક્યો-2020માં નીરજે ભાલા ફેંક જેને જેવલીન થ્રો કહેવામાં આવે છે તેમાં ગોલ્ડ મેડલ જીતીને ભારતનું નામ અજવાળ્યું. અને હવે અમેરિકામાં આયોજિત વર્લ્ડ એથ્લેટિક્સમાં ભાલાફેંકમાં સિલ્વર મેડલ જીતીને ભારતના રતમતગમત ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચીને નવી પેઢીના યુવાનોને ખેલકૂદમાં ભાગ લેવા પ્રેરણા આપી છે.



દર ચાર વર્ષે યોજાતી ઓલ્મિપિક રમતોત્સવમાં ભારત હજુ ખૂબ પાછળ છે. આ પ્રકારના વૈશ્વિક રમતોત્સવમાં ચીન, કોરિયા. જાપાન, રશિયા, અમેરિકા અને યુકેના ખેલાડીઓ મેદાન મારી જાય છે. સૌથી વધારે મેડલો ચીન-કોરિયા-જાપાન લઈ જાય છે. તેના કારણોમાં જોઈએ તો ઓલ્મિપિક રમતોત્સવમાં જે રમતો રમાય છે એ રમતોમાંથી કેટલીક રમતો પસંદ કરીને ચીન વગેરે. દેશો શાળામાં ભણતા વિદ્યાર્થીઓને પસંદ કરીને તેને વર્ષો સુધી કઠીન તાલીમ આપીને તૈયાર કરે છે. જે રમત માટે પસંદ કરાયા હોય એ ખેલાડીએ પછી મેડલ ન જીતે ત્યાં સુધી એ જ રમતમાં પારંગત થવુ પડે છે. અને ઓલ્મિપિક રમતોત્સવમાં મેડલ જીતે એટલે તેનું કામ પૂરૂ. એ છાત્ર કે છાત્રાને કઠીનમાં કઠીન તાલીમ આપીને તૌયાર કરીને મેડલ જીતે તે પછી તેનું શું થાય છે તેની કોઈ જાણકારી જાહેર થતી નથી.

અલબત ભારતે કાંઈ આ દેશોની જેમ છાત્ર કે છાત્રાનો મશીનની જેમ ઉપોયગ કરવાને બદલે તેને જેમાં રસ હોય એવી રમતમાં તૈયાર કરવી જોઈએ અને મેડલ જીતે પછી સરકારી નોકરીમાં રાખીને બાકીનું જીવન સન્માનભેર જીવે એવી વ્યવસ્થા થાય તો ભારતના યુવાનોમાં નીરજ ચોપરા જેવા તાકાત છે. ભારતે 2010માં યોજાયેલ કોમનવેલ્થ ગેમ્સમાં 110 મેડલ જીત્યા હતા. પણ ખરી કસોટી વૈશ્વિક સ્તરે યોજાતા રમતોત્સવમાં થાય છે. જેમ કે નીરજ ચોપરાએ વર્લ્ડ એથ્લેટિક્સમાં ભલે સિલ્વર મેડલ જીત્યો પણ તેનું મહત્વ ગોલ્ડ મેડલ જેટલુ કહી શકાય.

ભારતના યુવાનોને ખેલકૂદ પ્રત્યે વાળવાની અને કેળવવાની જરૂર છે. જેમ દેશની સેનામાં અમુક જ રાજ્યોમાંથી વધારે ભરતી થાય છે તેમ રમતગમતમાં પણ અમુક જ રાજ્યોનો દબદબો છે. પણ દેશના દરેક રાજ્યોમાં નીરજ ચોપરા જોવા હોનહાર ખેલાડીઓ પાકે એવુ આયોજન થશે તો અમદાવાદમાં 2038માં આયોજિત ઓલ્મિપિક રમતોત્સવમાં ભારતના સંખ્યાબંધ યુવાનો મેડલો જીતવા સક્ષમ બની શકશે. રમતના મેદાનમાં યુવાનોને વાળવાથી તેઓ તંદુરસ્ત પણ રહેશે, વ્યસનોથી આઘા રહેશે અને શરીરની તંદુરસ્તીની સાથે પોતાના ઘર પરિવારની પણ તંદુરસ્તી જાળવવામાં મદદ કરી શકશે. નીરજ ચોપરાને અભિનંદન. નીરજ ચોપરા રમતગમતના સર્વોચ્ચ પુરસ્કારના હક્કદાર છે.

20 જુલાઇ, 1969ના રોજ માનવીએ સૌ પ્રથમ ચંદ્રની સપાટી પર પગલા પાડ્યાને 53 વર્ષ થયા...

# નીલ આર્મસ્ટ્રોંગે સોનેરી ઈતિહાસ રચ્યો, બીજાઓએ નવા પ્રકરણો ઉમેર્યા..!.

20 જુલાઈ, 1969..20 જુલાઈ, 2022., 53 વર્ષ થયા માનવીને સૌ પ્રથમવાર ચંદ્રની સપાટી પર ડગ માંડ્યાને. એ વખતે આજની પેઢીનો જન્મ નહીં જ થયો હોય પણ આજના સ્માર્ટ મોબાઈલ ફોન અને ઈન્ટરનેટ યુગમાં નવી પેઢી ગૂગલ કે યુટ્યુબ પર સર્ચ કરીને ચંદ્ર ઉપર ઉતરી રહેલા પ્રથમ માનવી અને અમેરિકાના અંતરિક્ષયાત્રી નીલ આર્મસ્ટ્રોંગના વિડિયો ફૂટેજ જોઈ શકે છે. જેને ઘણાં બનાવટી માને છે. 20, જુલાઈ 2022ના રોજ નાસાએ એ સમયની વિગતો મૂકીને, એ સમયે નહીં જન્મનાર આજની પેઢીના લોકોના સામાન્ય જ્ઞાનમાં પણ વધારો કરવા નીલ આર્મસ્ટ્રોંગ બાદ કોણે કોણે ચંદ્રની મુસાફરી કરીને તેની સપાટી ઉપર ચાલવાની તક મળી તેની જાણકારી શેર કરી છે.

જેમણે પ્રથમ ચંદ્ર ઉતરાણના ફૂટેજ જોયા હશે તેમણે જોયુ હશે કે એપોલો 11માં સવાર થઈને ચંદ્ર પહોંચેલા ત્રણ પૈકીના એક અવકાશયાત્રી નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્ર પર સમસ્ત માનવ જાત વતી પ્રથમ પગલુ મૂકીને ત્યાં રહેતા હોય કે ભવિષ્યમાં રહેવા આવનારા હોય તેમના માટેનો સંદેશો આપ્યો- "તે [એક] માણસ માટે એક નાનું પગલું છે, પણ સમગ્ર માનવજાત માટે એક વિશાળ કૂદકો છે," અને ત્યારબાદ અન્ય અંતરીક્ષયાત્રી બઝ એલ્ડ્રિને તેમને ચંદ્રની




અને કેટલા લોકો ચંદ્રની મુસાફરીએ ગયા હશે અને કેટલાને ચંદ્રની સપાટી પર ચાલવાની તક મળી હશે...? નાસા અનુસાર, હકીકતમાં, નવ એપોલો મિશન દરમિયાન, 24 અંતરીક્ષયાત્રીઓ ચંદ્ર પર ગયા હતા, અને તેમાંથી 12 ભાગ્યશાળી ચંદ્રની સપાટી પર ચાલવાની, ટહેલવાની અને અમુક દિવસ રહેવાની (પણ યાનની અંદર જ) તક મળી હતી...!

1961માં, સોવિયેત યુનિયન (આજનું રશિયા) દ્વારા પૃથ્વીની પરિક્રમા કરવા માટે પ્રથમ માણસ, યુરી ગાગરીનને અવકાશમાં મોકલ્યા પછી, અમેરિકાના તત્કાલિન પ્રેસિડેન્ટ જ્હોન એફ. કેનેડીએ જાહેરાત કરી હતી કે યુનાઈટેડ સ્ટેટ્સ દાયકાના અંત સુધીમાં પ્રથમ માણસને ચંદ્ર પર મોકલશે. NASA એ પછીથી મર્ક્યુરી (છ વન-મેન સ્પેસફ્લાઈટ્સ, 1961-63) થી માનવસહિત સ્પેસફ્લાઈટ હતી, જેણે સાધનોનું પરીક્ષણ કરવા માટે પૃથ્વીની 163 વખત પરિક્રમા-પ્રદક્ષિણા કરી હતી.

એપોલો 8 (ડિસેમ્બર 21-27, 1968) ચંદ્રની ભ્રમણકક્ષા પૂર્ણ કરવા અને પૃથ્વી પર સુરક્ષિત રીતે પાછા ફરવા માટેનું પ્રથમ ક્રૂ મિશન હતું. વિલિયમ એન્ડર્સ , ફ્રેન્ક બોરમેન અને જિમ લવેલના તેના ત્રણ સભ્યોના ક્રૂ ચંદ્ર પર જનારા પ્રથમ ત્રણ લોકો હતા, જો કે તેઓ સપાટીની ઉપર ઉતર્યા ન હતા. તેઓ એપોલો 10 (મે 18-26, 1969) ના ત્રણ સભ્યો દ્વારા અનુસરવામાં આવ્યા હતાઃ થોમસ સ્ટેફોર્ડ , જ્હોન ડબલ્યુ. યંગ અને યુજેન સર્નાન , જેમના મિશનને ચંદ્ર ઉતરાણ માટે ડ્રેસ રિહર્સલ તરીકે ગણવામાં આવે છે. સર્નન અને સ્ટેફોર્ડે ચંદ્રની સપાટીની નજીક લ્યુનર મોડ્યુલનું પાયલોટ કર્યું, જ્યારે યંગ કમાન્ડ મોડ્યુલ પર રહ્યા, ચંદ્રની પરિક્રમા કરી અને ત્યારપછીના સૌથી વધુ એપોલો મિશન અનુસરવામાં આવ્યાં.

આખરે એપોલો 11 પ્રથમ ચંદ્ર ઉતરાણનો દિવસ આવ્યો. જેમાં નીલ આર્મસ્ટ્રોંગ ચંદ્ર પર ચાલનાર પ્રથમ વ્યક્તિ બન્યા. ચંદ્ર પર ચાલનાર બીજા વ્યક્તિ, બઝ એલ્ડ્રિન દ્વારા તેને ઝડપથી અનુસરવામાં આવ્યો, જ્યારે માઈકલ કોલિન્સ ચંદ્રની પરિક્રમા કરતા કમાન્ડ મોડ્યુલ પર તેમની ઉપર ફરી રહ્યા હતા.. કોલિન્સ પૃથ્વીના સૌથી નજીકના પાડોશી સુધી પહોંચનાર નવમી વ્યક્તિ હતી.ઐતિહાસિક એપોલો-11 બાદ તરત જ એપોલો 12 (નવેમ્બર 14-24, 1969) મિશનમાં, પીટ કોનરાડ અને એલન બીન ચંદ્રની સપાટી પર લગભગ 32 કલાક ગાળ્યા હતા જ્યારે રિચાર્ડ એફ. ગોર્ડન ચંદ્રની ભ્રમણકક્ષામાં કમાન્ડ મોડ્યુલ ચલાવતા



હતા.


એપોલો 13 (એપ્રિલ 11-17, 1970) એ ચંદ્ર પરનું નિયમિત મિશન હતું, પરંતુ પ્રક્ષેપણના બે દિવસ પછી એક ઓક્સિજન ટાંકી વિસ્ફોટ થઈ, અને. સુરક્ષાના કારણોસર પૃથ્વી પર પાછા ફરવા ઉતરાણ કરવાની યોજના ઝડપથી રદ કરવામાં આવી. જોકે, અવકાશયાનને ચંદ્રની પરિક્રમા કરવાની જરૂર હતી. ત્રણ ક્રૂ મેમ્બર્સ - જિમ લવેલ, ફ્રેડ હાઈઝ અને જેક સ્વિગર્ટ -એ ઊર્જા બચાવવા માટે કમાન્ડ મોડ્યુલ બંધ કર્યું અને કામચલાઉ લાઈફબોટ તરીકે લુનર મોડ્યુલમાં ખસેડવામાં આવ્યા. તેઓએ કાર્બન ડાયોક્સાઈડના ઊંચા સ્તરો, થોડી ગરમી અને અપૂરતા ખોરાક અને પાણીના પુરવઠા સાથે ચંદ્રની ભ્રમણકક્ષામાં લગભગ ચાર દિવસ ગાળ્યા. જોકે ત્રણેય માણસોને ચંદ્ર પર ચાલવાની તક મળી ન હતી, હાઈસ અને સ્વિગર્ટ ત્યાં સુધી પહોંચનારા 13મા અને 14મી વ્યક્તિ બન્યા (લોવેલ એપોલો 8 પર ચંદ્ર પર ગયા હતા). એક કષ્ટદાયક પ્રવાસ પછી, ક્રૂ પૃથ્વી પર સુરક્ષિત રીતે પાછો ફર્યા હતા..

એપોલો 14ના . એલન શેપર્ડ, જેઓ 1961 માં ફ્રીડમ- 7 યાનમાં બેસીને અવકાશમાં મુસાફરી કરનાર પ્રથમ યુએસ અવકાશયાત્રી હતા, તેઓ ચંદ્ર પર ચાલનારા પાંચમા વ્યક્તિ બન્યા હતા અને ઉત્સુક ગોલ્ફર તરીકે, બે ગોલ્ફ

(અનુસંધાન પેજ નં.6 પર)

ધર્મ

# શ્રાવણ મહિનો શરૂ થતાં જ વાતાવરણ થશે શિવમય..



હિંદુ ધર્મમાં શ્રાવણ માસને ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. આ વખતે આ પવિત્ર માસ 29 જુલાઈને શુક્રવારથી શરૂ થાય છે. શ્રાવણને શિવજીનો પ્રિય મહિનો માનવામાં આવે છે. આ મહિનામાં મહાદેવની વિધિપૂર્વક પૂજા કરવાથી તેઓ પ્રસન્ન થાય છે અને પોતાના ભક્તોના જીવનમાંથી તમામ કષ્ટો દૂર કરે છે.

માન્યતાઓ અનુસાર શ્રાવણ મહિનામાં દરેક સોમવારના વ્રત અને રુદ્રાભિષેકનું વિશેષ મહત્વ હોય છે. આ મહિનામાં જે પણ જાતકો સોમવારનું વ્રત રાખે છે અને શિવલિંગની પૂજા કરે છે, ભોલે શંકર તેમની બધી મનોકામનાઓ પૂર્ણ કરે છે.

ભાગવત મહાપુરાણમાં સમુદ્રમંથનની કથા છે. દેવતાઓ અને દાનવોએ જ્યારે સમુદ્ર મંથન કર્યું ત્યારે તેમાંથી હળાહળ વિષ નીકળ્યું. આ વિષ એટલું વિનાશક હતું કે જો તેનું એક ટીપું પણ સૃષ્ટિ પર પડે તો પ્રલય આવી જાય. તેવામાં ભગવાન વિષ્ણુએ દેવતાઓને કહ્યું કે તે શિવજીને મનાવે અને આ વિષનો ઉપાય જણાવે કારણ કે માત્ર તે જ સૃષ્ટિને આ સંકટથી બચાવી શકે છે. દેવતાઓની વાત સાંભળી શિવજીએ હળાહળ વિષ પી લીધું અને તેને પોતાના ગળામાં ધારણ કરી લીધું આ કારણે જ શિવજીનો કંઠ લીલા રંગનું જોવા મળે છે.

વિષ ગળામાં ધારણ કરવાના કારણે જ તેમનું એક નામ નીલકંઠ પણ પડ્યું છે. શિવજીએ વિષ તો પી લીધું પરંતુ તેનો પ્રભાવ તેમના શરીર પર પડવા લાગ્યો. આ જોઈ ભગવાનને ઠંડક મળે તે માટે તેના પર જળ ચઢાવવામાં આવ્યું. જળ ચઢાવવાથી શિવજી પ્રસન્ન થયા અને ત્યારથી જ શિવજી પર જળ ચઢાવવાની પ્રથા પણ શરૂ થઈ. આ કારણથી જ શ્રાવણ માસ પણ શિવજીનો પ્રિય માસ છે. ભક્તો શ્રાવણ માસમાં શિવભક્તિ કરી અને શિવજીનો આભાર માને છે.

મહાઠગની માયાજાળ

# જેલના સંખ્યાબંધ અધિકારીઓ પણ ફસાયા, જેક્લિનવાળા સુકેશ માટે જેલમાં અલગ બેરેક...!

આરોપ:બદલામાં જેલના ડીજી અને અધિકારીઓએ 12 કરોડ વસૂલ્યા, 82માંથી 17ની ધરપકડ





ગુજરાત | વંદન

ભારતમાં જેને 21મી સદીના સૌથી વધુ ચાલાક, હોંશિયાર અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને રૂ. 200 કરોડની ઠગાઈ કરનાર મહાઠગ તરીકે ગણના થાય છે તે સુકેશ ચંદ્રશેખર પાથરેલી લાલચની લાલ જાજમ પર ચાલીને દિલ્હીની તિહાર અને રોહીણી જેલ પર કરોડો રૂપિયાની લોભ-લાલચમાં આવીને એક આરોપીને જેલમાં વાસ્તવિક રીતે મહેલ જેવી સુવિધા પૂરી પાડવાનો દાગ લાગ્યો છે. આરોપી કરોડો રૂપિયાની ઠગાઈ કરીને જેલમાં આવ્યો છે એ જાણ્યા પછી તેને કઈ રીતે ખંખેરવામાં આવે છે અથવા તો કરોડોની ઠગાઈ કરનાર પૈસાના જોરે જેલમાં કેવી કેવી મસ્ત સુવિધા ભોગવે છે અને જેલમાંથી લોકોને ફોન કરીને પોતાનો બેનંબરનો કારોબાર ચલાવે છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ સુકેશ ચંદ્રશેખર છે .નોંધનીય છે કે આ જ મહાઠગની સાથે બોલીવુડની જેક્લિન ફર્નાન્ડીઝના સંબંધો બહાર આવ્યાં અને તપાસ એજન્સીએ મહાઠગે જેક્લિનને આપેલા કરોડો રૂપિયામાંથી 7 કરોડની વસૂલાત કરી છે.

જે વિગતો બહાર આવી છે તે ચોંકાવનારી એ રીતે છે કે, જેલમાં બંધ મહાઠગ સુકેશ ચંદ્રશેખરે તિહાર જેલના વર્તમાન ડીજી સંદીપ ગોયલ પર ધાકધમકી આપીને પૈસા પડાવવાનો આરોપ લગાવ્યો છે...! સુકેશે દિલ્હી પોલીસની આર્થિક અપરાધ શાખા (EOW)ને લેખિત માહિતી આપીને આરોપ લગાવ્યો છે કે જેલના ડીજીએ તેમની પાસેથી 12 કરોડ કરતાં વધુની વધુ રકમ વસૂલ કરી છે. આ મામલામાં દિલ્હી પોલીસે 5-10 નહીં પણ 82 અધિકારીઓ વિરુદ્ધ કેસ નોંધ્યો છે...! ભારતની જેલોના ઈતિહાસમાં કદાજ એ પહેલીવાર હશે કે એક સાથે આટલી મોટી સંખ્યામાંજેલના અધિકારીઓની સામે પોલીસે ફરિયાદ કરી હોય. 82માંથી 19ની ધરપકડ પણ કરવામાં આવી છે. આ અધિકારીઓ પર આરોપ છે કે જ્યારે સુકેશ જેલમાં બંધ હતો ત્યારે તેના આરામ અને સુવિધા માટે જેલ પ્રશાસનના ઘણા કર્મચારીઓ અને અધિકારીઓને મહિને 5000 રૂપિયાથી લાખો રૂપિયા આપ્યા હતા.

અહેવાલો દર્શાવે છે કે, સુકેશ જેલની બેરેકમાં બે મોબાઈલ ફોન, લેપટોપનો ઉપયોગ કરતો હતો. તેના માટે ફાઈવ સ્ટાર હોટલનું ફૂડ અને મોંઘો દારૂ મંગાવવામાં આવ્યો હતો. ફોન દ્વારા જાણવા મળ્યું છે કે દીપક રામાણી, પિંકી ઈરાની અને બી મોહનરાજ સિવાય સુકેશના સંપર્કમાં અન્ય ઘણા લોકો હતા. સુકેશ જેમને પોતાની છેતરપિંડીનો શિકાર બનાવતો હતો તે લોકો પાસેથી આ તમામ સાગરિતો પૈસા લેતા હતા અને સુકેશની સૂચના મુજબ જેલ અધિકારીઓને મોકલી આપતા.

સુકેશના વકીલે દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું છે કે જેલ સત્તાવાળાઓએ 12 કરોડ રૂપિયાથી વધુ પડાવી છે. આ લોકો દર મહિને 1.5 કરોડ રૂપિયા લાંચ લેતા હતા. જેલના સૂત્રોનું એમ પણ કહેવું છે કે સુકેશને એક અલગ બેરેક અને તેમાં તમામ સુવિધાઓ આપવામાં આવી હતી. કોર્ટે 26 જુલાઈ સુધીમાં સુકેશના વકીલ પાસેથી તે તમામ અધિકારીઓ અને કર્મચારીઓના નામની યાદી માંગી છે.

મહાઢગ સુકેશે પૈસાના જોરે અને લાલચો આપીને બોલિવૂડની ઘણી અભિનેત્રીઓ સાથે ઘનિષ્ઠ સંબંધો બનાવ્યાં હતા. જેમાં મૂળ શ્રીલંકાની જેકલીન ફર્નાન્ડીઝ, નોરા ફતેહી સહિત અનેક સેલિબ્રિટી EDના નિશાના પર છે. EDએ અભિનેત્રી જેકલીનની પૂછપરછ કરી. ગયા વર્ષે 30 સપ્ટેમ્બર અને 20 ઓક્ટોબરે જેકલીનની પૂછપરછ કર્યા બાદ ED દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. આ ચાર્જશીટમાં ઘણી નવી બાબતો અને વિગતો દર્શાવવામાં આવી છે.

ED અનુસાર, સુકેશ અને જેકલીન વચ્ચે જાન્યુઆરી 2021માં વાતચીત શરૂ થઈ. તિહાર જેલમાં બંધ હોવા છતાં સુકેશ જેકલીન સાથે ફોન પર વાત કરતો. તેણે જેકલીનને કરોડો રૂપિયાની મોંઘી ભેટ આપી છે. જેમાં 52 લાખની કિંમતનો અરેબિયન ઘોડો, 9-9 લાખ રૂપિયાની 3 પર્શિયન બિલાડીઓ, હીરાના સેટ જેવી મોંઘી ભેટનો સમાવેશ થાય છે. તેણે જેકલીનની માતાને પોર્શ કાર ગિફ્ટ કરી હતી. EDએ આ કેસમાં જેકલીનની 7 કરોડથી વધુની સંપત્તિ જપ્ત કરી છે.

તપાસ એજન્સીની નજરમાં સુકેશ કેવી રીતે આવ્યો તે અંગેની વિગતમાં તે 2017 થી વોચમાં હતો. તમિલનાડુના નેતા ટીટીવી દિનાકરને સુકેશ વિરુદ્ધ દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચમાં છેતરપિંડીનો કેસ દાખલ કર્યો હતો. આ મામલો પાર્ટીના ચૂંટણી ચિન્હ સાથે જોડાયેલો હતો. વાસ્તવમાં, દિનાકરન AIADMKના નેતા હતા, પરંતુ 2017માં તેમને પાર્ટીએ હાંકી કાઢ્યા હતા. દિનાકરન ઈચ્છતા હતા કે AIADMKનું બે પાંદડીનું ચૂંટણી પ્રતિક તેમની પાસે રહે. આ માટે સુકેશે તેની પાસેથી 50 કરોડ લીધા હતા. સુકેશે દિનાકરનને કહ્યું હતું કે તે એક વરિષ્ઠ ચૂંટણી અધિકારીને ઓળખે છે જે આ કામ કરાવી શકે છે. પરંતુ કામ નહીં થતાં સુકેશની સામે કેસ કરાયો હતો.

સુકેશ ટેલિકોમ ટેકનોલોજીનો એટલો બધો જાણકાર અને તેનોએટલો હોશિયાર છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેણે જાણીતી દવાની કંપની રેનબેક્સીના ભૂતપૂર્વ સ્થાપક સાથે અને ફિલ્મ અભિનેત્રીઓના પરિવારનો સંપર્ક કરવા ઈઝરાયેલના નંબરનો ઉપયોગ કર્યો હતો. દિલ્હી પોલીસ એ પણ અલગથી તપાસ કરી રહી છે કે આવું કરવા પાછળનું શું કારણ છે અને તેને જેલની અંદર આ નંબર ક્યાંથી મળ્યો. દિલ્હી પોલીસની તપાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે જેલ સત્તાવાળાઓએ જેલમાં લક્ઝુરીયસ મહેલ જેવી સુખસુવિધાના બદલામાં સુકેશ પાસેથી 20 કરોડ રૂપિયાની તગડી રકમ લીધી હતી..!

મુલાકાત

# "કોઇએ જ્યાં અમસ્તુ પૂછ્યુ કેમ છો, એને આખી કહાણી સુણાવી દીધી"

સાપ્તાહિક ગુજરાત વંદન

જીવન વહેણ

અશોકસિંહ એ. ટાંક

હું બેંકના કામે ગયેલો હતો. બેંકની શાખા નાના ગામડામાં આવેલી છે. મેં ત્યાં આરટીજીએસ કર્યું. આ પ્રોસેસમાં હજી પંદર વીસ મીનીટ લાગે તેવું હતું. બેંકની નાની શાખા હોવાથી ત્યાં અંદર જગ્યા પણ ઓછી હતી. અને કસ્ટમરની ભીડ પણ વધવા લાગી. તેથી હું બેંકની બહાર નીકળી, સામે દીવાલને છાયે મારી બાઈક મૂકેલી હતી ત્યાં ઊભો હતો.

એટલામાં બેન્કનું કામ પતાવી એક ભાઈ બહાર નીકળ્યા. સાદા કપડાં પહેરેલા હતાં. માપસરની ઊંચાઈ,મજબૂત બાંધો ને માથે ટાલ પડી ગયેલી. ટાલની ફરતે સફેદ વાળ હતાં. થોડી દાઢી ચડી ગયેલી હતી. તે પણ સફેદ થઈ ગયેલી હતી. અમે એક જ કેન્દ્રવર્તી શાળામાં નોકરી કરતાં હતાં. છેલ્લાં સાતેક વર્ષથી તે નિવૃત્ત થઈ ગયાં હતાં. મોઢે માસ્ક લગાવેલું હતું. છતાં હું ઓળખી ગયો. મે બૂમ મારી,

" એ સાહેબ આવો ને!".

તે હું જ્યાં ઊભો હતો તે છાયડે આવ્યાં. મારી સામે જોવા લાગ્યાં.

મે પૂછ્યું, "ઓળખાણ પડે છે? " તેણે ઘડીક મને ના ઓળખ્યો. પછી ઓળખી ગયાં.

મેં તેમને તેમની તંદુરસ્તી અને તેમનાં કુટુંબનાં સમાચાર પૂછ્યાં. પહેલાં તો તેણે પોતાનો માસ્ક મોઢેથી હટાવી લીધો. પછી તેણે મારો હાથ દબાવીને પકડી લીધો, ને મારી સામે જોઈ રહ્યાં. સાહેબને કાને સાંભળવાનું થોડું કાચું હતું તેની મને ખબર હતી.એટલે હું જોરથી બોલતો હતો.

સાહેબનાં મોઢાં પર મને મળ્યાનો આનંદ દેખાતો હતો. તેણે ઘડીક રહી વાતની શરૂવાત કરી. અશોકભાઈ, ભાવનગર મહારાજા કૃષ્ણકુમારસિંહજી 1800 પાદરના ધણી હતા. એક ગામના બે પાદર. એમ થઈ તેમની પાસે 900 ગામડા હતા. આપડી પાસે અઢારસો પાદર તો નથી પણ બે મીંડા વગરના અઢાર વીઘા ભો છે. એમ કહી તે હસવા લાગ્યાં. હેય....ને આખો દાડો થાય તેટલું કામ કરીએ ને ભાગીયાને મદદ કરીએ. સવારે સાડા ચારે ઉઠી જવાનું. નાહી ધોઈને અમારાં માતાજીનાં મઢે આરતી કરીઆવું. ત્યાંથી ભોળાનાથને રામજીમંદિર દર્શન કરી આવું. એટલામાં ઘરે બધાં જાગી ગયાં હોય. ચાને બાજરાનો બઢ્ઢો ( રોટલો) ખાઈ લેવાનો. પછી વાડી ભેગાં થઈ જવાનું. ત્યાં થાય તેટલું કામ કરુંને આટા ફેરા મારુ. વાડીએ જ મકાન બનાવેલું છે. ને ત્યાં જ બધાં સાથે રહીએ છીએ. બે ભેંસો રાખું તેને નીરણ પાણી, વાસીદું કર્યા કરું. આમ, બપોર ચડી જાય. બપોરે ઘડીક આડા પડખે થઈ જવાનું. ને સાંજે ચાર વાગે ચા પી ને પાછાં વાડી ભેગાં થઈ જવાનું. તે છેક દિવસ આથમવા આવે એટલે ઘરે જઈ હાથપગ મોઢું ધોઈને ફરી માતાજીનાં મઢે આરતી, શંકર મંદિર, રામજી મંદિર દર્શન કરી. ભેંસો દોહી ને ડેરીએ દૂધ ભરી. વાળું કરી ઘડીક સમાચાર જોઈ પ્રભુનું નામ લઈ સૂઈ જવાનું..

મેં કહ્યું, " વાહ, તમે તો નિવૃત્તિ લાઈફ સારી માણો છો!"

મારું બોલેલું સાંભળ્યું નો સાંભળ્યું તેણે આગળની વાત ચાલુ કરી." મારે પેન્શન રોજનાં નવસો રૂપિયા આવે. મારો છોકરો પણ માસ્તર છે. તેને રોજનાં બે હજાર આવે. ઓણ વાડીએ બધી શીંગ( મગફળી) કરી છે. ૩૦૦ મણ થાશે. ત્રણ લાખની થાશે. એક લાખ ભાગિયો લઈ જાશે, એક લાખ ખર્ચો થશે. ને એકાદ લાખ મળશે. કામ કરીએ એટલે શરીર સારું રે. ને કમાણીની કમાણી.... આખા ઘરને દૂધ ખાતાં વધે તે ડેરીએ ભરી દવ. વરહે દાડે પચાસ હજાર એમાંથી મળી રહે. આપડું ગાડું આમને આમ હાલે." વળી મારી સામે જોઈ હસ્યાં.

વાતનો દોર આગળ વધાર્યો. "મને ૧૯૯૨માં અમારાં નવરાત્રીનાં મંડળનાં પાંત્રીસ હજારની સિલક સાથે કારભાર સંભાળવા આપ્યો, તેનાં મે ૧૪ લાખ કરી દીધાં. ને ગયાં વર્ષે ગામમાં નવું રામજી મંદિર બન્યું તેમાં મંડળનાં નામે અર્પણ કરી દીધાં. " સાહેબની ટાલમાં તડકો આવતો હતો. ટાલમાં પરસેવો વળી ગયો હતો. મેં તેમનો હાથ પકડી છાયડે લીધાં.

" મેં તમને કીધું ને? મારે એક દીકરોને ત્રણ દિકરિયું. બધાં ઘરે બારે ( લગ્ન થઈ ગયેલાં) દીકરાના

(અનુસંધાન પેજ નં.6 પર)



Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

## ભાજપ દ્વારા 'હર ઘર તિરંગા' અભિયાન હાથ ધરાશે

# ટેક્ષ્ટાઈલ નગરી સુરતમાં તૈયાર થઈ રહ્યા છે એક કરોડ તિરંગા

ગુજરાત | વંદન

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વર્ષે 15મી ઓગસ્ટના રોજ 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત હર ઘર તિરંગા ફરકાવવા માટેનું આહવાન કર્યું છે ત્યારે સુરતના એક કપડાં ઉત્પાદકને એક કરોડ જેટલા તિરંગા બનાવવાનું કામ સોંપવામાં આવ્યું છે. આગામી 10 ઓગસ્ટ સુધી આ તમામ તિરંગા તૈયાર કરી દેવામાં આવશે. સુરતની આ મિલમાં બનાવવામાં આવી રહેલ તિરંગા સમગ્ર દેશના અલગ-અલગ રાજ્યો અને શહેરોમાં મોકલવામાં આવશે.

ભારત દેશ આ વર્ષે જ્યારે આઝાદીનું 75મુ વર્ષ ઉજવી રહ્યો છે. જેને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઝાદીકા અમૃત મહોત્સવનું નામ આપ્યું છે. ત્યારે આ કાર્યક્રમ અંતર્ગત નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશના લોકોને એક આહવાન કર્યું છે કે, 15 ઓગસ્ટના દિવસે જ્યારે ભારત દેશ સ્વતંત્રતા દિવસ ઉજવશે ત્યારે દેશના દરેક ઘરો ઉપર તિરંગો લહેરાવો જોઈએ અને તેના માટે જ સમગ્ર દેશમાં અલગ અલગ જગ્યાએ તિરંગાનું ઉત્પાદન શરૂ કરી દેવામાં આવ્યું છે. ત્યારે સુરતના કપડા ઉત્પાદક સંજય સરાવગીને પણ આ અભિયાન અંતર્ગત એક કરોડ જેટલા તિરંગા બનાવવાનું કામ સોંપવામાં આવ્યું છે.

સુરત શહેરના પાંડેસરા વિસ્તાર ખાતે આવેલી સંજય સરાવગીની મિલમાં આ તિરંગાનું ઉત્પાદન શરૂ કરી દેવામાં આવ્યું છે અને આગામી 10 ઓગસ્ટ પહેલા અહીં ઉત્પાદિત થયેલા તિરંગા દેશના અલગ-અલગ રાજ્યો અને શહેરોમાં મોકલવામાં આવનાર છે. ઉલ્લેખનીય છે કે ભાજપના મોટા નેતાઓ અને મોવડી મંડળ તેમજ કાર્યકર્તાઓ દ્વારા હાલ પહેરવામાં આવતી ભાજપની ટોપીનું ઉત્પાદન પણ આ જ કપડાં ઉત્પાદક દ્વારા કરવામાં આવ્યું હતું.



# મિશન 2022 : કેજરીવાલ ફરી ગુજરાતના પ્રવાસે, વેરાવળમાં જંગી જાહેરસભા સંબોધશે

### » પંજાબમાં સરકાર બનાવ્યા બાદ આપની નજર ગુજરાત પર

ગુજરાત | વંદન

દિલ્હી-પંજાબમાં સરકાર બનાવ્યા બાદ આપની નજર હવે ગુજરાત પર છે જેના પગલે આપના સુપ્રીમો કેજરીવાલની ગુજરાતમાં આવન-જાવન વધી ગઈ છે. તાજેતરમાં જ બે દિવસીય ગુજરાત પ્રવાસે આવ્યા હતા ત્યારે ફી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે.

આપના સંયોજક અને દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ ફરીવાર 1 ઓગસ્ટે ગુજરાતની મુલાકાતે આવશે. તેઓ સોમનાથમાં દર્શન કરશે. જે બાદ વેરાવળના કેસીસી મેદાનમાં જંગી જાહેરસભા સંબોધશે . આ જાહેર સભામાં 25 હજારથી પણ વધુ જનમેદની ઉમટી પડશે તેવી વ્યવસ્થાઓ ગોઠવાઈ છે. જે અંગેની માહિતી આમ આદમી પાર્ટી દ્વારા આપવામાં આવી છે.

નોંધનીય છે કે, અરવિંદ કેજરીવાલ વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને સતત ગુજરાત ઉપર નજર રાખીને બેઠા છે. કોંગ્રેસની ગુજરાતમાં નબળી સ્થિતિને ધ્યાનમાં રાખીને અરવિંદ કેજરીવાલ ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં પોતાના તરફેણમાં પરિણામ લાવવા માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે.

તાજેતરમાં જ સુરતના પ્રવાસે આવેલા અરવિંદ કેજરીવાલે ગુજરાત માટે મોટી જાહેરાત કરી હતી. અરવિંદ કરેજરીવાલે



વીજળીના ભાવ ઘટાડવાની ગેરંટી આપી છે. કેજરીવાલે જણાવ્યું કે, ગુજરાતમાં સરકાર બન્યાના 3 મહિનામાં ફ્રી વીજળી આપીશું. દરેક પરિવારને 300 યુનિટ ફ્રી વીજળી મળશે. કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, લોકો માટે હાલમાં મોંઘવારી સૌથી મોટી સમસ્યા છે. તેમણે આગળ કહ્યું કે, અમે જે બોલીએ છીએ તે કરીને બતાવીએ છીએ. અમે ખોટા વચનો નથી આપતા. કેજરીવાલે દાવો કર્યો કે, આમ આદમી પાર્ટી દિલ્હી અને પંજાબની જેમ ભારે બહુમતી સાથે ગુજરાતમાં સરકાર બનાવશે.

# સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
બિઝનેસને લગતી બાબતો ગંભીરતા અને સંપૂર્ણ સામર્થ્ય માંગી લેશે. કાયદાકીય મુદ્દાઓ પણ કાળજી માંગી લેશે. અચાનક જીવનની વાસ્તવિકતા આપની સામે આવી જશે. જેમના માટે આપ આ બધું જ કરી રહ્યા છો તે પરિવારને અવગણશો નહીં. આપનું ભવિષ્ય ઉજ્જવળ છે.

**વૃષભ** (બ.વ.ઉ)
તમે આ અઠડિયે ઘણા વ્યસ્ત રહેશો, પણ તમે પરિવારની દરકાર લેશો. ખરીદી કરશો. નાનો પ્રવાસ કરી સકશો , પણ સૌથી અગત્યનું એ છે કે તમે પૈસાને પ્રેમ કરશો. તમારી દરેક પ્રવૃત્તિમાં નોકરી, ધંધો અને પૈસા ચાલકબળ રહેશે.

**મિથુન** (ક.છ.ઘ)
સમસ્યા સર્જાય તો લાંબા વાર્તાલાપને અંતે તેનું નિરાકરણ થાય. વ્યક્તિગત, ભાવનાત્મક, કે આર્થિક દ્દષ્ટિએ તકલીફ ઉભી ન થાય, તે માટે શાંતિ અને ધીરજ સાથે કામ લેવું. આપની વિકાસયાત્રામાં સંદેશાવ્યવહાર અને સંપર્ક ઘણો મહત્ત્વના છે.

**કર્ક** (ડ.હ)
પરિવારજનો સાથે આનંદ પ્રમોદ કરવાનો તબક્કો છે. આપ તેને પાત્ર પણ છો. આપના પરિવાર માટે ઘણી બધી વસ્તુઓ પાછળ છૂટે હાથે પૈસા ખર્ચશો. આ સમયેગાળા દરમ્યાન થોડા સંવેદનશીલ પણ બનશો. સગા સંબંધી અને મિત્રવર્ગના જૂનાં સ્મરણો માનસપટ પર ઉભરાશે.

**સિંહ** (મ.ટ)
આપનો આનંદનો અને આરામનો સમય પૂરો થઈ રહ્યો છે. દિવાળીમાં મહેનત કરી સફળતા તરફ આગળ વધવા પ્રયાસ કરવાનો છે. બિઝનેસને લગતી બાબતો ગંભીરતા અને સંપૂર્ણ મહેનત માંગી લેશે. કાયદાકીય મુદ્દાઓ પણ કાળજી માંગી લેશે.

**કન્યા** (પ.ઠ.ણ)
નોકરીના કે વેપારના ક્ષેત્રમાં શાંતિ થી રહેવાની જરૂર છે. શું બોલવું અને શું ન બોલવું તે સમજી આગળ વધશો, તો વાંધો નથી. નવી નાણાકીય બાબતો હાથ ધરતા ચેતવું, કારણ કે કોઈ આપની સાથે છેતરપિંડી કરી શકે છે. આર્થિક રીતે દુશ્મનો આપને હાનિ પહોંચાડી શકે છે.

**તુલા** (ર.ત)
આર્થિક દ્દષ્ટિએ તકલીફ ઉભી ન થાય, તે માટે શાંતિ અને ધીરજ સાથે કામ લેવું. જો તમે માર્કેટીંગ કે વેચાણ નાં કામ સાથે સંકળાયેલા હોવ તો, આપની વિકાસયાત્રામાં સંદેશાવ્યવહાર અને સંપર્ક ઘણો મહત્ત્વના છે. આનાથી તમારા વિચારો અને વર્તન માં ઘણું પોઝીટીવ પરિવર્તન આવશે.

**વૃશ્ચિક** (ન.ય)
તમે અંગત અને લાગણીની બાબતોમાં સંડોવાયેલા રહેશો. તમે પરિવારની દરકાર લેશો. ખરીદી કરશો. પ્રવાસ કરશો, પણ સૌથી અગત્યનું એ છે કે તમે પૈસાને પ્રેમ કરશો. તમારી દરેક પ્રવૃત્તિમાં પૈસા ચાલકબળ રહેશે. આ સમયગાળો આનંદન અને આવક માટે શુભ સંકેત બની રહેશે.

**ધન** (ભ.ધ.ફ)
આર્થિક સંતુલન મેળવવા માટે, વિવેકદ્દષ્ટિ જરૂરી છે. અન્યથા તમે નિરાશાવાદી બની જશો અને છેવટે કામ પડતું મૂકશો. તમે રચનાત્મક કાર્યો, નવી આવડતો અને જ્ઞાનને પ્રગટ કરતાં કાર્યો કે શોખ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરશો.

**મકર** (ખ.જ)
અત્યારે તમારા માટે કામ અને દામ , બંને બાબતે સમજદારી અને ટીમવર્ક કેળવવાની જરૂરત છે. તમે કૌટુંબિક પ્રેમમાં મહત્ત્વનો મૂકામ પાર કર્યો હોવાથી તેમે હૃદયથી વધુ નરમ થયા . તમારા સ્વભાવમાં પરિવર્તન આવે, તમને પ્રેમી પાત્રની વધુ નિકટતા પ્રાપ્ત થાય.

**કુંભ** (ગ.સ.શ.ષ)
તમારા માટે આ સફળતાનો સમયગાળો છે. તમારો દ્દષ્ટિકોણ, ભવિષ્ય અંગેના વિચારો અને બુલંદ આત્મવિશ્વાસ એ તમારાં જમા પાસાં રહેશે અને તેને તમે કાર્યાન્વિત કરીને સફળતા હાંસલ કરશો. કામ અને સમયના આયોજનમાં તમારું ડહાપણ ઝળકશે.

**મીન** (દ.ચ.ઝ)
તમારી પ્રતિબદ્ધતા, આત્મવિશ્વાસ અને જવાબદારીઓમાં વધારો થાય. તમારી કાર્યપ્રણાલીમાં વધુ સારા ફેરફારો થાય, જે તમને આર્થિક લાભ તરફ આગળ વધારે. તમારામાં દયાભાવ અને માણસાઈના ગુણો વિકસે અને તેની અસર તમારાં કાર્યો ઉપર પડે. પોતાની સામાજિક અને આર્થિક રીતે પ્રગતિ થતી જોઈ શકાય. માત - પિતા થી લાભ મળી શકે. જરૂર કરતાં વધારે પૈસા મળવાની શક્યતા છે.


### રો-મટીરીયલ પર GST લાગતા રાખડીઓના ભાવમાં થયો વધારો

# રક્ષાબંધનને પણ મોંઘવારી નડી રાખડીમાં 25થી 30 ટકાનો ભાવ વધારો

ગુજરાત | વંદન

ભાઈ બહેનનો પવિત્ર તહેવાર રક્ષાબંધન આગામી 11 ઓગષ્ટના રોજ ઉજવવામાં આવશે ત્યારે બજારોમાં અવનવી રાખડીઓનું વેચાણ શરૂ થઈ ચૂક્યું છે. આ વર્ષે પણ રાખડીઓમાં નતનવીન ડીઝાઈન આવી ગયેલ છે. બહેનોએ ખરીદી શરૂ કરી દીધી છે ત્યારે આ વર્ષે રાખડીના ભાવમાં 25-30% નો ભાવવધારો નોંધાયો છે. જેના કારણે વેપારીઓને મોટો બોજો સહન કરવો પડી રહ્યો છે.

શ્રાવણ સુદ પુનમ એટલે રક્ષાબંધન આ દિવસે બહેન ભાઈને રાખડી બાંધી તેના દીર્ઘાયુની કામના કરે છે. પહેલા રાખડીના સુરજના ગોટા જોવા મળતુ પરંતુ હાલ સમય બદલાતા તેમાં નવી નવી વેરાયટી આવી છે. અનેક સ્થળો પર રાખડીના સ્ટોલ લાગી ગયા છે. કોરોના કાળને બે વર્ષ થયા છતા



હજુ રાખડી ઉદ્યોગ બેઠો થયો નથી. આ વર્ષે કારીગરો કામધંધે ચડયા નથી જેની અસર રાખડીના વેપાર પર જોવા મળી છે. હાલ રૂ.20થી માંડી 150 સુધીની રાખડી બજારમાં ઉપલબ્ધ છે. વેપારીઓએ દોઢ મહિના પહેલા જ માલ મંગાવવાનું શરૂ કરી દીધુ. રાખડીના વેપારીઓ જણાવે છે કે આ વર્ષે બજારમાં મંદી જોવા મળી રહી છે.

એક બાજુ રોમટીરીયલ પર જીએસટી લાગતા 25થી30 ટકા ભાવવધારો લાગુ થયો છે. જે રાખડી 20માં વહેચાતી હતી તે હાલ 30-35માં મળશે જેની અસર ઘરાકીમાં જોવા મળી રહી છે. ગત વર્ષે રક્ષાબંધનના 25 દિવસ પહેલા જેટલી ઘરાકી હતી તેમાં આ વર્ષે 20%નો ઘટાડો થયો છે. ભાવવધારાના કારણે બહેનોનું બજેટ વેરવિખેર થઈ ગયુ છે.

હવે બજેટને ધ્યાનમાં રાખી ખરીદી કરી રહ્યા છે. બહેનોનું બજેટ ઘટી ગયુ છે. મધ્યમ રેન્જવાડી રાખડીની ખરીદી વધુ થઈ રહી છે. આ વર્ષે ભાભીને બાંધવામાં આવતી લુંબા રાખડીમાં અનેક વેરાયટી આવી છે જેમાં જડતર, જેકોમોલી, યુનીકોન, ઈવિલ આઈસ, થ્રીડી પેન્ડલ, એડી પેન્ડલવાળા કપલ સેટ કલકતી રાખડી, મેટલ પેચવાળી રાખડી વેચાય રહી છે. 350થી વધુ ડિઝાઈનવાળી રાખડી બજારમાં ઉપલબ્ધ છે. હાલ રક્ષાબંધનને 25 દિવસ બાકી વેપારીઓને આશા છએ કે રક્ષાબંધનના 10 દિવસમાં ઘરાકી જામશે અને સારો વેપાર થશે.

### સમાજસેવાની સાથે શિક્ષણપ્રેમની અનોખી મિસાલ પૂરી પાડી

# સુરતના PSIને સો.. સો..સલામ, 100 બાળકોને લીધા દત્તક

ગુજરાત | વંદન

સુરતની શાનમાં પોલીસના જવાને વધારો કર્યો છે તેમ કહીએ તો ખોટું નથી કેમ કે, સુરતના સરથાણા પોલીસ મથકમાં ફરજ બજાવતા પીએસઆઈ છેલ્લા ચાર વર્ષથી સમાજ સેવાનું કાર્ય કરી રહ્યા છે એટલું જ નહીં સરકારી શાળાનાં 100 બાળકોને દત્તક લીધાં છે આમ સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મૂળ જૂનાગઢના કેશોદના બળોદર ગામના વતની અને હાલ સુરતના સરથાણા પોલીસ



સ્ટેશનમાં PSI તરીકે ફરજ બજાવતા હરેશભાઈ એલ. જેબલિયા દ્વારા સમાજસેવાની સાથે શિક્ષણપ્રેમની અનોખી મિસાલ પૂરી પાડી છે. એચ. એલ. જેબલિયાએ સૌરાષ્ટ્રના ધારીના દઈડા ગામની સરકારી શાળાનાં 100 બાળકને દત્તક લીધાં છે. આ બાળકોને જ્યાં સુધી ભણવાનું રહેશે ત્યાં સુધી પોતાના ખર્ચે ભણાવશે.ઉપરાંત તેમની કૌટીલ્ય અને બૌદ્ધિક શક્તિનો પણ વિકાસ થાય તે માટે બાળકોને દર મહિને બાળકોને પ્રોત્સાહન માટેના ઈનામ સાથેના કર્યો પણ કરવામાં આવી રહ્યા છે. આ તેમની સમાજ સેવાના કાર્યની બીજાઓને પણ પ્રોત્સાહન મળે માટે ઈન્સ્ટાગ્રામ પર પોતાનું કાર્ય શેર કરી રહ્યા છે. આ માટે તેમની સાથે જુદી-જુદી 35થી વધુ યુવાનોની ટીમ જોડાઈ છે અને આ કાર્ય કરી રહી છે. મોટી વાત તો એ છે કે તેમની સાથેની આ ટીમ પણ તેમના ઈન્સ્ટાગ્રામના સોશિયલ મીડિયાના માધ્યમથી જ બની છે.

# અભિનેત્રી વૃત્તિ ઠક્કરે મોબાઈલ પરત આપી માનવીય મનોવૃત્તિના દર્શન કરાવ્યાં



### મોરબીમાં બાઇકસવારના ખિસ્સામાંથી પડી ગયેલ મોબાઇલ મંદિરે બોલાવી ને વચન સાથે પરત કર્યો

ગુજરાત | વંદન

ગુજરાતી ફિલ્મોની અભિનેત્રી વૃત્તિ ઠક્કરે તાજેતરમાં મોરબીમાં એક્ટિવા પર જઇ રહી હતી, ત્યારે તેની આગળ જઇ રહેલા એક યુવકનો પડી ગયેલો મોબાઇલ લઇને બે કિલોમીટર સુધી તેની પાછળ પાછળ જઇ શહેરના જલારામ મંદિર ખાતે બોલાવીને હવે પછી સ્પીડથી વાહન નહીં ચલાવું એવી ખાતરી મેળવ્યા બાદ યુવકને મોબાઇલ પરત આપીને વૃત્તિએ પોતાની માનવીય મનોવૃત્તિનો હકારાત્મક ઉદાહરણ પૂરુ પાડ્યું હતું.

અહેવાલ અનુસાર, ટાઇલ્સ નગરી મોરબીમાં રહેતી વૃત્તિ પોતાની બહેન રિદ્ધિ વિઠલાણી સાથે એક્ટિવા પર જઇ રહી હતી. દરમિયાન તેની આગળ જઇ રહેલા એક બાઇકસવારના ખિસ્સામાંથી મોબાઇલ પડી ગયો હતો. વૃત્તિએ આ મોબાઇલ લઇને પેલા બાઇકસવારની પાછળ પાછળ બે કિલોમીટર સુધી પહોંચી હતી. દરમિયાનમાં આગળ જઇ રહેલો યુવક ટર્ન લઇને નિકળી ગયો. વૃત્તિ ઠક્કરે યુવકનો ફોન પોતાની પાસે રાખીને સ્વીચ ઓન કરવાનો પ્રયાસ કર્યો કેમકે, પેલા યુવકના ફોન પરથી એક વાહન પસાર થતાં સ્વીચ ઓફ થઇ ગયો હતો. વૃત્તિએ પોતાની પાસે ફોન રાખીને પોતાના મોબાઇલમાં યુવકના મોબાઇલનું સિમકાર્ડ નાખ્યું હતું. દરમિયાનમાં બીજા દિવસે પેલા યુવકે ફોન કર્યો અને કહ્યું કે મારો મોબાઇલ ફોન ખોવાયો છે, અને તમારી પાસે છે ? વૃત્તિએ તેની પાસેથી પુરાવા માંગ્યા અને ક્યાં પડી ગયો તે બાબતે પૂછતાં ખરાઇ કરી જેમાં સાચુ જણાતા યુવકને જલારામ મંદિરે બોલાવી ફોન આપ્યો અને પાસવર્ડ દ્વારા ચાલું કરવાનું કહ્યું. મોબાઇલ ફોન પેલા યુવકનો જ હોવાથી પાસવર્ડ નાખતાં જ ફોન ચાલું થઇ ગયો. અને તેને જલારામ બાપાની સાક્ષીએ વચન લીધુ કે તે હવે પછી બાઇક સ્પીડમાં નહીં ચલાવે.. આમ વૃત્તિ ઠક્કરે એક યુવકનો પડી ગયેલો મોંઘો મોબાઇલ ફોન પરત આપીને માનવીય હાકારાત્મક મનોવૃત્તિ દર્શાવીને સદ્કાર્ય કરી બતાવ્યું. દરમિયાન તેમણે ગુજરાત વંદન સાથેની એક વાતચીતમાં કહ્યું કે, આગામી ફિલ્મ 'મચ્છુ' અને 'હજુ મારે ભણવું છે' ફિલ્મમાં કામ કરી રહી છે. અગાઉ ગુજરાતી 'કોઇ આને પરણાવો', 'જી', 'તૃપ્તિ' જેવી ફિલ્મોમાં અભિનય કરી ચૂક્યા છે. સાથે જ ગુજરાતી સિરિયલ 'સાવજ એક પ્રેમ ગર્જના'માં પણ અભિનયના કામણ પાથર્યા છે.


# ભાજપ નેતા રશ્મિકાંતને ટલ્લી થવું ભારે પડ્યું, પદ ગુમાવ્યું

### » છોટા ઉદેપુરના કાર્યક્રમમાં મહિલા નેતા સાથે કર્યું વણછાજતુ વર્તન

ગુજરાત | વંદન

છોટા ઉદેપુર જિલ્લા ભાજપ પ્રમુખ રશ્મિકાંત વસાવાનું રાજીનામું લઈ લેવામાં આવ્યું છે. રશ્મિકાંત વસાવા ગઈકાલે દારૂ પીધેલી હાલતમાં જાહેર રેલીમાં જોવા મળ્યા બાદ તાબડતોબ ઉચ્ચકક્ષાએથી એક્શન લેવામાં આવ્યા છે. ગઈકાલે છોટા ઉદેપુર જિલ્લામાં મંત્રી નિમિષા સુથાર સાથે રેલી અને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે દરમિયાન મંત્રી નિમિષા સુથારની હાજરીમાં રશ્મિકાંત વસાવા દારૂ પીધેલી હાલતમાં જોવા મળ્યા હતા. આ અંગેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં ધૂમ વાયરલ થયો હતો. જેંને લઈને અનેક સવાલો ઉઠતાં જિલ્લા ભાજપ સંગઠનના મોવડી મંડળ દ્વારા રાજીનામું લઈ લેવામાં આવ્યુ છે.

દેશના રાષ્ટ્રપતિ તરીકે પ્રથમ વખત આદિવાસી મહિલા દ્રૌપદી મુર્મુ ચૂંટાઈ આવતા આ અવસરના ભાગરૂપે છોટાઉદેપુર જિલ્લાના ઝોઝ ગામે એક કાર્યક્રમ યોજાયો હતો. ઝોઝ ગામે આયોજિત આ કાર્યક્રમમાં છોટાઉદેપુર જિલ્લા પ્રભારી અને આરોગ્ય રાજ્યમંત્રી નિમિષાબેન સુથાર, જિલ્લા ભાજપ પ્રમુખ રશ્મિકાંત વસાવા સહિત અનેક નેતાઓ અને આગેવાનોએ હાજરી આપી હતી. આ દરમિયાન છોટાઉદેપુર જિલ્લા ભાજપ પ્રમુખ રશ્મિકાંત વસાવા દારૂના નશામાં



જોવા મળ્યા હતા. જેમાં રશ્મિકાંત વસાવા નશાની હાલતમાં લથડિયા ખાતા દેખાયા હતા. ઉપરાંત અશોભનીય વર્તન પણ કર્યું હતું. તથા સ્ટેજ પર ઘસઘસાટ ઊંઘતા પણ ઝડપાયા હતા.

## શબ્દોની સંતાકૂકડી 20 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | ■ | 3 | | 4 |
| | ■ | 5 | | | ■ | |
| 6 | 7 | | ■ | 8 | 9 | |
| ■ | | ■ | 10 | ■ | | ■ |
| 11 | | | ■ | 12 | ■ | 13 |
| ■ | | ■ | 14 | ■ | 15 | |
| 16 | ■ | 17 | | | | |

**ઊભી ચાવી**

(1) હવાઈજહાજ [3]
(2) ટપાલી લાવે [3]
(3) પારસીઓ દૂધમાં ..... જેમ ભળી ગયા [3]
(4) એક ઈમારતી લાકડું [3]
(7) લોકોક્તિ [4]
(9) દેવું [2]
(13) સહાય [3]
(14) પ્રેમ, સ્નેહ [2]
(15) નોકર [2]

**આડી ચાવી**

(1) એક ભારતીય ક્રિકેટર [3]
(3) ગરમ વસ્તુ પકડવા વપરાય [3]
(5) એક ભાજી [3]
(6) ..... ને અક્કલ ન હોય [3]
(8) ગણતરીવાળો ચોક્કસ આંક કે સંખ્યા [3]
(10) જવુંનું અંગ્રેજી [1]
(11) સિંહ [3]
(12) માથામાં થતી એક જીવાત [1]
(15) ઈન્સાફ, ન્યાય [2]
(16) એક રમત [1]
(17) સરદાર પટેલ આ ગામના વતની હતા [5]

**શબ્દોની સંતાકૂકડી-19નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 વા | મ | 2 ન | ■ | 3 જા | 4 વ | 5 ક |
| દ | ■ | 6 મ | ગ | ■ | 7 રુ | ક્ષ |
| ■ | 8 શ્વા | ન | ■ | 9 ક | ણ | ■ |
| 10 ઘા | સ | ■ | 11 મા | દા | ■ | 12 મા |
| ટ | ■ | 13 સ | મ | વ | 14 ય | સ્ક |
| ■ | 15 ર | જા | ■ | 16 ર | કા | ■ |
| 17 પા | ટ | ■ | 18 વી | ■ | 19 ર | મી |

**શબ્દોની સંતાકૂકડી-20 નો ઉકેલ આવતા અંકે**

## કોયડો નં. 22 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | | | 2 | | 6 |
| 6 | 7 | | 5 | | | | | |
| | | 1 | | 3 | | | 7 | |
| | 6 | | | | 1 | | | |
| | 2 | | | | 7 | 1 | 6 | 5 |
| 9 | | 8 | 3 | 6 | | 4 | 2 | 7 |
| | | | | | | | 3 | |
| 1 | | 9 | | | 3 | 7 | | |
| | 4 | | 7 | 2 | 9 | | | |


ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-22નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 3 | 5 | 1 | 7 | 4 | 2 | 9 | 6 |
| 6 | 7 | 4 | 5 | 9 | 2 | 3 | 1 | 8 |
| 2 | 9 | 1 | 8 | 3 | 6 | 5 | 7 | 4 |
| 5 | 6 | 7 | 2 | 4 | 1 | 9 | 8 | 3 |
| 4 | 2 | 3 | 9 | 8 | 7 | 1 | 6 | 5 |
| 9 | 1 | 8 | 3 | 6 | 5 | 4 | 2 | 7 |
| 7 | 5 | 2 | 4 | 1 | 8 | 6 | 3 | 9 |
| 1 | 8 | 9 | 6 | 5 | 3 | 7 | 4 | 2 |
| 3 | 4 | 6 | 7 | 2 | 9 | 8 | 5 | 1 |

## 23 વર્ષ પહેલા થયેલા કારગિલ યુદ્ધમાં ભારતનો પાક. સામે થયો હતો ઝળહળતો વિજય

# શૌર્યના 23 વર્ષ: જ્યારે ભારતીય શૂરવીરોએ જીત્યું હતું દુનિયાનું સૌથી મુશ્કેલ યુદ્ધ





ગુજરાત | વંદન

23 વર્ષ પહેલા કારગિલની પહાડીઓ પર ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું હતું. પાકિસ્તાની સૈનિકોએ કારગિલની ઉંચી પહાડીઓ પર ઘૂસણખોરી કરીને પોતાનું ઠેકાણુ બનાવી લીધું હતું અને તે રીતે આ યુદ્ધની શરૂઆત થઈ હતી. ભારતીય સેનાને આ અંગે કોઈ સંદેશો પણ નહોતો આવ્યો, પરંતુ જ્યારે ભારતીય જવાનોને ખબર પડી તો તેમણે પાકિસ્તાની સેનાના જવાનોને ખદેડી દીધા હતા અને કારગિલની ચોટીઓ પર તિરંગો લહેરાવી દીધો હતો.

કારગિલ યુદ્ધની શરૂઆત મે મહિનામાં થઈ હતી અને તેના માટે ભારતીય સેનાએ ઓપરેશન વિજય ચલાવ્યું હતું. 26 જુલાઈ, 1999ના રોજ તે સમયના વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ આ યુદ્ધમાં ભારતના વિજયની જાહેરાત કરી હતી. ત્યારથી દર વર્ષે 26 જુલાઈને વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ભારતને મે મહિનામાં પાકિસ્તાનની આ હરકતની જાણ થઈ હતી પરંતુ દુશ્મને તો અનેક મહિના પહેલાથી તેની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. નવેમ્બર 1998માં પાકિસ્તાની સેનાના એક બ્રિગેડિયરને કારગિલ સેક્ટરની રેકી કરવા મોકલવામાં આવ્યો હતો. તેના રિપોર્ટના આધારે જ સમગ્ર પ્લાનને અંજામ આપવામાં આવ્યો હતો.

જાન્યુઆરી 1999માં પાકિસ્તાનના સ્કર્દૂ અને ગિલગિટ ખાતે તૈનાત ફ્રન્ટિયર ડિવિઝનના જવાનોની રજા રદ્દ કરી દેવામાં આવી હતી. પાકિસ્તાનનો તે હિસ્સો પણ ઉંચી પહાડીઓવાળો હતો. ઠંડી દરમિયાન તે લોકો પણ પોતાની ચોકીઓ છોડીને રજા માણવા ઘરે જતા રહેતા હતા.

શરૂઆતમાં 200 જવાનોને સિવિલ ડ્રેસમાં ભારતીય સરહદમાં મોકલવામાં આવ્યા હતા. પરંતુ જ્યારે ખબર પડી કે ત્યાં ભારતીય સેનાનો કોઈ જવાન નથી તો વધુ જવાનોને બોલાવવામાં આવ્યા. ઠંડીના અંત સુધીમાં તો 200થી 300 વર્ગ કિમી ક્ષેત્ર પર પાકિસ્તાને કબજો મેળવી લીધો હતો.

મે 1999 સુધી ભારતને પાકિસ્તાની ઘૂસણખોરોની આ હરકત અંગે ખબર જ નહોતી પડી. ત્યાર બાદ એક દિવસ પશુપાલકો જ્યારે ત્યાં સુધી પહોંચ્યા તો તેમને કેટલાક હથિયારબંદ લોકોએ ભારતીય ચોકીઓ પર કબજો જમાવ્યો હોવાની જાણ થઈ હતી. તેમણે પાછા આવીને ભારતીય સેનાને આ અંગે જાણ કરી હતી.

8 મે, 1999ના રોજ આ યુદ્ધની શરૂઆત થઈ હતી. ભારતીય જવાનોએ પણ ઉંચાઈ પર પહોંચવાનું શરૂ કરી દીધું હતું અને પછી ઓપરેશન વિજયની શરૂઆત થઈ હતી. આ યુદ્ધમાં ભારતીય સેનાની સાથે સાથે વાયુસેનાએ પણ મોરચો સંભાળ્યો હતો. ભારતીય સેના માટે એક મુશ્કેલી એ હતી કે તેઓ નીચે હતા અને ઘૂસણખોરો ઉંચાઈ પર હતા, જોકે તેમ છતાં ભારતીય સેના તેમને ખદેડીને આગળ વધી હતી. આખરે 26 જુલાઈ, 1999ના રોજ કારગિલમાં ભારતીય તિરંગો લહેરાવી દીધો હતો.

કારગિલ યુદ્ધમાં પાકિસ્તાનના 600 કરતા વધારે સૈનિકો માર્યા ગયા હતા અને 1,500 કરતા વધારે સૈનિકો ઘાયલ પણ થયા હતા. આ તરફ ભારતીય સેનાના 562 જવાનો શહીદ થયા હતા અને 1,363 જવાનો ઘાયલ થયા હતા. વિશ્વના ઈતિહાસમાં કારગિલ યુદ્ધ વિશ્વના સૌથી ઉંચા ક્ષેત્રોમાં લડવામાં આવેલા યુદ્ધની ઘટનાઓમાં સામેલ છે. 2 મહિના કરતા વધારે સમય સુધી ચાલેલા આ યુદ્ધમાં ભારતીય સેનાએ પાકિસ્તાની સેનાને મારીને ભગાવી હતી. આખરે 26 જુલાઈના રોજ અંતિમ ચોટી પર પણ વિજય મળ્યો હતો અને તે દિવસ કારગિલ વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

અનુસંધાન પેજ 1 પરથી...

### વિપક્ષમાં ખુશી...

અનુસાર ચૂંટણીઓ યોજાય તો તેના 140 દિવસ પહેલાં થયેલા લઠ્ઠાકાંડને કારણે આપ પાર્ટી અને કોંગ્રેસ દ્વારા તેમાંથી મહત્તમ પોલીટીકલ માઈલેજ લેવાનું શરૂ કરાયું છે. યોગાનુયોગ આપ પાર્ટીના અરવિંદ કેજરીવાલની અગાઉથી નિર્ધારિત ગુજરાત મુલાકાત ટાણે જ લઠ્ઠાકાંડથી તેમણે એક મિનિટ પણ ગુમાવ્યાં વગર હોસ્પિટલ પહોંચી ગયા. આરોપોના મારો ચલાવ્યો તો કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર પણ તાબડતોડ પિડિત ગામોમાં ફરી વળ્યા અને શક્તિસિંહ ગોહિલ પણ ભાજપની સામે મેદાનમાં ઉતર્યા છે.

સામાપક્ષે ભાજપ હાલમાં આક્રમક નહીં પણ રક્ષણાત્મક સ્થિતિમાં આવી ગયું છે. કેમ કે જેને બરવાળા લઠ્ઠાકાંડ નામ આપવામાં આવ્યું છે એવા આ કાંડમાં મિથાઈલ આલ્કોહોલ પીને અત્યારસુધીમાં 55 કરતાં વધારે લોકોના મોત થયા છે. 2-5 લોકોના મોત થયા હોત તો સરકાર અને સંગઠન દ્વારા મામલો સંભાળી લેવાયો હોત. પણ આંકડો વધારે હોવાથી ભાજપમાં ટેન્શન પણ વધી ગયું છે અને ડેમેજ કન્ટ્રોલના ભાગરૂપે સરકારે પોલીસને આગળ કરીને લઠ્ઠાકાંડને કેમિકલ કાંડ એવુ નામ આપ્યું છે. દારૂનો ઉપયોગ નહીં થયો હોવાનું પૂરવાર કરીને સરકાર માનવતાના ધોરણે મૃતકોના પરિવારને 2 કે 5 લાખની સહાય આપીને રોષને શાંત કરવાનો પ્રયાસ કરી શકે.

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ઠાકોરે એક વાતચીતમાં દાવો કર્યો કે વિધાનસભાની આગામી ચૂંટણીમાં ભાજપને 70 જ બેઠકો મળવાનો આઈબી રિપોર્ટ હતો. અને તેથી ભાજપના નેતાઓએ પ્રચાર ઝૂંબેશ આરંભી પણ 50 કરતાં વધારે લોકોને ભરખી જનાર ગોઝારા લઠ્ઠાકાંડમાં સરકાર, પોલીસ અને ભાજપની નિષ્ફળતાને કારણે બેઠકો ઘટે તો નવાઈ નહીં. કેમ કે ગુજરાત માટે લઠ્ઠાકાંડ એક ખૂબ જ સંવેદનશીલ મુદ્દો રહ્યો છે. ભાજપ અને પોલીસ લઠ્ઠાકાંડને દબાવવા ગમે તેટલા પ્રયાસો કરે કે કેમિકલ કાંડ નામ આપે પણ તે એક લીપાપોતી જ છે. ગુજરાતમાં ગેરકાયદે દારૂના ધંધામાં ભાજપની 30 ટકાની ભાગીદારી છે. ભાજપના છોટાઉદેપુરના જિલ્લા પ્રમુખ રશ્મિકાંત વસાવાને કેમ પદ પરથી દૂર કરવો પડ્યો..? તેઓ ક્યુ કેફી પીણુ પીને આવ્યાં હતા..? આ જ ભાજપનો અસલી ચહેરો છે.

જ્યારે કોંગ્રેસના રાજ્યસભાના સિનિયર સાંસદ શક્તિસિંહ ગોહિલે કહ્યું કે તેઓ સંસદના વર્તમાન સત્રમાં ગુજરાતનો આ મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કરશે.

જ્યારે આપ પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ સાગર રબારીએ એક વાતચીતમાં કહ્યું કે છેલ્લાં 27 વર્ષમાં ભાજપે ગુજરાતને કેવુ શાસન આપ્યું તેનો તાજો પુરાવો આ લઠ્ઠાકાંડ છે. 2009માં પણ ભાજપ સરકારમાં જ થયેલા લઠ્ઠાકાંડમાં 135 લોકોના મોત થયા હતા. અમારી પાર્ટી ભાજપ સરકારની આ ઘોર નિષ્ફળતાનો મુદ્દો લોકોની વચ્ચે લઇ જઇશું. લઠ્ઠાકાંડને કેમિકલ કાંડ કહેવાથી ભાજપ અને સરકાર છટકી શકે તેમ નથી. વાસ્તવમાં તો તેને કેમિકલ કાંડ કહીને ભાજપ બુટલેગરો અને પોલીસને બચાવવાનો બાલિશ પ્રયાસ કરી રહી છે. પણ લોકો તેને સમજી રહ્યાં છે.

દરમ્યાન, રાજકીય નિરીક્ષકો લઠ્ઠાકાંડનું સર્વગ્રાહી રીતે એવુ મૂલ્યાંકન કરી રહ્યાં છે કે ચૂંટણીઓ ખૂબ જ નજીક હોવાથી લઠ્ઠાકાંડની અસર જોવા મળશે. કેમ કે બન્ને વિરોધપક્ષો કોંગ્રેસ અને આપ પાર્ટી ચૂંટણી સુધી આ મુદ્દાને જીવંત રાખવામાં કોઇ કચાશ નહીં રાખે. ઉપરાંત મરનારાઓની સંખ્યા વધારે હોવાથી તેની તીવ્રતા વધી ગઇ છે. સોશ્યલ મિડિયામાં પણ ભાજપવિરોધી કેટલાક પરિબળો તેને એક યા બીજી રીતે ટ્રેન્ડમાં રાખવાનો પ્રયાસ કરશે.

ગઇ વખતની ચૂંટણીમાં કોઇ લઠ્ઠાકાંડ કે કોરોના નહોતુ. છતાંયે ભાજપને 182માંથી 99 બેઠકો જ મળી શકી હતી. કુલ મતદાન 3 કરોડમાંથી ભાજપને 49.1 ટકા મતો સાથે 2012 કરતાં 16 બેઠકો ઓછી મળી હતી. તો કોંગ્રેસને 2012ની 61 બેઠકોમાં 16 બેઠકોના વધારા સાથે 77 બેઠકો અને કુલ મતદાનના 12,438,937 (41.4 ટકા) મતો મળ્યા હતા. જ્યારે ભાજપને 14,724,427 મતો મળ્યાં હતા. આ વખતે ભાજપ સરકારની સામે કોરોનાની કથિત નિષ્ફળતા ઉપરાંત લોકોમાં અત્યંત સંવેદનશીલ લઠ્ઠાકાંડનો મુદ્દો પડકારરૂપ બને તેમ છે. નિરીક્ષકો કહે છે કે કોરોનાને રોકવુ સરકારના હાથમાં નહોતુ પણ નશાબંધીના કડક અમલવારી સરકારના હાથમાં છે. પરિણામે ભાજપ સંગઠનમાં પ્રજાની વચ્ચે જતાં પહેલાં તેનો કઇ રીતે જવાબ આપવો તેની મથામણ શરૂ થઇ છે. જેમાં એક જવાબ કે આ લઠ્ઠાકાંડ નથી પણ કેમિકલ કાંડ છે...!

### લઠ્ઠાકાંડ વચ્ચે આજે...

સાથે મુલાકાત કરશે. તેના બાદ તેઓ જંગી જનસભાને સંબોધન કરશે. કાર્યક્રમ બાદ પીએમ મોદી ગુજરાતથી સીધા ચેન્નાઈ જવા રવાના થશે.

વડાપ્રધાન મોદીના ગાંધીનગરના કાર્યક્રમની વાત કરીએ તો GIFT સિટીની પણ મુલાકાત લેશે. GIFT સિટીની શરુઆત ગાંધીનગરના મહાત્મા મંદિરથી કરવામાં આવી હતી. જે પછી આખો નવો યુગ શરુ થયો છે. વડાપ્રધાન ગાંધીનગરમાં બુલિયન એક્સચેન્જની પણ મુલાકાત લેવાના છે.

### મંકીપોક્સને લઈને...

વિદેશ પ્રવાસનો રેકોર્ડ મળી ગયો છે. આ જ હોસ્પિટલમાં મંકીપોક્સના અન્ય એક દર્દીની સારવાર ચાલી રહી છે. આમ દેશમાં મંકીપોક્સના કેસો વધતાં લોકોમાં ફફડાટ ફેલાયો છે. ઉલ્લેખનીય છે કે, હાલ કેરળમાં ત્રણ અને તેલંગાણામાં એક શંકાસ્પદ દર્દીની સારવાર ચાલી રહી છે. જેઓના સેમ્પલ પુણેની લેબમાં મોકલવામાં આવ્યા છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં મંકીપોક્સનો એક પણ કેસ નોંધાયો નથી છતાં પણ આગોતરા આયોજનના ભાગરૂપે તૈયારીઓ સાથે આરોગ્ય વિભાગ સંપૂર્ણપણે સજ્જ છે. વિશ્વના કેટલાક દેશો દ્વારા મંકીપોક્સ રોગના લક્ષણો, સારવાર સંબંધિત એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. જેના પરથી તારણ કાઢી શકાય છે કે મંકીપોક્સથી ગભરાવવાની જરૂર નથી પરંતુ સાવચેતી જરૂરથી રાખવી જોઈએ. મંકીપોક્સ એક વાયરલ ઝૂનેટિક રોગ છે. જે મુખ્યત્વે મધ્ય અને પશ્ચિમ આફ્રિકાના ઉષ્ણકટિબંધિય વરસાદી જંગલોમાં જોવા મળે છે. પ્રસંગોપાત અન્ય પ્રદેશોમાં સંક્રમણ પામે છે.

### સતત ત્રીજી..

રહ્યા છે તેમની EMI મોંઘી થઈ જશે. તમને જણાવી દઈએ કે આ પહેલા બે મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં આરબીઆઈએ રેપો રેટમાં 90 બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. હાલમાં રેપો રેટ 4.90 ટકા છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### લઠ્ઠાકાંડથી રાજકારણ...

ધરાવતા ગુજરાતમાં દારૂ સરળતાથી અને છડેચોક મળી જ જાય છે. દારૂબંધી માત્ર કાગળ પર છે અને તેનો કોઇ અમલ થતો નથી. લઠ્ઠાકાંડ ગુજરાત માટે નવો નથી ભુતકાળમાં પણ અનેક આવા કિસ્સા બન્યા છે. તેઓએ મૃતકો તથા અસરગ્રસ્તો માટે સાંત્વના પણ પાઠવી હતી. સાંજે અસરગ્રસ્ત પરિવારોને રૂબરૂ પણ મળશે.

ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ પણ આક્રમક મિજાજ દર્શાવતા એમ કહ્યું કે, રાજય સરકારે નિમેલી કમીટી પર ભરોસો નથી અને નિર્લિપ્ત રાયના વડપણ હેઠળ તપાસ યોજવાની માંગ કરી હતી. એટલું જ નહીં દારૂનું વેચાણ અટકાવવામાં નિષ્ફળ ગયેલા આઈપીએસ સહિતના અધિકારીઓ સામે પગલા લેવાની માંગ કરી હતી.

બીજી તરફ બે કેબીનેટ પ્રધાનો મંગળવાર બપોરે જ ભાવનગર પહોંચી ગયા હતા. શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ લઠ્ઠાકાંડની ઘટનાને દુઃખદ ગણાવતા એવો બચાવ કર્યો હતો કે અત્યારનો સમય રાજકીય આરોપો મુકવાનો કે રાજકારણ રમવાનો નથી રાજ્ય સરકાર આ ઘટના બાદ તુર્ત એકશનમાં આવી જ ગઇ છે અને લઠ્ઠાકાંડના અસરગ્રસ્તોની સારવાર સહિતની કાર્યવાહી યુધ્ધના ધોરણે શરૂ કરી છે.

ઉપરાંત સમગ્ર ઘટના અંગે તાત્કાલીક સીટની પણ રચના કરી દેવામાં આવી છે. જવાબદારો સામે કડકમાં કડક પગલા લેવામાં આવશે તે પ્રતિબધ્ધતા છે. આ તકે ઋષિકેશ પટેલે પણ કહ્યું કે અમદાવાદથી ટીમ મોકલવામાં આવી છે. સમગ્ર ઘટનાને રાજ્ય સરકારે અત્યંત ગંભીરતાથી લીધી છે અને જવાબદારોને છોડવામાં નહીં આવે, કડકમાં કડક સજા કરાશે.તો બીજી તરફ લઠ્ઠાકાંડની ઘટનાને લીધે સારવાર લઇ રહેલા અસરગ્રસ્ત દર્દીઓ તેમજ તેમના પરિવારજનોની ભાવનગર સીવીલ હોસ્પીટલ ખાતે શિક્ષણ મંત્રી જીતુભાઇ વાઘાણી તથા આરોગ્ય મંત્રી ઋષિકેશભાઇ પટેલ ભાવનગરની સર.ટી હોસ્પિટલ દર્દીઓની મુલાકાત લીધી હતી.

### પુરવઠા વિભાગના...

આરોપી ભુપેન્દ્ર ચૌધરીના નામે 1,65,000 રૂપિયાની લાંચની માંગણી ખાનગી વ્યકિત આરોપી અબ્દુલ રઝાક ઉર્ફે રાજુભાઇ દિલાવરભાઇ ચૌહાણ એ કરી હતી. જે લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા નહોતા. તેથી તેમણે એસીબી કચેરીનો સંપર્ક કર્યો હતો.

જે અંતર્ગત એસીબીએ છટકુ ગોઠવીને ભુપેન્દ્ર ચૌધરી તથા અબ્દુલ રઝાક ઉર્ફે રાજુ ચૌહાણની પાલડી ખાતેથી ફરીયાદી સાથે લાંચની માંગણી કરતા અને લાંચની રકમ રૂપિયા 1,35,500 સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. બંને આરોપીઓની એસીબીએ અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સ્મૃતિ ઇરાનીએ પાક્કા...

નેતાના નિવેદનોને બિટવીન ધ લાઈન્સ વાંચીને અનેક અર્થ ભલે કાઢે કે તેઓ નારાજ છે પણ હાઈકમાન્ડ સામે તેઓ શેકેલો પાપડ પણ ભાંગી શકે તેમ નથી. ગડકરીને ટલુ બધઝુ લાગી આવતુ હોય તો સત્તાને કહી દેવુ જોઇએ- હમ તો જાતે અપને ગાંવ, સબ કો રામ રામ..પણ એવુ નથી કરતાં એટલે માયને યે હૈ કી ઉન્હે ભી સત્તા શહદ કી તરહ વાઉં..યમી યમી લગ રહી હૈ...!

રહી વાત રાજનાથસિંગની તો એમને એવુ લાગ્યુ હશે કે પાણી પહેલા પાળ બાંધીએ. તેમનો પુત્ર પણ રાજકારણમાં છે, અને યુપી વિધાનસભાના ધારાસભ્ય છે. અને કોંગ્રેસવાળા કાંઇ આડુઅવળુ બોલે કે કરે તે પહેલા નેહરૂના વખાણ કરીએ તો વાંધો નહીં આવે....? જો જો ક્યાંક એવા મથાળાં ન બને- રાજ થયા નારાજ....ગડકરીએ ભારે કરી..?

### શું ફરીને દિવસો આવ્યાં લઠ્ઠાના...? ચૂંટણીના વર્ષમાં જ લઠ્ઠાવાળાઓને આ સુઝ્યું..? હવે જેલમાં સબડો..!

2009માં અમદાવાદમાં સૌથી મોટો લઠ્ઠાકાડ સર્જાયો હતો. હાલમાં બરવાળા લઠ્ઠાકાંડમાં 31 કરતાં વધારે માર્યા ગયા પણ એ વખતે 150 લોકો ઝેરી દારૂ-લઠ્ઠો પીને મોટને ભેટ્યા હતા. સરકારે તાત્કાલિક કાયદો બનાવ્યો-લઠ્ઠો વેચનારને ફાંસી. આરોપીને 10-10 વર્ષની સજા થઇ. બરવાળા લઠ્ઠાકાંડવાળાને ફાંસી મળે તો ગુજરાતમાં કદાજ ફરીથી લઠ્ઠાકાંડ નહીં થાય. જો કે એની પણ કોઇ ખાતરી તો નથી જ કેમ કે ગુજરાતમાં નશાબંધી છે અને જ્યાં નશાબંધી હોય તો ત્યાં મિલાવટી-બનાવટી-કેમિકલવાળો દારૂ ફટાફટ બનાવીને ફટાફટ પીવડાવીને ફટાફટ લોકોને મારી નાંખવાના બનાવો પણ બનવાના જ છે.

બિહારે મોટા ઉપાડે નશાબંધી નિતિ અપનાવી તે પછી એટલા બધા લઠ્ઠાકાંડો થયા કે ત્યાંના સીએમ નિતિશકુમાર પોલીસને સસ્પેન્ડ કરતાં કરતાં થાકી ગયા.. અને છેવટે લોકો પર જવાબદારી નાંખી-જ્યાં દારૂ વેચાય છે એની માહિતી આપનારને સરકાર ઈનામ આપશે..! ગુજરાતમાં સરપંચો અને જાગૃત નાગરિકો બુટલેગરોની માહિતી આપી આપીને થાકી ગયા પણ એવુ થવા લાગ્યુ કે બુટલેગર સુધી ફરિયાદની માહિતી પહોંચે અને ફરિયાદ કરનારને ધોઇ નાંખે...!સત્તાપક્ષ ભાજપને ચિંતા એ થતી હશે કે દિવાળી પછી ચૂંટણીઓ યોજાવાની છે અને ચૂંટણીના વર્ષમાં જ લઠ્ઠાકાંડમાં મોટી સંખ્યામાં મોતથી પ્રચારમાં મુશ્કેલી પડી શકે. પણ ગુજરાત લઠ્ઠાકાંડોથી ટેવાઇ ગયું છે.2009ના સૌથી મોટા લઠ્ઠાકાંડ બાદ પણ 2012માં કેસરિયો લહેરાયો તેમ 2022માં પણ આવશે કેસરિયા બાલમ...! પ્ર.ઘ.

અનુસંધાન પેજ 4 પરથી...

### નીલ આર્મસ્ટ્રોંગે...

બોલમાં સ્વિંગ કર્યું હતું. એડગર મિશેલ ચંદ્ર પર ચાલનાર છઠ્ઠા વ્યક્તિ તરીકે તેમની સાથે જોડાયા હતા, જ્યારે સ્ટુઅર્ટ એ. રૂસા કમાન્ડ મોડ્યુલમાં પરિભ્રમણ કરતા હતા, જે ચંદ્ર પર પહોંચનાર 17મા વ્યક્તિ બન્યા હતા. એપોલો 15 (જુલાઈ 26-ઓગસ્ટ 7, 1971) દરમિયાન, અવકાશયાત્રીઓ ડેવિડ સ્કોટ અને જેમ્સ બી. ઈરવિને ચંદ્ર પર લગભગ ત્રણ દિવસ વિતાવ્યા હતા અને ચંદ્ર રોવરનો ઉપયોગ કરનાર સૌપ્રથમ હતા, જે ઈલેક્ટ્રિકલી પાવર્ડ વ્હીલવાળા વાહન હતા, જ્યારે આલ્ફ્રેડ વર્ડેન ચંદ્રની પરિક્રમા કરતા હતા.અંતરીક્ષયાત્રી જ્હોન ડબલ્યુ. યંગ, જેઓ અગાઉ એપોલો 10 પર ચંદ્ર પર ગયા હતા, તેમને એપોલો 16 (એપ્રિલ 16-27, 1972) દરમિયાન ચાર્લ્સ એમ. ડ્યુક, જુનિયર સાથે ચંદ્ર પર ચાલવાની તક મળી હતી. આ બંને ચંદ્રની સપાટી પર ચાલનારા નવમા અને દસમા અવકાશયાત્રી હતા. થોમસ કે. મેટિંગલી, જેને ઓરી-અછબડાના સંપર્કમાં આવવાને કારણે એપોલો 13માંથી દૂર કરવામાં આવ્યા હતા, તેમણે કમાન્ડ મોડ્યુલનું સંચાલન કર્યું અને ચંદ્ર પર પહોંચનાર 21મી વ્યક્તિ બની. એપોલો 17 (ડિસેમ્બર 7-19, 1972) એ ચંદ્ર પરનું છેલ્લું ક્રૂ મિશન હતું. હેરિસન શ્મિટ, ચંદ્ર પરના પ્રથમ વ્યાવસાયિક ભૂસ્તરશાસ્ત્રી અને એપોલો 10 સાથે ચંદ્ર પર ગયેલા યુજેન સર્નાન 22 કલાકથી વધુ સમય સુધી ચંદ્રની સપાટી પર ચાલ્યા હતા. તેઓએ 249 પાઉન્ડ (115 કિલો) થી વધુ ખડકો અને અન્ય સામગ્રી એકત્રિત કરી હતી.. તેઓ ચંદ્ર પર ચાલનારા 11મા અને 12મા અવકાશયાત્રી હતા અને કમાન્ડ મોડ્યુલનું સંચાલન કરનાર રોન ઈવાન્સ ચંદ્ર પર પહોંચનાર 24મા માણસ બન્યા હતા.આખરે 1972માં એપોલો પ્રોગ્રામનો અંત આવ્યો કારણ કે લોકોનો તેમાંથી હવે રસ ઘટી ગયો હતો અને અમેરિકામાં સત્તા પક્ષ કોંગ્રેસને અન્યત્ર ભંડોળની જરૂર હતી. ત્યારથી અન્ય કોઈ દેશોએ ચંદ્ર પર ક્રૂ મિશન (સમાનવ યાન) મોકલ્યા નથી. નાસા વધુ સાધારણ કાર્યક્રમો તરફ આગળ વધ્યું અને 1970 ના દાયકાના અંતમાં તેના અવકાશયાત્રી જૂથોમાં વિવિધતા લાવવાનું શરૂ કર્યું. પરિણામે, કોઈ પણ સ્ત્રી કે અશ્વેત વ્યક્તિને ચંદ્ર પર જવાની, પ્રવાસ કરવાની તક મળી નથી. યુનાઈટેડ સ્ટેટ્સના 24 શ્વેત (ગોરા) પુરુષોને માનવીને, સદાયે આકર્ષનાર અને પ્રેમિકાની સરખામણી જેની સાથે થાય છે (ચાંદ સી મહેબુબા હૈ મેરી કબ ઐસા મૈંને સોચા થા) તેના પર ઉતરવાની અને ચાલવાની તક મળી હતી. નાસા હવે 2024માં ફરીથી ચંદ્ર પર ઉતરવાનું આયોજન કરી રહ્યું છે, જેમાં કોઈ મહિલા કે અશ્વેતનો નંબર લાગી શકે.

### મુલાકાત..

ઘરે એક દીકરો દીકરી. બેય ભણે છે. પૌત્ર કોલેજ કરે, પૌત્રી બારમાં ધોરણમાં. દિકરિયુમાં બે દિકરીયુંને બહું સારું છે. એક જમાઈને થોડું ઓછું વળતર છે. પણ હું બેઠો છું ત્યાં સુધી એને ઉપાધિ નહિ આવવા દઉં હો. દીકરિયુંનાં ભાણિયા, ભાણકિયું પણ ભણયે હોશિયાર છે.

મે કહ્યુ, " તમે મહેનત ખૂબ કરો છો સાહેબ. તેમણે સાંભળ્યું નહિ. મે ફરી જોરથી કહ્યું. , "તમે મહેનત ખૂબ કરો છો સાહેબ."

તે હસવા લાગ્યાં, " આપડે શું કરી શકીએ અશોકભાઈ!", ઉપર હાથ કરી, આકાશ તરફ જોઈ કહ્યું, "આ બધી તેની દયા હોય તો થાય."

એટલાંમાં તેમનો ફોન આવ્યો. સાહેબે વાત કરી, "બસ હમણાં જ પોગ્યો તેવું કહ્યું.". ફોન ખીસ્સામાં મૂકતાં મને કહેવા લાગ્યાં, " વાતું વાતુમાં ભેહુનું ખાણ લઈ જવાનું ભૂલી જાત. લ્યો તારે રામે... રામ...આજે ઉતાવળ થઈ ગઈ. ફરી ક્યારેક આરામથી મળીશું ત્યારે બધી વાતું કરીશું. "

એમ કહી મારી સાથે ઉષ્માથી હાથ મિલાવી. તેનાં મોટર સાઈકલની કિક મારી તે સાહેબ નીકળી ગયાં.

હું તેમને મોટર સાઈકલના ધુમાંડામાં ઓગળી જતાં જોઈ રહ્યો.આજ કાલ આવી પોતાની કહાની કહેવા વાળા કેટલા? હું તેમની સરળતાને સાદગીને સલામ કરતો બેંકમાં પ્રવેશ્યો..

શીર્ષક પંક્તિ : ગઝલકાર શ્રી " બેફામ " સાહેબ

## ચિંતાજનક! ભારતનું તાપમાન આ સદીના અંત સુધીમાં 4.4 ડિગ્રી સેલ્સિયસ વધવાની શક્યતા

**ભારતમાં વર્ષ 2100 સુધીમાં ઉનાળામાં હીટ વેવનું જોખમ ત્રણથી ચાર ગણું વધી જશે: IFPRI**

ગુજરાત | વંદન

એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ સદીના અંત સુધીમાં ભારતમાં સરેરાશ તાપમાન 2.4 ડિગ્રીથી વધીને 4.4 ડિગ્રી સેલ્સિયસ થઈ જશે. વર્ષ 2100 સુધીમાં ઉનાળામાં હીટ વેવનું જોખમ ત્રણથી ચાર ગણું વધી જશે. ઈન્ડિયન ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (IFPRI)ના આ રિપોર્ટમાં દક્ષિણ એશિયાને ક્લાઈમેટ ચેન્જનું હોટસ્પોટ ગણાવતા કહેવામાં આવ્યું છે કે, આ કારણે હવામાન સંબંધિત ખતરનાક ફેરફારો જોવા મળશે. સાથે જ હવામાનનો આ ફેરફાર અનાજના ઉત્પાદન પર નકારાત્મક અસર કરી શકે છે.



એક અહેવાલના અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે, સદીના અંત સુધીમાં સમગ્ર દક્ષિણ એશિયાઈ ક્ષેત્રમાં વાર્ષિક સરેરાશ તાપમાનમાં 1.2 થી 4.3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની ધારણા છે. છેલ્લી કેટલીક સદીઓથી દક્ષિણ એશિયામાં તાપમાન મોટા પાયે સતત વધી રહ્યું છે અને ભવિષ્યમાં તે અટકે તેવી અપેક્ષા નથી. અહેવાલ મુજબ, ભારે ગરમી, લાંબા સમય સુધી દુષ્કાળ અને પૂર જેવી આત્યંતિક ઘટનાઓ હવે વારંવાર અને વધુ તીવ્રતા સાથે બની રહી છે. 1980ના દાયકાથી દક્ષિણ એશિયામાં નીચા અને ઉચ્ચ હવામાનશાસ્ત્રની ચરમસીમાઓ વધુ ખરાબ થઈ છે. ઉનળાના દિવસો વધી ગયા છે અને વરસાદ વધુ જોખમી બન્યો છે.

જણાવવામાં આવ્યું છે કે, ભારતમાં છેલ્લા કેટલાક દાયકાઓમાં ઉનાળાની ગરમીને કરાણે ચોમાસાના વરસાદમાં ઘટાડો નોંધાયો છે. સૌથી વધારે ઘટાડો ભારતમાં ગંગાના કિનારે આવેલા વિસ્તારોમાં જોવા મળ્યો છે. 1950ના દાયકાથી દુષ્કાળની સંખ્યામાં વધારો થયો છે અને તેનો વ્યાપ પણ વધ્યો છે. બીજી તરફ, નાના વિસ્તારોમાં અચાનક ભારે વરસાદની ઘટનાઓને કારણે સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્રા નદીઓમાં પૂરનું જોખમ વધી ગયું છે.

ચોમાસા બાદ ખતરનાક ચક્રવાતી તોફાનોની ઘટનાઓમાં પણ વધારો નોંધાયો છે જ્યારે ઉત્તર હિંદ મહાસાગર ક્ષેત્રોમાં ઉષ્ણકટિબંધીય ચક્રવાતોની સંખ્યામાં ઘટાડો થયો છે.

**ઈડીનો દાવો**

## અર્પિતા મુખર્જીએ કબલ્યું, આ પૈસા મારા નહી મંત્રીના છે

ગુજરાત | વંદન

પશ્ચિમ બંગાળમાં ઈડીના દરોડા બાદ અર્પિતા મુખર્જી ચર્ચામાં આવી ગઈ છે. ત્યારે લોકોને એ સવાલ પણ થઈ રહ્યો છે કે આખરે કોણ છે અર્પિતા મુખર્જી અને તેમના બંગાળના મંત્રી પાર્થ ચેટર્જી સાથે શું સંબંધ છે? સ્કૂલ સર્વિસ કમિશન કૌભાંડ મામલામાં ઈડીએ બંગાળના ઉદ્યોગ મંત્રી પાર્થ ચેટર્જી અને તેમની નજીકની બાંગ્લા એક્ટ્રેસ અર્પિતા મુખર્જીની ધરપકડ કરી છે. આ મામલે ઈડીના અધિકારીઓને અર્પિતા મુખર્જીના ઘરમાંથી 21 કરોડ રૂપિયા રોકડા, 20થી વધુ મોબાઈલ ફોન અને 50 લાખ રૂપિયાના ઘરેણાં મળી આવ્યા છે.

બીજી તરફ શિક્ષક ભરતી કૌભાંડમાં ધરપકડ કરવામાં આવેલી મંત્રી પાર્થ ચેટર્જી અંગે સીએમ મમતાએ કહ્યું કે જો કોઈ ભૂલ કરી છે તો તેને કોઈ પણ મોટી સજા મળે, મને કોઈ જ ફરક પડતો નથી. અમે આવા લોકોને સમર્થન કરશું નહીં. અલબત એક ચોક્કસ સમયમાં સત્યના આધારે નિર્ણય આપવામાં આવવો જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે શનિવારે ઈડીએ પાર્થ ચેટર્જીની ધરપકડ કરી હતી તો તેમણે મમતા બેનર્જીને ત્રણ વખત ફોન કર્યો હતો. અલબત દીદીએ તેમનો ફોન ઉઠાવ્યો ન હતો. ત્યારબાદથી એવી અટકળો વહેતી થવા લાગી હતી કે મમતા બેનર્જી આ કેસમાં પોતાના મંત્રીનું નામ સામે આવ્યા બાદ તેમનાથી અંતર કરી રહ્યા છે.


આ અગાઉ બંગાળના મંત્રી પાર્થ ચેટર્જી સોમવારે સવારે કોલકાતાથી ભુવનેશ્વર એઈમ્સ પહોંચ્યા હતા. તપાસ બાદ એઈમ્સના ડિરેક્ટર આશુતોષ બિસ્વાસે કહ્યું કે લાંબી માંદગીને લીધે તેમને સમસ્યા આવી રહી છે. અમે તપાસ બાદ અમારો અહેવાલ કોલકાત્તા હાઈકોર્ટમાં રજૂ કરી દીધો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ પાર્થ ચેટર્જી દક્ષિણ કોલકાતામાં એક દુર્ગા પૂજા સમિતિ સાથે જોડાયેલા છે. અર્પિતા પણ આ જ દુર્ગાપૂજ સમિતિ સાથે જોડાયેલી છે. દુર્ગા પૂજા દરમિયાન અનેક વખત પૂજા



પંડાલોમાં લાગેલા પોસ્ટરમાં તેનું નામ અધ્યક્ષ તરીકે જોવા મળ્યું હતું.

ટીએમસી દ્વારા કહેવામાં આવ્યું છે કે તેમનો અર્પિતાના ઘરેથી જપ્ત થયેલા પૈસા સાથે કોઈ લેવાદેવા નથી. જો કે ભાજપ ટીએમસીના આ જવાબથી સંતુષ્ટ નથી અને તેઓ ટીએમસી તેમજ મમતા બેનર્જી વિરૂદ્ધ વધુ આકરા પ્રહાર કરી રહ્યાં છે. આ વચ્ચે શુભેન્દુ અધિકારીએ કહ્યું, 'આ તો ટ્રેલર છે, પિક્ચર હજુ બાકી છે.'

# સોનાની આયાત ઉપરની ડ્યુટીના વધારાથી ગોલ્ડ જ્વેલરીની માંગમાં ઘટાડાનું વલણ



ગુજરાત | વંદન

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરનાં ભુતકાળમાં સાનાની આયાત ઉપર આયાત જકાત લાદી છે.ચ આના કારણે સોનાની અને સોનાના અલંકારોની માંગ ઉપર માઠી અશર થવાની શક્યતાઓ ઉદ્ભવી છે. જ્વેલરી માંગમાં 5 ટકાનો ઘટાડો નોંધાતા તેમજ તેમં વપરાતા સોનાનો જથ્થો 550 ટન જેટલો ઘટવાની શક્યતા દર્શાવાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સૌ2નાના વૈશ્વિક સ્તરે કિંમત તાજેતરનાં ભુતકાળમાં ઘટી રહી છે. પરંતુ ભારતમાં ભારત સરકાર દ્વારા આયાત ડ્યુટી લાદવામા આવાત સોનાના ભાવ ઘટતા સુધારા તરફી રહ્યા છે. સોના ઉપરની ડ્યુટી વધારી આપવામાં આવતાં તેની પ્રત્યાઘાતી અસર જેમ એન્ડ જ્વેલરી ઈન્ડસ્ટ્રીજ પર પડી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સને 2022નાં રોજ સોનાની આયાત જકાતમાં 5 ટકાનો વધારો કરાયો છે. જેના પરિણામે કુલ આયાત જકાતનું પ્રમાણ વધીને 12.5 ટકા થવા માપ્યું છે. આથી સોનામાંથી જ્વેલરી બનાવતા સોની અને અલંકારોનું વેચાણ કરતા વર્ગ ઉપર ડ્યુટીને કારણે પડેલો બોજો તેની વેચાણ કિંમતમાં વધારો કરતાં ગ્રાહકોનો નવી ખરીદી માટેનો પ્રતિકારદર્શાઈ રહ્યો છે. ખાસ કરીને આગામી તહેવારોની મોસમમાં સોના અલંકારોની માંગની વધુ શક્યતા હોય છે. પરંતુ ભાવ વધતાં માંગ ઉપર તેની માઠી અસર થવાની શક્યતા રહેલી છે. આથી તહેવારોની મોસમ જ્વેલરી માર્કેટ માટે કદાચ ફીક્કી પુરવાર થશે. જો કે ભાવ વધારાની પરિસ્થિતિનો સામનો કરવા માટે જ્વેલરી માર્કેટના ઉત્પાદકો અને વેપારીઓ સૈનાના અલંકારમાં સૈનાનો વપરાશ ઘટાડવા લોઅર ગ્રામેજના અલંકાકરોના ઉત્પાદન તરફ વળી રહ્યા છે. આ ઉપરાંત સોનાના અલંકારો માટે વપરાતી મેકીંગ ચાર્જીસ માં પણ ઘટડો કરવાની માંગ કરવામાં આવશે તેવી શક્યતા દર્શાવાઈ રહી છે.

સોનાની આયત મોંઘી થતાં શોરુમ ધરાવતાં વેપારીઓ 2023 માં પુરા થનાર વર્ષમાં તેનો ખર્ચ 10 થી 12 ટકા વધવાની શક્યતા દર્શાવાઈ છે. અને રીટેઈલ જ્લેવર્લની વર્કિંગ કેપીટલ (કાર્યકારી મુડી) માં વૃદ્ધિ કરવાની જરુરીયાત ઉભી થશે. એક અંદાજ મુજબ રૂ. 3000 થી 3200 કરોડનો વધારો કાર્યકારી મુડીમાં પરિસ્થિતિ ઉભી થશે.

## બજારોનાં અંતરંગ

### કોટક મહિન્દ્રા બેંકે હાંસલ કરેલ 53 ટકાનો ચોખ્ખો નફો

30 જુન 2022 માં પુરા થયેલ પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં કોટક મહિન્દ્રા બેંકની કામગીરી સારી રહેવા પામી છે. બેંકનો કોન્સોલીડેટેડ નફો 53 ટકા વધીને 2755 કરોડની સપાટીએ પહોમચયો છે. જે ગયા વર્ષની તુલનાના સમયગાળામાં 1806 કરોડ હતો. બેંકની વ્યાજની આવક 19 ટકા વધીને 4617 કરોડ થઈ છે. જે ગયા વર્ષના સમયગાળામાં 3942 કરોડ હતી. બેંકની કુલ એસેટ 708 કરોડની તુલનામાં વધીને 378283 કરોડની સપાટીએ પહોંચી છે. જ્યારે બેનકની એનપીએ 2.24 ટકાની સપાટીએ રહી છે.

### ઝોમેટોના શેર ધરખમ ઘટાડો: 169 ગગડીને 46ની સપાટીએ

ભુતકાળમાં ઓનલાઈન હોમ ડીલીવરી સર્વિસના ક્ષેત્રે કામ કરતી ઝોમેટો કંપનીનો આઈપીઓ રોકાણકારો માટે બરબાદી લાવનાર પુરવાર થયો છે. આ આઈપીઓ 1 વર્ષના લોકઈન પીરીયડ પૂરો થતાં તેના શેરનો ભાવ લિસ્ટીંગ વખતના 169.10 ની ઊંચી સપાટીથી તુટીને રૂ. 46 ની નીચી સપાટીએ ગબડી પડ્યો છે. લોકઈન પીરીયડ પુરો થતાં આ શેરો વેચવાલીનો મારો શરુ થતાં તેનાં શેરના ભાવમાં 65 ટકાનો વાર્ષિક ધોરણે ઘટાડો થવા પામ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઝોમેટના શેરનું લીસ્ટીંગ એક વર્ષ અગાઉ 23 જુલાઈના રોજ થવા માપ્યું હતું. અને તે વખતે તેનો ભાવ 51 ટકાના ઉચા પ્રિમિયમથી લીસ્ટેડ થયો હતો. નિષ્ણાતના મત મુજબ આ શેરનો ભાવ વધુ ઘટીને 42 ની બોટમ બતાવવાની શક્યતા છે.

### ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝના ચોખ્ખા નફામાં 31.8 ટકાનું ભારે ગાબડું

પાઈપ એન્ડ ફીટીંગ્સની ઉત્પાદક કંપની ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝે તેના વાર્ષિક નફામાં 30.81 ટકાનો ભારે ઘટાડો અનુભવ્યો છે. કંપનીનો ચોખ્ખો નફો 100.09 કરોડની સપાટીએ રહેવા પામ્યો છે. કંપનીનો ગ્રોસ નફો ઈબીઆઈડીટીડીએ 39.9 ટકા ઘટીને 125.91 કરોડની સપાટીએ રહ્યો છે. કંપનીના નફામાં ઘટાડાનું મુખ્ય કારણ પીવીસીના ભાવમાં માર્ચ 2022 માં 16000 ડોલરનો ભાવ જુન-2022 માં ઘટીને 1200 ડોલરની સપાટીએ પહોંચ્યો છે. કંપનીની વ્યાજ, કરવેરા, ઘસારો અને એમોરાઈટેઝન (ઈબીઆઈડીટીડીએ) 39.9 ટકા ઘટીને 125.91 કરોડની સપાટીએ રહેવા પામ્યો છે. નફો ઘટવાનું કારણ પીવીસીના ભાવમાં નોંધાયેલ ભારે ઘટાડો છે. કંપનીની કુલ આવક 23.3 ટકા ચાલુ નાણાકીય વર્ષના પ્રથણ ત્રિમાસિક ગાળામાં 1189.31 કરોડની સપાટીએ રહેવા પામી છે. પીવીસી પાઈપ ફઈટીંગ્સનો બિઝનેસ 28.9 ટકાની સપાટીએ વૃદ્ધિ પામ્યો છે. વાર્ષિક ધોરણે 11960 મીલીયન સપાટીએ રહેવા પામ્યો છે. પી( રેવન્યુ 34 ટાકા વૃદ્ધિ પામી છે. અને 1132.02 કરોડની સપાટીએ રહેવા પામી છે. પીવીસી રેજન્સની આવક 25 ટકાના વ-દ્ધિ દરે પામી 62796 મિલિયનની સપાટીએ પહોંચી છે અને તેની રેવન્યુ 25.6 ટકા 784.58 કરોડની સપાટીએ પહોંચી છે.

### રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પરિણામો જાહેર થયા બાદ શેર તૂટ્યા

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરનો ભાવ કંપનીના ત્રીમાસિક જાહેરાત પછી 3 ટકા જેટલો તુટીને 2425 ની સપાટીએ ઉતરી જવા પામ્યો છે. આ ભાવ ઘટાડાનું પરિબળ કંપનીના નફાના આંકડા બજારના એનાલિસ્ટોના અંદાજ કરતાં નીચે રહેવા પામ્યા છે. આમ ઉણા ઉતરેલા આંકડા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરના ભાવને ઘટાડાનો ધક્કો માર્યો છે. આ ઘટાડા માટે વાસ્તવિક પરિબળો એ છે કે 2021 મના વર્ષમાં ચોખ્ખો નફો 12272 કરોડ હતો તેમાં 100 ટકાની વૃદ્ધિ થવાનો આશાવાદ હતો. એનાલિસ્ટોની એવી ધારણ પણ હતી કે આ શેરનો ભાવ નફાના આંકડા સારા આવશે. મતીલાલ ઓસવાર ફાઈનાન્સિયલ સર્વિસના એનાલિસ્ટના મંતવ્યે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ નફાના આંકાડાના અંદાજોને 2785 ની સપાટીને આંબી જશે તેવો આશા દર્શાવ્યો હતો.

## રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પ્રોત્સાહક ત્રિમાસિક કામગીરી

# રિલાયન્સનો ચોખ્ખો નફો 40% વધી રૂ. 19443 કરોડની ઊંચી સપાટીએ

ગુજરાત | વંદન



કોર્પોરેટ ક્ષેત્રની અગ્રણી અને વૈવિધ્યકરણ પામેલી સ્વ. ધીરુભાઈ અંબાણી દ્વારા નિર્મિત થયેલ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પ્રગતિ નવીન સિદ્ધિઓ પરંપરાગત રીતેહાંસલ કરી રહી છે.ચેરમેન શ્રી મુકેશ અંબાણીના ઉત્કૃષ્ટ સંચાલનથી તેનામાં વિશ્વાસ ઉત્પાદન થતાં ઈન્વેસ્ટરોને ઘણો ફાયદો થયો છે અને કંપનીના શેરની વેલ્યુ માર્કેટ પ્રમાણે સતત રીતે વધવા પામી છે. ભારતીય શેરબજારમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો શેર બ્લ્યુચીપ સ્કીપ તરીકેનું બિરુદ પ્રાપ્ત કરી શક્યો છે.

30 જુન 2022ના રોજ પુરા થયેલ ત્રિમાસિક સમયગાળામાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના અને તેની સબસીડરી કંપનીના વેચાણ અને ચોખ્ખા નફામાં ગણનાપાત્ર વૃદ્ધિ થવા પામી છે. કંપનીએ ત્રિમાસિક સમયગાળામાં કોન્સોલીડેટેડ ધોરણે ચોખ્ખા નફામાં 40 ટકાની વૃદ્ધિથી રૂપિયા 19443 કરોડનો મહત્વપુર્ણ નફો પ્રાપ્ત કર્યો છે. ગયા વર્ષના તુલનાત્મક સમયગાળામાં આ ચોખ્ખો નફો રૂ. 13806 કરોડ હતો. કંપનીની કુલ આવક 53 ટકા વૃદ્ધિ પામીને 24298 કરોડની સપાટીએ પહોંચી છે. જે ગયા વર્ષના સમાનગાળામાં 15886 કરોડની હતી.

કંપનીની સબસીડરી ટેલિકોમ કંપનીની અગ્રણી કંપની રિલાયન્સ જીઓનો ત્રિમાસિક નફો 24 ટકા વધીને 4335 કરોડની સપાટીએ પહોંચ્યો છે. જે ગયા વર્ષના સમયગાળામાં 3501 ની સપાટીએ હતો. જ્યારે આ સબસીડરીની કુલ આવક 21.6 ટકા વધીને 21873 કરોડ થવા પામી છે. જે ગયા વર્,ના સમયગાળામાં 13994 કરોડ હતી. રિલાયન્સ જીઓ પ્લેટફોર્મનો ચોક્ખો નફો 24.1 ટકા વદીને 2430 કરોડ અને આવક 23.61 ટકા વધીને 27572 કરોડ થવા પામ્યો છે. આ કંપનીમાં કુલ ગ્રાહકોની સંખ્યા 41.99 કરોડની સપાટીએ પહોંચ્યો છે.

રિલાયન્સ ઈન્સ્ટ્રીઝનો ચોખ્ખો નફો 114.2 ટકા વધીને 2061 કરોડ અને આવક 51.9 ટકા વધીને 58554 કરોડની સપાટીએ પહોંચી છે અને તેનો ઈબીટા 12231 કરોડથી એટલે કે 62 ટકા વધવાથી 19888 કરોડનીસપાટીએ પહોચ્યો છે. કંપનીનું ઓઈલ એન્ડ ગેસ સેગમેન્ટ બિઝનેસની આવક 183 ટકા વધીને 3625 કરોડ અને ઈવીટા 2337 કરોડની સપાટીએ પહોંચ્યો છે.

કંપનીના ચેરમેન મુકેશ અંબાણીએ કંપનીની કામગીરીની સમીક્ષા કરતાં જણાવ્યું હતું કે જીઓ પોલીટીકલની તરફ જેવી પરિસ્થિતિ અને ઘર્ષણ તેમજ એનર્જી માર્કેટમાં અસામાન્ય અવ્યસ્થા સરજાતા તેના અવરોધો કંપનીને નડ્યા હતાં. તેમણે એક મહત્વપુર્ણ જણાવ્યુ હતું કે ફ્યુચર માર્કેટમાં વૈશ્વિક સ્તરે અછતની પરિસ્થિતિ સર્જાઈ હતી.

જો કે ઓઈલ ટુ કેમિકલ્સનો બિઝનેસ આવા સંજોગોમાં પણ ઉત્તમ કામગીરી દર્શાવી શક્યો છે. તેન આ બિઝનેસ 56.7 ટકા વધીને 161315 કરોડની સપાટીએ પહોંચ્યો છે. જ્યારે ઓઈલ એન્ડ ગેસ સેગમેન્ટની બિઝનેસની આવક 1281 કરોડથી વધીને 3625 કરોડની સપાટીએ એટલે કે 133 ટકાની વૃદ્ધિ પામી શક્યો છે. અને આ કંપનીની ઈબીટા 243.4 ટકા જેટલી વધીને 2737 કરોડની સપાટીએ પહોંચી છે.

# સેન્સેક્સ 55800ની પાર, નિફ્ટી 16600ની ઊપર બંધ

ગુજરાત | વંદન

બુધવારે કારોબારી સત્રના દિવસે ભારતીય બજાર વધારાની સાથે બંધ થયા છે. અંતમાં નિફ્ટી 16600 ઊપર બંધ થયા જ્યારે સેન્સેક્સે 55816 પર બંધ થયા. આજના કારોબારમાં નિફ્ટીએ 16,653.45 સુધી પહોંચી તો સેન્સેક્સ 55,853.09 સુધી પહોંચ્યો હતો.

સ્મૉલકેપ અને મિડકેપ શેરોમાં નબળાઈ જોવા મળી. બીએસઈના મિડકેપ ઈન્ડેક્સ 0.90 ટકા વધીને 23,590.14 ના સ્તર પર બંધ થયા છે. જ્યારે બીએસઈના સ્મૉલકેપ ઈન્ડેક્સ 0.38 ટકા વધારાની સાથે 26,517.80 પર બંધ થયા છે.

અંતમાં બીએસઈના 30 શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ 547.83 અંક એટલે કે 0.99% ની મજબૂતીની સાથે 55816.32 ના સ્તર પર બંધ થયા છે. તો એનએસઈના 50 શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી 158 અંક એટલે કે 0.96% ની તેજીની સાથે 16641.80 ના સ્તર પર બંધ થયા છે.

બેન્કિંગ, ઑટો, ફાઈનાન્શિયલ સર્વિસ, એફએમસીજી, આઈટી, મેટલ, ફાર્મા, પીએસયુ બેન્ક, પ્રાઈવેટ બેન્ક, રિયલ્ટી, હેલ્થકેર, કંઝ્યુમર ડ્યુરેબલ્સ અને ઑયલ એન્ડ ગેસ શેરોમાં 0.41-2.33 ટકાનો વધારો જોવા મળી છે. બેન્ક નિફ્ટી 1.03 ટકાના વધારાની સાથે 36,783.75 ના સ્તર પર બંધ થયા છે.

કારોબારના આ સમય દરમ્યાન દિગ્ગજ શેરોમાં સન ફાર્મા, એસબીઆઈ, ડિવિઝ લેબ્સ, એલએન્ડટી, ટીસીએસ, બજાજ ફાઈનાન્સ, ગ્રાસિમ અને એશિયન પેંટ્સ 2.24-3.18 ટકા સુધી વધીને બંધ થયો છે. જ્યારે દિગ્ગજ શેરોમાં ભારતી એરટેલ, બજાજ ઑટો, એચડીએફસી લાઈફ અને કોટક મહિન્દ્રા બેન્ક 0.32-1.33 ટકા સુધી ઘટીને બંધ થયો છે.

## એશિયન દેશોમાં નીચા ફુગાવાનો દાયકો સમાપ્ત

### હવે મુશ્કેલીનો સામનો કરવા તૈયાર રહે : મૂડીઝની ચેતવણી

મહામારી બાદ હવે મોંઘવારીએ સમગ્ર વૈશ્વિક અર્થવ્યવસ્થા સામે ગંભીર પડકારો ઉભા કર્યા છે. ગ્લોબલ રેટિંગ એજન્સી મૂડીઝે ચેતવણી ઉચ્ચારતા જણાવ્યુ કે, એશિયાની વિકાસશીલ અર્થવ્યવસ્થામાં લાંબા સમયથી ચાલી રહેલા નીચા મોંઘવારી દરનો દાયકો હવે સમાપ્ત થવાની તૈયારી છે અને તેના પરિણામોની અસરનો સામનો કરવા સજ્જ રહેવુ પડશે. એનાલિટિક્સે પોતાના એક રિપોર્ટમાં જણાવ્યુ છે કે, એશિયાની ઈમર્જિંગ ઈકોનોમીમાં ધીમે ધીમે મોંઘવારી દર વધવાની શરૂઆત થશે અને ત્યારબાદ તે એક ગંભીર સ્વરપ ધારણ કરતું દેખાશે. આ વધતી મોંઘવારીની અસર એશિયાના તમામ ઉભરતા બજારોમાં જોવા મળશે. એક દાયકા કરતા વધારે સમયથી થાઈલેન્ડ, વિયતનામ, મલેશિયા, ફિલિપાઈન્સ અને ચીન જેવી એશિયન અર્થવ્યવસ્થાઓમાં કન્ઝ્યુમર ઈન્ફ્લેશન રેટ એટલે કે છુટક મોંઘવારી દર અત્યંત નીચા સ્તરે રહ્યો છે.

# ITC કંપની કન્ઝ્યુમર ગુડ્ઝની વૈશ્વિક બજારોમાં નિકાસ વધારશે

ગુજરાત | વંદન

ભારતમાં સિગારેટના ઉત્પાદન ક્ષેત્રે અને વિતરણ ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવતું આઈટીસી કંપની તાજેતરના વર્ષોમાં મહત્વપૂર્ણ વૈવિધ્યકરણ હાથ ધર્યું છે. કંપનીએ ફાસ્ટ મુવીંગ કન્ઝ્યુમર ગુડ્ઝનું ઉત્પાદન અને માર્કેટીંગ પ્રગતિકારક રીતે વિકસાવી છે. આ કંપની ભારતમાં ઉત્પાદન કરાતી ફાસ્ટ મુવીંગ કન્ઝ્યુમર ગુડ્ઝ વિદેશોમાં નિકાસ કરે છે અને તેની આ પ્રોડક્ટને નિકાસ બજારમાં સારો આવકાર પ્રાપ્ત થયો છે. કંપનીના ચેરમેન શ્રી સંજીવ પુરીએ શેર હોલ્ડરોને જનરલ મીટીંગમાં સંબોધતા જણાવ્યું હતું કે આ કંપની વિશ્વના 60 દેશોમાં ભારતમાં ઉત્પાદન કરાયેલ એફએમસીજી પ્રોડક્ટની નિકાસ કરે છે અને કંપની સવિશેષ કરીને ફાસ્ટ મુવીંગ કમ્સ્યુમર ગુડ્ઝપોર્ટફોલિયા તરફ વધુ ધ્યાન આપ્યું છે.

કંપની સિગારેટથી માડીને સોપ (સાબુ) સુધીની આઈટમોનું ઉત્પાદન કરે છે. આ કંપનીનું વાર્ષિક ટર્ન ઓવર 24000 કરોડનું થવા પામ્યું છે. નોન સિગારેટની આઈટમોમાં આશીર્વાદ ઘઉંનો લોટ, સનફિસ્ટ ફુડ પ્રોડક્ટસ, બીંગો અને સેવલોન વગેરે બ્રાન્ડોની આઈટીસી દ્વારા ઉત્પાદન કરાય છે. આઈટીસી કંપની ફાસ્ટ મુવીંગ કમ્સ્યુમર ગુડ્ઝ 70 લાખ આઉટલેટ મારફતે પહોંચાડવામાં આ છે. આઈટીસી કંપની કંપનીના વિકાસ માટે નોન રિસાગેરટ ફાસ્ટ મુવીંગ કમ્સ્યુમર ગુડ્ઝ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી (આઈટીસી ઈન્ફોટેક લિ.) આઈટીસીની કસબીસીડરી કંપની દ્વારા વેલ્યુ ક્રિએશન સારા પ્રમાણમાં પ્રાપ્ત કરશે. આ ઉપરાંત કંપની ભારતભરતમાં હોટલ ઈન્ડસ્ટ્રીઝમાં પણ મહત્વનું સ્થાન ધરાવે છે.

# ઈન્ફોર્મેશન ટેકનોલોજીની અગ્રણી કંપની ઈન્ફોસીસની સારી ત્રિમાસિક કામગીરી

ગુજરાત | વંદન



ઈન્ફોર્મેશન ટેકનોલોજીની અગ્રણી કંપની ઈન્ફોસીસ લીમીટેડે વર્ષ 2021-22 ના વર્ષમાં ઉત્કૃષ્ટ કામગીરી બજાવી છે.

કંપનીનો ચોખ્ખો નફો 3.1 ટકા વધીને રૂ. 5362 કરોડ થવા પામ્યો છે. જે આગલા વર્ષે રૂ. 3447 કરોડ હતો. કંપની ત્રિમાસિક ગાળામાં 8 થી 10 ટકાની વૃદ્ધિ હાંસલ કરી છે. શુક્રવારે તેના શેરનો ભાવ જો કે 1.73 ટકા ઘટીને 71506 ની સપાટીએ પહોંચ્યો હતો.

કંપનીના ઓપરેટીંગ માર્જીન 20.001 ટકાની સપાટી રહેવા પામ્યો છે. તે વાર્ષિક ધોરણે 3.6 ટકાનો છે. અને ત્રિમાસિક ધોરણે 1.4 ટકાનો ઘટાડો દર્શાવે છે. કંપનીએ તેના ગ્રાહકોની યાદીમાં પ્રથણ ત્રિમાસિક સમયગાળામાં 106 ગ્રાહકોનો ઉમેરો ક્યો છે.

તેની કર્મચારીની સંખ્યા 3.14 લાખથી વધીને 3.35 લાખ થવા પામી છે. તેમ કંપનીના સીઈઓ અને મેનેજીંગ ડીરેક્ટર શ્રી સલીલ પારેખે જણાવ્યું હતું. કંપનીની કામગીરીની ચાલુ વર્ષની પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં આવકની દૃષ્ટિએ સારી વૃદ્ધિ હાસંલ કરી શકી છે. નાણાંકીય વર્ષ 2023 માં રેવન્યુ ગાઈડલાઈન્સ 14 થી 16 ટકા વધવાની આશા દર્શાવસી છે. જયારે તેનો માર્જીન (નફો) 21.23 ટકાની વૃદ્ધિ હાંસલ કરશે તેમ દર્શાવ્યું હતું. કંપનીનો બીઝનેસ 32.8 ટકાની વૃદ્ધિએ વધ્યો છે. જે 27.10 મિલિયન ડોલરની સપાટીએ પહોચ્યો છે.કંપનીની ડીજીટલ રેવન્યુ 61 ટકા વધી છે. કંપનીની કુલ રેવન્યુ સૌથી મોટો ફાળો આ સેક્ટરે આપ્યો છે. કંપની ફાઈનાન્સિયલ સર્વિસિ 30.6 ટકા અને રીટેઈલ ટતેમજ કોમ્યુનિકેશન બીઝનેસ અનુક્રમે 14.5 ટકા અને 13 ટકાની વૃદ્ધિ દર્શાવેલ છે. કંપની એપ્રિલ-જુન 2022 ના ત્રિમાસિક સમયગાળામં ઈ( વધુ પ્રગતિ સાધી શકી છે.

# આઈએમએફએ પણ ભારતના વિકાસદરનો અંદાજ ઘટાડો

ગુજરાત | વંદન

કોરોના મહામારીના કમરતોડ ફટકા બાદ હવે વધતી મોંઘવારીના પગલે સમગ્ર વૈશ્વિક અર્થવ્યવસ્થા પર મંદીના વાદળો ઘેરાઈ રહ્યા છે અને તેની અસરોથી ભારતીય અર્થવ્યવસ્થા પણ બચી શકશે તેવી આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. મોંઘવારી અને મંદીની ચિંતાઓને ધ્યાનમાં રાખીને ફરીવાર એક વૈશ્વિક સંસ્થાએ ભારતના આર્થિક વિકાસદરના અંદાજમાં કાપ મૂક્યો છે.

આ વખતે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડએ ચાલુ નાણાંકીય વર્ષે ભારતના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડ્ક્ટના પૂર્વાનુમાનમાં કાપ મૂક્યો છે. IMF એ ભારતના જીડીપીનો અનુમાન એપ્રિલ મહિનાના 8.2 ટકાથી ઘટાડીને હવે 7.4 ટકા કર્યો છે.

# ICICI બેંકની ત્રિમાસિક કામગીરી: ચોખ્ખો નફો 50% વધીને 6905 કરોડ

ગુજરાત | વંદન




ખાનગી ક્ષેત્રની અગ્રણી ICICI બેંક ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં અફ( આ બેંકનો ચોખ્ખો નફો 50 ટકા વૃદ્ધિ પામીને 39.5 કરોડની સપાટીએ પહોચ્યો છે. જે ગયા વ્રષના સમયગાળામાં 46.16 કરોડ હતો. આ બેંકની વ્યાજની ચોક્ખી આવક 10936 કરોડથી વધીને 13200 કરોડની સપાટીએ પહોંચી છે, જે 21 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. બેંકની વ્યાજ સિવાયની આવક (ટ્રેઝરની આવક સિવાય) 25 ટકા વધીને 4629 કરોડ થવા પામી છે. ગયા વર્ષના સમયગાળામં 3706 કરોડ હતી, બેંકનો ચોખ્ખો નફો 55 ટકા વધીને 7385 કરોડની સપાટીએ પહોંચ્યો છે. જે ગયા વર્,ના સમયગાળામં 4763 કરોડ હતો.

બેંકની કુલ એનપીએ 5.15 ટકા ઘટવા પામી છે અને બેકની કોન્સોલીડેટેડ એસેટમાં 13 ટકાની વૃદ્ધિ સાથે તેનો આંકડો 1742773 કરોડની સપાટી પહોંચ્યો છે. જે ગયા વર્ષના સમયગાળામાં 153673 કરોડ હતો.

# ભારતમાં ફુગાવાનું વિષચક્ર ચાલુ વર્ષના ત્રિમાસિક ગાળામાં વધુ ગતિશીલ બન્યું

ગુજરાત | વંદન

દેશને સતત મુંઝાવતા ફુગાવાની વૃદ્ધિના પરિબળે કોર્પોરેટ ક્ષેત્રે ઉપર માઠી અસર જનામવી છે. કોટક મહિન્દ્ર બેંકના જોઈન્ટ ડીરેક્ટર શ્રી પ્રદિપ ગુપ્તાના દર્શ્રાયામ મુજબ તાજેતરનાં બે ત્રિમાસિક સમયગાળામાં ફુગાવો કોર્પોરેટ ક્ષેત્ર ઉપર પ્રતિકુળ અસરો ઉત્પન થઈ છે. આ ઉપરાંત વ્યાજના દરોમાં વધારો થવાથી કોર્પોરેટ ક્ષેત્રે જન્માવશે. ફુગાવાના ઉચાં દરના સંજોગો વ્યાજના દરમાં વધતાં આ બધા સંજોગો ગ્રાહકોની ખરીદ શક્તીમાં ઝડપી ઘટાડો થવા પામશે. પરિણામે તેમના મુજબ એમએસએમઈ સેક્ટરની તુલનામાં કોર્પોરેટ ક્ષેત્રને આ ફુગાવાની પરિસ્થિતિ વધુ ગહેરી અસર ગહેરાશે. તેમણે વધુમાં જણાવાયું હતું કે ઘટાડાનું પરિબળ આગળ વધશે તો દેશમાં આર્થિક મંદીનું ચક્ર આગળ ધપશે.

સામાન્યતઃ આ પરિબળ વિકાસને અવરોધશે. અને કોર્પોરેટ ક્ષેત્રેના કારણે વર્કીંગ કેપીટલ અને કેપેક્સ (મુડી ખર્ચ) વધારવાની પરિસ્થિતિનો સામનો કરવો પડશે. હકીકતમાં વ્યાજના દરમાં થતો વધારો કોર્પોરેટ ક્ષેત્રેના વિકાસ માટે સ્પીડ બ્રેકર જેવો પુરવાર થયો છે.


# રશિયન રફ ડાયમન્ડનું પેમેન્ટ હવે રૂપિયાના ચલણમાં કરી શકાશે: RBIની મંજુરી

■ 10 રફ ડાયમન્ડમાંથી 9 ડાયમન્ડ ઈન્ડસ્ટ્રી અને પોલીશીંગ સુરતમાં થાય છે

ગુજરાત | વંદન

રૂપિયાનું સાપેક્ષ મુલ્ય ડોલરના વિનિમયમાં ઘટવાથી દેશના ઔદ્યોગિક ક્ષેત્રે તેની માઠી અસર થવા પામી છે. આર.બી.આઈ સૂરતના જંગી વિદેશી હુંડીયામણ કમાવી આપતાં ડાયમન્ડ ઈન્ડસ્ટ્રીને સહાયરુપ થવા માટે આવકારદાયક પગલું.

મળતી માહિતી મુજબ સુરતના ડાયમન્ડ ઈન્ડસ્ટ્રીને સામાન્યતઃ રશિયાથી આયાત કરતાં રફ ડાયમન્ડ નો મુખ્ય સપ્લાયર રશિયા છે. યુએસમાં તેઓ દ્વારા ડાયમન્ડ ઈન્ડસ્ટ્રી મોટા પાયે યુએસ ડોલરના ચલણમાં રફ ડાયમન્ડ પૂરા પાડવામાં આવતા હતાં. પરતુ રૂપિયાનું ડોલર સામેનું વિનિમય મુલ્ય એટલે કે 1 ડોલર દીઠ 80 રૂપિયા થતાં આયાતો મોંઘી થવા માંડી. આ પરિસ્થિતિથી ઉદ્યોગ ભારે પોલીશ ડાયમન્ડની નિકાસ વિદેશી આયાતકારોને પોસાતી ન હતી. આ પરિસ્થિતિ વેપાર ઉપર માઠી અસર થવા પામી હતી. તેનો ખ્યાલ રિઝર્વ બેંકને આવતાં યુએસ થી રશિયન સપ્લાયરો પાસેથી રફ ડાયમન્ડ જ્યારે ભારતમાં આવે ત્યારે ભારતમાં ખુબ મોંઘા થતાં



હતાં તેનાથી પ્રોસેસ કરેલ પોલીશ ડાયમન્ડ અને તેને અન્ય દેશોમાં નિકાસ કરવાનું શક્ય બન્યું ન હતું. અન્ય દેશોની પ્રતિસર્પધ માં ભારત ટકી શકે તેમ નથી. પરંતુ આર.બી. આઈ ના પગલાં ને કારણે ભારતમાં પૂરી પડાતી માલનું પેમેન્ટ ડોલનાર ચલણને બદલે રૂપિયાનામાં કરાયું છે. આથી યુએસ બેંક રફ ડાયમન્ડ નું પેમેન્ટ રૂપિયાના ચલણમાં સ્વીકારશે.

રશિયર સપ્લાયર્સની યુએસની બેંકો રૂપિયાના ચલણમાં પેમેન્ટ સ્વીકારશે તેથી સુરતના ઉદ્યોગ માટે રાહતની સ્થિતિ ઉભી થશે. એક માહિતી મુજબ ડાયમન્ડ ઈન્ડસ્ટ્રી રશિયન રફ ડાયમન્ડના સપ્લાયર્સ પાસેથી અને માઈનર્સ પાસેથી 400 મીલીયન ડોલરના રફ ડાયમન્ડની આયાત કરતું હતું. આર.બી.આઈ ના આ નિર્ણયથી દેશના ડડાયમન્ડ ઈન્ડસ્ટ્રીને સારી રાહત પ્રાપ્ત થશે. તેમ જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના પ્રેસિડેન્ટ શ્રી દિનેશ નાવડીયાએ દર્શાવ્યું હતું.

આર.બી.આઈ ના મહત્વપુર્ણ પગલાંથી ડાયમન્ડ ઈન્ડસ્ટ્રી ફાઈનાન્સીયલ ટ્રાન્ઝેક્શન વધુ ગતિશીલ બનશે અને સુરતના બંધ પડેલાં સંખ્યાબંધ ડાયમંડ અને પોલીશીંગ કટીંગ યુનિટો ફરી જીવંત બનશે. 10 રફ ડાયમન્ડમાંથી 9 ડાયમન્ડ ઈન્ડસ્ટ્રી અને પોલીશીંગ સુરતમાં થાય છે. દેશ વાર્ષિક ધોરણે 20 મીલીયન ડોલરની કિંમતના રફ ડાયમન્ડની આયાત કરે છે. તેનાથી લગભગ 30 ટકા હિસ્સો રશિયન સપ્લાયર્સ પાસેથી પ્રાપ્ત થાય છે.

આર.બી.આઈ ના આ પગલાથી દેશના વિદેશી જંગી હુંડીયામણ કમાવી આપતાં ડાયમન્ડના વિકાસ માટે વધુ વેગવાન અને દિશા પ્રાપ્ત થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે દેશનો હીરા ઉદ્યોગ રશિયા ઉપરાંત દક્ષિણ આફ્રિકા, નામ્બિયા, બોસ્ટાવાના અને કેનેડાથી રફ ડાયમન્ડની આયાત કરે છે.

# ડોલર સામે રૂપિયો નબળો પડતા ડોલર દીઠ રૂપિયા 80એ પહોંચ્યો

ગુજરાત | વંદન

વૈશ્વિક સ્તરે ડોલરની તુલનામાં રૂપિયો નબળો પડતાં તેની પ્રત્યાઘાતી અસર દેશના આયાત વેપાર ઉપર માઠી અશર થવા પામી છે. જ્યારે નિકાસ વેપારને તેનાથી ફાયદો થશે. તાજેતરમાં આ પરિસ્થિતિને કારણે ઈન્ફોર્મેશન ટેનોકલોજી કંપનીઓની વિદેશી આવકમાં વૃદ્ધિ થવાની શક્યતાઓ ઉદ્ભવી છે. એક માહિતી મુજબ ટીસીએસ (ઈન્ફોર્મેશન ટેનોકોલીજ કંપની) ની કમાણમાં 50 ટકાનો હિસ્સો (યુએસ) સાથેનો આ કંપનીનો વેપાર વધારે છે. જ્યારે ઈન્ફોસીસ નામની કંપનીનો કુલ બીઝનેસ 60 ટકા યુ.એસ.નો. થછે છે. રૂપિયાના વિનિમય મુલ્યમાં ફેરફાર થવાથી નિકાસકારો માટે સારા સંજોગો ઉભા થયા છે.પરંતુ જે કંપનીઓ ડોલરના ચલણનો ઉપોગ જરુરી ઔદ્યોગિક સામગ્રીની આયાત કરવા કરે છે. તેના ખર્ચમાં વધારો થવાની અને તેનો બોજો અસામાન્ય પરિસ્થિતિએ પહોંચવાની શક્યતાઓ ઉદ્ભવી છે. રૂ. નું ચલણ નબળું પડવાથી દેશની આયાતો પાછળ વધુ ખર્ચ કરવાની પરિસ્થિતિ ઉભી થતાં તેની અસર દેશના હુંડીયામણ પર માઠી અસર થશે.

# ગુજરાતમાં વરસાદી માહોલની મજા માણવી હોય તો આ સ્થળો છે આકર્ષણનું કેન્દ્ર



વરસાદી માહોલમાં ગુજરાતમાં ઘણાં એવા સ્થળો છે જ્યા હરવા ફરવાની મજા માણવા જેવી છે. ખાસ કરીને ચોમાસાની સિઝનમાં તમે મિત્રો કે પરિવાર સાથે જો હરવા ફરવાનું પ્લાનિંગ કરી રહ્યાં હોવ તો આ સ્થળો બેસ્ટ ઓપ્શન બની શકે છે. મહત્ત્વનું છેકે, ગુજરાતમાં આમ તો અનેક ફરવા લાયક સ્થળો આવેલા છે. જોકે, એમાંથી કેટલાંક સ્થળો એવા છે જ્યાં જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં ફરવાનું પ્લાનિંગ કરો તો બેસ્ટ રહે છે. કારણકે, આ સમયે વરસાદ બરાબર જામ્યો હોય છે અને કુદરતી સૌંદર્ય પણ જાળે સોળે કળાએ ખીલી ઉઠ્યું છે પરિણામે આ સ્થળોએ ફરવાની ખૂબ મજા આવી છે.





**સાપુતારા** | ગુજરાતના સૌથી જાણીતા આ હિલ સ્ટેશનનું સૌંદર્ય ચોમાસામાં સોળે કળાએ ખીલી ઉઠે છે. ચોમાસાની શરૂઆતના સમયમાં એટલે કે જુલાઈ મહિનામાં તમે સાપુતારા જઈ શકો છો. આ સમયે સાપુતારમાં તમારી જ્યાં નજર પડશે ત્યાં હરિયાળી જોવા મળશે. સાથે જો હળવો વરસાદ આવતો હોય તો તો તમને અનન્ય લ્હાવો મળી શકે છે.

**પોળો ફોરેસ્ટ** | સાબરકાંઠના વિજયનગરના જંગલો મનમોહક છે. એમાં પણ જો પહેલા કે બીજા વરસાદ બાદ તમે ત્યાં જાઓ તો તમને અનન્ય નજારાઓ જોવા મળશે. પોળો ફોરેસ્ટમાં સાંસ્કૃતિક વારસાની સાથે પ્રકૃતિનું અનોખું રૂમ તમને જુલાઈ મહિનામાં જોવા મળશે.

**સ્ટેચ્યૂ ઑફ યુનિટી** | દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે દેશ-વિદેશથી લોકો જોવા માટે આવે છે. એમાં પણ જુલાઈ મહિનો અહીં ફરવા માટેનો સૌથી સારો સમય છે. ગરમી અને તડકો ઓછો હોવાના કારણે તમે આસપાસના સ્થળોની પણ મુલાકાત લઈ શકો છો. સાથે આ સમયે પ્રાકૃતિક સૌંદર્ય પણ સોળે કળાએ ખિલ્યું હોય છે. જે સ્ટેચ્યૂ ઑફ યુનિટીની શોભામાં વધારો કરે છે.

**નળ સરોવર** | અમદાવાદથી લગભગ 45 કિલોમીટર દૂર આવેલું નળ સરોવર વિખ્યાત છે ત્યાં જોવા મળતા યાયાવર પક્ષીઓના કારણે. ચોમાસામાં નળ સરોવરનો નજારો મન મોહી લે તેવો હોય છે. ખાસ કરીને જુલાઈ અને ઓગસ્ટ મહિનાનો સમય નળ સરોવર જવા માટે યોગ્ય સમય છે.

**ગિરનાર** | જો તમને ઈતિહાસ સાથે લગાવ હોય અને પર્વતો ગમતા હોય તો. તમે જૂનાગઢની મુલાકાત લઈ શકો છો. ચોમાસામાં ગરવો ગિરનાર જાણે લીલી ચાદર ઓઢી લે છે. ગિરનારની સાથે ઉપરકોટ, પ્રેરણાધામ, અશોકનો શિલાલેખ જેવી જગ્યાઓની તમે મુલાકાત લઈ શકો છો.

# વરસાદની મોસમમાં શરદી-ખાંસી માટે રામબાણ ઈલાજ છે મધ અને લવિંગનું સેવન




ગુજરાત સહિત દેશભરમાં ચોમાસું જામેલું છે જેના પગલે વરસાદની ઋતુમાં શરદી, ઉધરસ, તાવ બધું એક સાથે આવે છે પરિણામે લોકો પણ ચિંતિત છે. ચોમાસામાં શરદી ઉધરસનો ઝડપથી ઈલાજ થઈ શકતો નથી. આવી સ્થિતિમાં, દવાઓ પણ ઘરેલું ઉપચાર જેટલી અસર કરતી નથી. જો તમને ખૂબ ઉધરસ થઈ રહી હોય તો તમે લવિંગનો ઉપયોગ કરી શકો છો. આ વરસાદી મોસમમાં લવિંગનો ઉપયોગ કરવાથી તમને ઘણા ફાયદા થશે અને તમારું શરીર પણ સ્વસ્થ રહે છે. તમને જણાવી દઈએ કે, વરસાદની મોસમમાં શરદી અને ઉધરસને એક ચપટીમાં કેવી રીતે દૂર કરી શકો છો.

ઉધરસની સ્થિતિમાં મધ અને લવિંગનું સેવન કરો. આ માટે 7-8 લવિંગ લો અને તેને તવા પર હળવા ગરમ કરો. ઠંડુ થાય એટલે લવિંગને બારીક પીસી લો. હવે તેને એક બાઉલમાં નાખો અને તેમાં 3-4 ચમચી મધ ઉમેરો. હવે તેને આછું ગરમ કરો. હવે તેને સવારે, સાંજે અને બપોરે એક-એક ચમચી ખાઓ. તેને 1 થી 2 દિવસ સુધી પીવાથી શરદી અને ઉધરસમાં તરત રાહત મળશે.

## લવિંગના ફાયદા

- લવિંગમાં ઘણા ઘટકો હોય છે જે બળતરા ઘટાડે છે. તેમાં બળતરા વિરોધી ગુણધર્મો છે જે શરીરમાં બળતરા ઘટાડે છે.
- લવિંગમાં રહેલું યુજેનોલ એક શક્તિશાળી એન્ટીઑક્સિડન્ટ છે. લવિંગ ડાયાબિટીસ જેવા રોગોને ઘટાડે છે.
- લવિંગ ખાવાથી પેટમાં અલ્સરનું જોખમ ઓછું થાય છે.
- લવિંગ ખાવાથી પેટ ફૂલવું અને ગેસની સમસ્યા ઓછી થાય છે.
- મોંની તંદુરસ્તી સુધારવા માટે તમે લવિંગનું સેવન કરી શકો છો. લવિંગ પેઢાના કોઈપણ રોગને દૂર કરે છે.

## ફ્રિજના ઠંડા પાણીને કહો ટાટા બાય બાય....ટાટા...

# દેશી 'ફ્રિજ'નું પાણી પીવાના અઢળક ફાયદા, હંમેશા રહેશો નિરોગી....



આજ કાલના સમયમાં લોકો પાણી ભરવા માટે પ્લાસ્ટિકનો ઉપયોગ કરે છે. પ્લાસ્ટિકની બોટલમાં પાણી ભરીને ફ્રીઝમાં મુક્યા બાદ એ પાણી પીવે છે. પરંતુ તમે જાણો છો કે પ્લાસ્ટિક આપદા સ્વસ્થ માટે નુકશાન કારક છે. પ્લાસ્ટિકને બદલે માટલામાં ભરેલું પાણી પીવાથી આપણા શરીરને ખૂબ ફાયદા મળે છે. સદીઓથી ભારતીય ઘરોમાં પાણીનો સંગ્રહ કરવા માટે માટીના વાસણો, ઘડા કે માટલાનો ઉપયોગ કરવામાં આવે છે. આજે પણ કેટલાક લોકો એવા છે કે માટલાનું જ પાણી પીવે છે. કેટલાક લોકોનું એવું માનવું છે કે માટીની સુંગધ અને તેના લાભને કારણે માટલાનું પાણી પીવાનું પસંદ કરે છે. પરંતુ શું તમે જાણો છો કે માટીમાં અનેક પ્રકારના રોગો સામે લડવાની ક્ષમતા હોય છે. નિષ્ણાંતો મુજબ માટીના વાસણોમાં પાણીનો સંગ્રહ કરીને પીવામાં આવે તો તેમાં માટીના ગુણો આવી જાય છે જે આપણા શરીરને અનેક રોગોથી બચાવે છે. જો કે આજકાલ બહુ ઓછા લોકો માટલાનું પાણી પીવાનું પસંદ કરે છે. માટલાનું પાણી તરસ તો છીપાવે જ છે પરંતુ સાથે સાથે પાણીના ગુણોને વધુ નિખારે પણ છે. માટલાનું પાણી ગુણકારી બની જાય છે અને અનેક બીમારીઓ સુદ્ધામાંથી બચવામાં મદદગાર સાબિત થઈ શકે છે.

લૂથી બચાવે છે : માટલાનું પાણી ફ્રીજના માણી કરતા લાખ દરજ્જે સારું હોય છે. સૌથી પહેલા તો તે તમને લૂથી બચાવે છે. માટીના વાસણોમાં રાખેલા પાણીમાં વિટામીન અને ખનીજ શરીરના ગ્લૂકોઝના સ્તરને જાળવી રાખવામાં મદદ કરે છે. ગરમીમાં લૂથી બચવું પડકારજનક હોય છે. પરંતુ માટલાનું પાણી તમને તેનાથી સરળતાથી બચાવી શકે છે.

એસિડિટી અને પેટની સમસ્યાથી છૂટકારો : માટલાનું પાણી પીવાથી એસિડિટી અને પેટની સમસ્યાઓને દૂર રાખવામાં મદદ મળે છે. આ તેનો ઉત્તમ ફાયદો છે. અનેક લોકોને ગેસની સમસ્યા હોય છે. જે તેનાથી દૂર થઈ શકે છે.

ઝેરી રસાયણો પેટમાં જતા નથી : ફ્રિજમાં બોટલ રાખીએ છીએ. બોટલ પ્લાસ્ટિકની હોય છે. પ્લાસ્ટિકની બોટલમાંથી ઝેરી રસાયણ પાણીમાં ભળે છે અને આપણા શરીરમાં પહોંચી જાય છે તથા શરીરને નુકસાન પહોંચાડે છે. ટેસ્ટોસ્ટેરોનનું સ્તર પણ ઓછું થઈ શકે છે. પરંતુ માટલાના પાણીથી આ બંને સમસ્યા દૂર રહે છે. માટલામાં પાણી વધુ શુદ્ધ બને છે.

વજન ઓછું કરવામાં મદદરૂપ : આપણઆ શરીરના મેટાબોલિઝમમાં પણ સુધારો થાય છે. તેનાથી વજન પણ ઓછું થઈ શકે છે. શરીરની રોગપ્રતિકારક શક્તિ પણ વધે છે. જેથી કરીને અનેક બીમારીઓ સામે રક્ષણ મળે છે. ફ્રિજના ઠંડા પાણીથી ગળામાં ઈન્ફેક્શનની ખરાશ થઈ શકે છે. પરંતુ માટલાના પાણીથી આવી સમસ્યા થતી નથી.

સ્કિન માટે ફાયદાકારક : માટીમાં એન્ટીઈન્ફ્લેમેટરી તત્વો હોય છે. તેનાથી શરીરમાં દુખાવો પણ દૂર થઈ શકે છે. સ્કિન માટે ફાયદાકારક હોય છે. કારણ કે તેમાં વિટામિન્સ અને મિનરલ્સ હોય છે.



# ઉપવાસમાં ઘરે જ બનાવી પીવો મિલ્ક શેક, આખો દિવસ એનર્જીથી રહેશો ભરપૂર

ઉપવાસના દિવસે ઉર્જા ઓછી લાગે છે. સવારથી ભૂખ્યા-તરસ્યા રહેવાથી શરીરમાં નબળાઈ આવવા લાગે છે. આવી સ્થિતિમાં, તમારે સવારે કંઈક સ્વસ્થ અને સ્વાદિષ્ટ ખાવું જોઈએ, જેથી દિવસભર તમારા શરીરમાં એનર્જી જળવાઈ રહે. નાસ્તામાં તમે કોઈપણ મિલ્ક શેક પી શકો છો. આનાથી તમને લાંબા સમય સુધી ભૂખ નહી લાગે. તમે કેળા, કેરી અથવા સ્ટ્રોબેરી જેવા મોસમી ફળોમાંથી શેક બનાવીને પી શકો છો.

બનાના શેક : કેળા એ દરેક ઋતુમાં ઉપલબ્ધ ફળ છે. તમે વરસાદની મોસમમાં કેળા ખાઈ શકો છો. કેળા ઉર્જાથી ભરપૂર હોય છે. ઉપવાસમાં તમારે કેળું ખાવું જોઈએ. જો તમે સવારે ખાલી પેટ કેળા ખાવા નથી માંગતા તો તમે કેળાનો શેક બનાવીને પી શકો છો. આ માટે 1 પાકું કેળું લો, તેને મિક્સર જારમાં નાખો અને તેમાં એક કપ દૂધ ઉમેરો. 1 ચમચી ખાંડ ઉમેરો અને મિક્સ કરો. આ સ્વાદિષ્ટ અને હેલ્ધી બનાના શેક તમને ઉપવાસ દરમિયાન દિવસભર એનર્જી આપશે.

મેંગો શેક : સાવન મહિનામાં કેરી પણ સરળતાથી મળી જાય છે. કેરી ખાવાથી શરીરને એનર્જી મળે છે અને કેરી પોષક તત્વોથી ભરપૂર ફળ છે. તમે ઉપવાસના દિવસે નાસ્તામાં મેંગો શેક બનાવીને પી શકો છો. મેંગો શેક બનાવવા માટે પાકેલી કેરીને છોલીને તેનો પલ્પ કાઢી લો. હવે મિક્સરમાં કેરી નાંખો અને 1 ગ્લાસ દૂધ મિક્સ કરો. તેમાં સ્વાદ અનુસાર ખાંડ ઉમેરો. સ્વાદિષ્ટ મેંગો શેક તૈયાર છે, તમે તેને કાજુ અને બદામ ઉમેરીને પી શકો છો.

સ્ટ્રોબેરી શેક : તમે ઉપવાસના દિવસે સ્ટ્રોબેરી શેક પણ પી શકો છો. આ માટે સૌથી પહેલા સ્ટ્રોબેરીને ધોઈને તેના ટુકડા કરી લો. હવે શેક બનાવીને જારમાં દૂધ નાખો અને સ્ટ્રોબેરી પણ નાખો. બંને વસ્તુઓને સારી રીતે પીસી લો. જો તમે ઈચ્છો તો મીઠાશ માટે તેમાં 1 ચમચી ખાંડ ઉમેરી શકો છો. તૈયાર છે સ્વાદિષ્ટ સ્ટ્રોબેરી શેક. તમે તેને બદામ અને સ્ટ્રોબેરીના નાના ટુકડાથી ગાર્નિશ કરી શકો છો. ઉપવાસ દરમિયાન આ શેક પીવાથી તમને ત્વરિત ઊર્જા મળશે.

# વાળને લાંબા અને ચમકદાર બનાવવા માટે અજમાવો આ ટીપ્સ



દરેક મહિલાને લાંબા વાળનો શોખ હોય છે. વાળનો ગ્રોથ વધારવા માટે લોકો અલગ-અલગ રીત અપનાવે છે. જો કે વાળના વિકાસ માટે સૌથી જરૂરી છે કે તમે હેલ્ધી ડાયટ લો અને તમારા વાળની ખાસ કાળજી લો. બને ત્યાં સુધી વાળને કેમિકલથી બચાવો, જેથી વાળનો ગ્રોથ સારો રહે. જો તમે કેટલીક પ્રાકૃતિક વસ્તુઓ અપનાવશો તો વાળનો વિકાસ સારો થશે.

ઑર્ગન તેલ અને ગુલાબ જળ | એક બાઉલમાં 3 ટેબલસ્પૂન ગુલાબજળ લો અને તેમાં ઑર્ગન ઓઈલના 5 ટીપાં ઉમેરો. તેમને સારી રીતે મિક્સ કરો. હવે તેને વાળના માથા પર ઓછામાં ઓછા 5 મિનિટ સુધી મસાજ કરો. થોડા સમય માટે વાળને ખુલ્લા રહેવા દો. સવારે વાળ ધોઈ લો. તેનાથી વાળ તો લાંબા થશે જ, સાથે જ વાળમાં ચમક પણ આવશે.

એલોવેરા જેલ અને નાળિયેર તેલ | એક પેનમાં 1 ટેબલસ્પૂન નારિયેળ તેલ લો અને તેમાં 1 મુઠ્ઠી કઢી પત્તા ઉમેરો અને તેને ગરમ કરો. જ્યારે પાન બળવા લાગે તો ગેસ બંધ કરી દો અને તેલ ઠંડું થાય પછી તેને ગાળી લો. હવે એક બાઉલમાં 2 ટેબલસ્પૂન એલોવેરા જેલ લો અને તેમાં આ તેલ મિક્સ કરો. આ મિશ્રણને મૂળથી લઈને વાળની લંબાઈ સુધી લગાવો અને આખી રાત વાળમાં રહેવા દો. સવારે વાળને શેમ્પૂથી ધોઈ લો. તમે તેને અઠવાડિયામાં ઓછામાં ઓછા 2 વખત લગાવી શકો છો.

વરિયાળી તેલ અને લીંબુનો રસ | એક બાઉલમાં, એક ટેબલસ્પૂન વરિયાળીનું તેલ અને 1 ટેબલસ્પૂન લીંબુનો રસ મિક્સ કરો. હવે તેમાં વિટામીન E ઓઈલ કેપ્સૂલ પંચર કરીને ઉમેરો. આ મિશ્રણને સારી રીતે મિક્સ કરો અને વાળના માથા પર લગાવીને મસાજ કરો. તેને આખી રાત વાળમાં રહેવા દો. સવારે વાળ ધોઈ લો. આ ઉપાય અજમાવવાથી વાળ ઝડપથી વધશે.

# પેટની ચરબી બર્ન કરવા માટે આયુર્વેદિક ઉપચારને અનુસરો, આ સરળ યુક્તિ પેટની ચરબી ઘટાડશે

આજની બદલાયેલી લાઈફસ્ટાઈલમાં મેદસ્વીપણું એક સર્વસામાન્ય સમસ્યા બની ગઈ છે. એક વાર જો વજન વધી જાય પછી તેને ઓછું કરવું સહેલું નથી. ખાસ કરીને શરીરના બધા અંગો કરતા પેટની ચરબી ઘટાડવી વધુ મુશ્કેલ કામ છે. તમે ગમે તેટલી મહેનત કરો, પેટની ચરબી ઓછી થતી નથી. પરંતુ કેટલાક ખૂબ જ સરળ આયુર્વેદિક ઉપાયોથી પેટની ચરબી સહેલાઈથી ઘટાડી શકાય છે.

ત્રણ વખત ખાઓ : જો તમે પેટની ચરબી ઘટાડવા માટે ખાવાનું બંધ કરો છો તો તે ખોટું છે. ભોજન છોડવાથી મંદાગ્નિ જેવી શારીરિક સમસ્યાઓ થઈ શકે છે. આ સિવાય હોર્મોનલ અસંતુલન અને વર્તનમાં ફેરફાર જેવી સમસ્યાઓ પણ થઈ શકે છે. આયુર્વેદ અનુસાર, પેટ કે વજન ઘટાડવા માટે ખોરાક છોડવાની મનાઈ છે. સંતુલિત કરવા અને તમારા શરીરને કાર્ય કરવા માટે પૂરતી ઊર્જા આપવા માટે દિવસમાં 3 વખત ભોજન લેવું મહત્વપૂર્ણ છે. ધ્યાનમાં રાખો કે ખોરાક પોષક તત્વોથી ભરપૂર હોવો જોઈએ અને ફળો, બદામ અથવા શાકભાજી જેવી સરળતાથી સુપાચ્ય વસ્તુઓ હોવી જોઈએ. તળેલું અને ચરબીયુક્ત ખોરાક અથવા જંક ફૂડ ખાવાનું ટાળો.



સાંજે 7 વાગ્યા પહેલા રાત્રિભોજન કરો : આયુર્વેદિક નિષ્ણાતોની સૌથી મહત્વની સલાહ છે કે સાંજે 7 વાગ્યા પહેલા હળવો ખોરાક લેવો. આનાથી પેટને ખાલી થવામાં અને ખોરાક પચવામાં લાંબો સમય મળે છે. તે રાતોરાત ડિટોક્સિફિકેશન પ્રક્રિયામાં પણ મદદ કરે છે અને સિસ્ટમને શુદ્ધ કરે છે જે આપણને સવારે તાજા અને સક્રિય લાગે છે. તમારે રાત્રે સલાડ, સૂપ અથવા બાફેલા શાકભાજી ખાવા જોઈએ જેથી પેટને ખોરાક પચાવવામાં સરળતા રહે અને સિસ્ટમ સાફ થાય.

વ્યાયામ જરૂરી છે : શરૂઆતના દિવસોમાં અથવા જેઓ લાંબા વિરામ પછી શારીરિક કસરત ફરી શરૂ કરે છે, તેમના માટે શરૂઆતના થોડા દિવસો થોડી મુશ્કેલ હોઈ શકે છે. પરંતુ અસરકારક ચરબી બર્ન કરવાની પ્રક્રિયા અને ઝડપી મેટાબોલિક રેટ માટે કસરત ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ માટે, તમે તમારી મનપસંદ પ્રવૃત્તિ પસંદ કરી શકો છો અને તેને ચાલવું, દોડવું, સાયકલ ચલાવવું, યોગ અથવા સ્વિમિંગ જેવી નિષ્ફળતા વિના દરરોજ કરી શકો છો.

# આજથી છોડો 7 ફૂડની આદત, નહીંતર આવશે ગંજાપન

વાળ ખરવાનું કોઈ એક કારણ નથી. તમારા આહારમાં કેટલીક એવી વસ્તુઓ છે જે તમને ઝડપથી ટાલિયા બનાવી શકે છે. ભલે તમને ખબર ન હોય, પરંતુ તમે દરરોજ આવા ખોરાક અથવા પીણાંનું સેવન કરતા હશો. વાળ ખરવાની સમસ્યા સાવ સામાન્ય બની ગઈ છે. તે આપણા ખોરાક અને જીવનશૈલીનું પરિણામ છે. વાળ ખરવાના કારણો ઘણા હોઈ શકે છે, પરંતુ સૌથી મોટું કારણ આપણો અસ્વસ્થ આહાર છે. આપણે જે ખાઈએ છીએ તેવા જ આપણા વાળ બને છે. ઉચ્ચ પોષણનું સેવન કરવાથી વાળના સારા વિકાસને પ્રોત્સાહન મળે છે, જ્યારે કેટલીક એવી વસ્તુઓ છે જે તમારા માટે સમસ્યા ઊભી કરી શકે છે. વાળ ખરતા ખોરાકને આજથી જ તમારા આહારમાંથી કાઢી નાખવો જોઈએ. નહીં તો થોડા જ સમયમાં તમારા હાથમાં વાળના ઝુંડ આવી જશે. તો ચાલો જાણીએ તે અસ્વસ્થ અને વાળ માટે સૌથી ખરાબ વસ્તુઓ વિશે.

1) **જંક ફૂડ** | બધા જંક ફૂડ સંતૃપ્ત અને મોનોઅનસેચ્યુરેટેડ ચરબીથી ભરેલા હોય છે. જે ફક્ત તમારું વજન જ નહીં વધારી શકે પણ કાર્ડિયોવેસ્ક્યુલર રોગો પણ તરફ દોરી શકે છે. SFAs અને MUFA માં સમૃદ્ધ આહાર ટેસ્ટોસ્ટેરોનના સ્તરમાં વધારો કરી શકે છે. DHT એ એન્ડ્રોજન છે, જે ટાલ પડવાની સાથે સંકળાયેલ છે. વધુમાં તેલયુક્ત માથાની ચામડી ચીકણી બની શકે છે અને છિદ્રોને રોકી શકે છે. વાળના ફોલિકલ્સને નાના બનાવી શકે છે.

2) **કાચા ઈંડાની સફેદી** | ઈંડા વાળ માટે ખૂબ સારા છે પરંતુ તેને કાચા ન ખાવા જોઈએ. કાચા ઈંડાની સફેદી બાયોટીનની ઉણપ તરફ દોરી શકે છે, એક વિટામિન જે કેરાટિન ઉત્પાદનમાં મદદ કરે છે. કાચા ઈંડાની સફેદીમાં હાજર એવિડિન બાયોટિન સાથે તેના આંતરડાના શોષણમાં દખલ કરે છે.


3) **માછલી** | માછલીમાં જોવા મળતો પારો અચાનક વાળ ખરવાનું કારણ બની શકે છે. પારાના સંસર્ગનો સૌથી સામાન્ય સ્ત્રોત માછલી છે. દરિયાઈ માછલીઓ જેમ કે સ્વોર્ડફિશ, મેકરેલ, શાર્ક અને ટ્યૂનાની કેટલીક જાતોમાં પારો હોય છે.

4) **ખાંડ** | ખાંડ તમારા વાળ માટે એટલી જ ખરાબ છે જેટલી તે તમારા એકંદર સ્વાસ્થ્ય માટે છે. અધ્યયનોએ બતાવ્યું છે કે વધુ માત્રામાં ખાંડનું સેવન કરવાથી તમારા વાળ ખરી શકે છે અથવા તો પુરુષો અને સ્ત્રીઓ બંનેમાં ટાલ પડી શકે છે.

5) **ઉચ્ચ ગ્લાયકેમિક ઇન્ડેક્સ ધરાવતા** | ખોરાક ઉચ્ચ ગ્લાયકેમિક ઈન્ડેક્સ ધરાવતા ખોરાક ઈન્સ્યુલિન સ્પાઈક્સનું કારણ બને છે. લોટ, બ્રેડ અને ખાંડ જેવા ખોરાકમાં ઉચ્ચ GI હોય છે. આ ખોરાક હોર્મોનલ અસંતુલનનું કારણ બની શકે છે અને ઈન્સ્યુલિન અને એન્ડ્રોજનમાં વધારો કરી શકે છે જે વાળના ફોલિકલ્સને સંકુચિત કરે છે અને વાળ ખરવાનું કારણ બને છે.



6) **વાઇન** | વાળ કેરાટિન નામના પ્રોટીનથી બનેલા હોય છે. કેરાટિન એક પ્રોટીન છે જે તમારા વાળને ટેક્સચર આપે છે. આલ્કોહોલ પ્રોટીન સંશ્લેષણ પર નકારાત્મક અસર કરે છે અને વાળ નબળા અને નબળા બની શકે છે. વધુમાં ભારે આલ્કોહોલનું સેવન કોષોને અસંતુલન તરફ દોરી શકે છે.



# એશિયા કપ 2022 શ્રીલંકામાં નહીં સંયુક્ત આરબ અમીરાતમાં રમાશે

■ BCCI અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ કર્યું એલાન

ગુજરાત | વંદન

શ્રીલંકા આઝાદી બાદ ભયંકર આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યું છે ત્યાં બીજી તરફ રાજકીય સકંટ પણ સર્જાયું હતું જેના પગલે એશિયા કપ 2022 શ્રીલંકામાં રમાશે કે નહીં તેના અંગે અનેક સવાલો સર્જાયો હતા ત્યારે હવે એશિયા શ્રીલંકાને બદલે સંયુક્ત આરબ અમીરાત રમાશે તેમ બીસીસીઆઈ અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ કહ્યું છે.

27 ઓગસ્ટથી 11 સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા એશિયા કપ 2022માં છ ટીમો ભાગ લેવા જઈ રહી છે. શ્રીલંકા, ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન આ ટુર્નામેન્ટ માટે પહેલેથી જ ક્વોલિફાય થઈ ચૂક્યા છે. આ સાથે જ ક્વોલિફાઈંગ ટૂર્નામેન્ટ બાદ છઠ્ઠી અને અંતિમ ટીમ નક્કી કરવામાં આવશે. છ ટીમોની ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટ કે જેમાં હોંગકોંગ, કુવૈત, સિંગાપોર અને યુએઈનો સમાવેશ થાય છે, તેનો પ્રારંભ તારીખ 20મી ઓગસ્ટથી થશે. ઉલ્લેખનીય છે કે અગાઉ આ ટુર્નામેન્ટનું આયોજન શ્રીલંકામાં થવાનું હતું પરંતુ ત્યાંની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી દેશવ્યાપી હિંસક પ્રદર્શનને કારણે ત્યાં એશિયા કપનું આયોજન ન કરવાનો નિર્ણય લેવાયો હતો.

એશિયા કપનો પ્રારંભ ઈ.સ.1984માં થયો હતો અને તે અત્યાર સુધીમાં 14 વખત યોજાઈ ચૂક્યો છે. ભારતીય ટીમ આ ટૂર્નામેન્ટની સૌથી સફળ ટીમ છે જેણે 7 વખત ખિતાબ જીત્યો છે. શ્રીલંકાએ પાંચ વખત એશિયા કપની ટ્રોફી અને પાકિસ્તાને બે વખત, શ્રીલંકાએ ટૂર્નામેન્ટની તમામ 14 આવૃત્તિઓમાં ભાગ લીધો છે, જ્યારે ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશની ટીમોએ 13-13 વખત આ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો છે. ટીમ ઈન્ડિયા હાલ એશિયા કપની ચેમ્પિયન છે.

## ઈંગ્લેન્ડમાં ગુજરાતના ખેલાડી પૂજારાએ કાઉન્ટી ક્રિકેટમાં રચ્યો નવો ઈતિહાસ

# ચેતેશ્વર પૂજારાએ 3 બેવડી સદી ફટકારીને 108 વર્ષનો રેકોર્ડ તોડ્યો

ગુજરાત | વંદન

ઈંગ્લેન્ડ ભયંકર ગરમીમાં શેકાઈ રહ્યું છે. કાળઝાળ ગરીમમાં લોકો શેકાઈ રહ્યા છે. આ ઉનાળાની વચ્ચે ભારતીય બેટ્સમેન ચેતેશ્વર પૂજારાએ બુધવારે લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર બેટ વડે તરખાટ મચાવ્યો હતો. કાઉન્ટી ચેમ્પિયનશિપમાં બેવડી સદી ફટકારી હતી. આ સાથે જ સાથે જ તે 108 વર્ષ પછી સસેક્સ તરફથી એક જ સીઝનમાં ત્રણ ડબલ સેન્ચુરી કરનારો પ્રથમ પ્લેયર બન્યો છે. આ સિવાય તે પ્રથમ ભારતીય પણ બની ગયો છે, જેણે ક્રિકેટના મક્કા તરીકે જાણીતા લોર્ડ્સમાં ડબલ સેન્ચુરી મારી છે.

પૂજારાએ આ સિઝનમાં ત્રીજી વખત બેવડી સદી ફટકારવામાં આવી છે. મિડલસેક્સ સામે સસેક્સની કેપ્ટનશીપ કરતી વખતે પૂજારાએ 368 બોલમાં 200 રન પૂરા કર્યા હતા. આ દરમિયાન તેણે 19 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકારીને પોતાની ટીમની સ્થિતિ મજબૂત કરી હતી. સસેક્સને છેલ્લો ફટકો પૂજારાના રૂપમાં 523 રનના સ્કોર પર લાગ્યો હતો. તે 403 બોલમાં 231 રન બનાવીને આઉટ થયો હતો.



પૂજારા 108 વર્ષ બાદ એક જ કાઉન્ટી સિઝનમાં ત્રણ બેવડી સદી ફટકારનાર સસેક્સનો પ્રથમ ખેલાડી બન્યો છે. તે છેલ્લી કેટલીક મેચોથી શાનદાર ફોર્મમાં છે. ભારત અને ઈંગ્લેન્ડ વિરુદ્ધ એજબેસ્ટન ટેસ્ટમાં બીજી ઈનિંગમાં અડધી સદી ફટકારી હતી. મિડલસેક્સ સામેની મેચ પહેલા ટોમ હેઈન્સ ઈજાગ્રસ્ત થયા બાદ પૂજારાને સસેક્સનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. લિસેસ્ટરશાયર સામેની પાછલી મેચમાં હેઈન્સને હાથમાં ઈજા થઈ હતી, ત્યારબાદ તેને 5 થી 6 અઠવાડિયાના આરામની સલાહ આપવામાં આવી હતી. મિડલસેક્સ સામે પ્રથમ બેટિંગ કરતા સસેક્સે 35 ઓવરમાં 99 રનમાં 2 વિકેટ ગુમાવી દીધી હતી.

આ પછી પુજારાએ ટોમ સાથે મળીને 219 રનની શાનદાર ભાગીદારી કરી હતી. ભારતીય બેટ્સમેને અગાઉ ડર્બીશાયર અને ડરહામ સામે બેવડી સદી ફટકારી હતી. સસેક્સ માટે પૂજારાની


## નીરજ ચોપરાએ જેવલીન થ્રોમાં સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો

# વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ‘ગોલ્ડન’ બોયને સિલ્વર

ગુજરાત | વંદન

ઓલિમ્પિકના ગોલ્ડન બોય નીરજ ચોપરાએ અમેરિકાના યુજીનમાં ચાલી રહેલી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતને મેન્સ જેવલીન થ્રો ઈવેન્ટમાં સિલ્વર મેડલ અપાવીને ઈતિહાસ રચી દીધો હતો. નીરજે ૮૮.૧૩ મીટરના થ્રો સાથે સિલ્વર સફળતા મેળવી હતી. આ સાથે ભારત વર્લ્ડ ચેમ્પિયનશિપના ૪૬ વર્ષના ઈતિહાસમાં શ્રેષ્ઠ દેખાવ કરતાં સૌપ્રથમ વખત સિલ્વર મેડલ જીત્યું હતુ. જ્યારે વર્લ્ડ એથ્લેટિક્સમાં ભારતને ૧૯ વર્ષ બાદ મેડલ મળ્યો હતો. છેલ્લે ૨૦૦૩ની પેરિસ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં લોંગ જમ્પર અંજુ બોબી જ્યોર્જે બ્રોન્ઝ જીત્યો હતો, જે અત્યાર સુધી વર્લ્ડ એથ્લેટિક્સમાં ભારતનો એકમાત્ર મેડલ હતો.

નીરજે ટોક્યોમાં ભારતને ઓલિમ્પિકમાં એથ્લેટિક્સના ઈતિહાસના સૌપ્રથમ મેડલ તરીકે ગોલ્ડ અપાવીને અનોખો ઈતિહાસ રચી દીધો હતો. હવે તેણે વર્લ્ડ એથ્લેટિક્સમાં ભારતને સૌપ્રથમ સિલ્વર અપાવનારા એથ્લીટ તરીકે પણ રેકોર્ડબુકમાં સુવર્ણાક્ષરે નામ નોંધાવી દીધું હતુ. નીરજની આ સિધ્ધિ બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, સ્પોર્ટ્સ મંત્રી અનુરાગ ઠાકુર સહિતના રાજનેતાઓએ અભિનંદનની વર્ષા કરી હતી. નીરજના હરિયાણાના પાણીપતમાં આવેલા ખાન્દ્રા ગામમાં પણ ઉત્સવનું વાતાવરણ જોવા મળ્યું હતુ.



## ભારતની આશાઓ પર ફરી વળ્યું પાણી

# નીરજ ચોપરા કોમનવેલ્થ ગેમ્સમાંથી બહાર

ગુજરાત | વંદન

કોમનવેલ્થ ગેમ્સ 2022ની ઠીક શરૂઆત પહેલા ભારતને મોટો ઝટકો લાગ્યો છે. ટોક્યો ઓલમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનારા જેવલિન થ્રોઅર નીરજ ચોપરા કોમનવેલ્થ ગેમ્સમાંથી બહાર થઈ ગયો છે. થોડા દિવસ પહેલા જ વર્લ્ડ એથલેટિક્સમાં સિલ્વર જીતનારા નીરજ ઈજાગ્રસ્ત થતાં કોમનવેલ્થ ગેમ્સમાંથી બહાર થઈ ગયો છે. ભારત મોટા ભાગે કોમનવેલ્થ ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરતું આવ્યું છે અને ટોપ 3માં પોતાની જગ્યા કન્ફર્મ કરે છે. આ વખતે પણ સૌ કોઈને આશા હતી કે, નીરજ ચોપરાના કારણે જેવલિન થ્રોમાં ભારતને આશા હતી પણ હવે આ આશા પર પાણી ફરી વળ્યું છે. નીરજ ચોપરાએ ખુદ કન્ફર્મ કર્યું છે કે, તે ઈજાગ્રસ્ત હોવાના કારણે આ રમતમાં ભાગ લઈ શકશે નહીં.

ઉલ્લેખનીય છે કે, આ વખતે કોમનવેલ્થ ગેમ્સ ઈંગ્લેન્ડના બર્મિંઘમમાં રમાઈ રહી છે. ભારત તરફથી આ વખતે 200થી વધારે સભ્યોનું પ્રતિનિધિમંડળ કોમનવેલ્થ ગેમ્સમાં મોકલવામાં આવ્યું છે જેમાં સવા સોથી વધારે ખેલાડીઓ સામેલ છે.

## ટુર્નામેન્ટ જાન્યુઆરીમાં યોજાય તેવી શક્યતા

# દ.આફ્રિકામાં મિની ક્રિકેટ કાર્નિવલ યોજાશે, આઈપીએલ ફ્રેન્ચાઇઝીએ 6 ટીમને ખરીદી

ગુજરાત | વંદન

આઈપીએલ 2023 પહેલા મિની આઈપીએલ રમાશે તે ભારતમાં નહીં, પરંતુ દક્ષિણ આફ્રિકામાં થશે. ખરેખર, ક્રિકેટ સાઉથ આફ્રિકાએ આઈપીએલની તર્જ પર ટી-20 લીગ શરૂ કરી હતી. તેને મિની આઈપીએલ કહેવામાં આવી રહ્યું છે કારણ કે તેમાં ભાગ લેનારી 6 ટીમોને આઈપીએલ ફ્રેન્ચાઈઝીના માલિકો દ્વારા ખરીદવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મુંબઈ ઈન્ડિયન્સ, ચેન્નાઈ સુપર કિંગ્સ, દિલ્હી કેપિટલ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ, લખનૌ સુપર જાયન્ટ્સ અને રાજસ્થાન રોયલ્સે દક્ષિણ આફ્રિકાની ટી-20 લીગમાં ભાગ લઈ રહેલી તમામ 6 ટીમોની માલિકી મેળવી લીધી છે. આ ટુર્નામેન્ટ આવતા વર્ષે જાન્યુઆરીમાં યોજાય તેવી શક્યતા છે.

ચેન્નઈ સુપર કિંગ્સે આ અનૌપચારિક હરાજીમાં સૌથી ઊંચી બોલી લગાવી હતી. તેમને જોહાનિસબર્ગની ફ્રેન્ચાઈઝી મળી હતી. મુંબઈ ઈન્ડિયન્સને કેપ્ટાઉન ટીમ, જ્યારે સન ટીવી ગ્રુપ, જે સનરાઈઝર્સ હૈદરાબાદના માલિક છે, તેમને એલિઝાબેથ ફ્રેન્ચાઈઝી મળી હતી. સંજીવ ગોયન્કાની લખનઉ સુપર જાયન્ટ્સને ડરબનની



ટીમ મળી છે. તો રાજસ્થાન રોયલ્સે પાર્લ ટીમ ખરીદી છે અને દિલ્હી કેપિટલ્સની ટીમ પ્રિટોરિયા રહેશે. સાઉથ આફ્રિકા બોર્ડ નવા માલિકોની ઔપચારિક જાહેરાત હવે કરશે.

ક્રિકબઝના અહેવાલ મુજબ 6 અલગ-અલગ આઈપીએલ ફ્રેન્ચાઈઝીના માલિકોએ આવતા વર્ષની શરૂઆતમાં યોજાનારી ક્રિકેટ સાઉથ આફ્રિકાની નવી ટી-20 લીગમાં ભાગ લેનારી તમામ 6 ફ્રેન્ચાઇઝીને ખરીદી લીધી છે. અહેવાલમાં જણાવાયું છે કે મુકેશ અંબાણી (મુંબઈ ઈન્ડિયન્સ), એન શ્રીનિવાસન (ચેન્નઈ સુપર કિંગ્સ), પાર્થ જિંદાલ (દિલ્હી કેપિટલ્સ), મારન પરિવાર (સનરાઈઝર્સ હૈદરાબાદ), સંજીવ ગોએન્કા (લખનૌ સુપર જાયન્ટ્સ) અને મનોજ બડાલે (રાજસ્થાન રોયલ્સ) એ ભાગ લીધો હતો. જોકે, આયોજકોએ હજુ સુધી તેમની ટીમ ખરીદવાની સત્તાવાર જાહેરાત કરી નથી.આ મહિનાના અંતમાં ફ્રેન્ચાઈઝીના વિજેતાની જાહેરાત થઈ શકે છે.

## ભારત કુસ્તી, બેડમિન્ટન, બોક્સિંગ અને ટેબલ ટેનિસમાં હોટ ફેવરિટ

# ઈંગ્લેન્ડમાં આજથી કોમનવેલ્થ ગેમનો થશે રંગેચંગે આરંભ

■ ભારતીય ખેલાડીઓ ‘ગોલ્ડ’ માટે તૈયાર

ગુજરાત | વંદન

ઈંગ્લેન્ડના બર્મિંગહામમાં આજથી એટલે કે 28 જુલાઈથી 22માં કોમનવેલ્થ ગેમ્સનો આરંભ થવા જઈ રહ્યો છે ત્યારે ભારતીય ખેલાડીઓ દમદાર દેખાવ સાથે ગોલ્ડ મેડલ જીતવા માટે દાવેદારી નોંધાવશે. નોંધનીય છે કે, ભારતે કોમનવેલ્થ ગેમ્સમાં 16 રમતમાં 215 ખેલાડીઓને મેદાનમાં ઉતાર્યા છે જોકે, નીરજ ચોપરા ઈજાના પગલે બહાર થઈ ગયો છે.

ટોક્યો ઓલિમ્પિકમાં શાનદાર પ્રદર્શન બાદ ભારતના ખેલાડીઓ પાસે કોમનવેલ્થ



ગેમ્સમાં પણ ગોલ્ડ મેડલની આશા રાખવામાં આવી રહી છે. તમને જણાવી દઈએ કે, ભારતીય મહિલા ક્રિકેટ ટીમ પણ કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લઈ રહી છે.

**બેડમિંટન :** ભારતની ડબલ ઓલિમ્પિક મેડાલીસ્ટ સિંધુની સાથે મેન્સ સિંગલ્સના સ્ટાર કિદામ્બી શ્રીકાંત અને લક્ષ્ય સેન મેદાનમાં ઉતરશે. સિંધુ-શ્રીકાંતને સિંગલ્સમાં પ્રથમ ગોલ્ડની તલાશ છે જ્યારે સાત્વિક-ચિરાગની જોડી પણ મેડલની દાવેદાર છે. સિંગલ્સ સિવાય મિક્સ ટીમ ઈવેન્ટમાં પણ ભારત મેડલ જીતી શકે છે.

**કુસ્તી :** કુસ્તીમાં ભારતે કુલ 12 ખેલાડીઓને મેદાનમાં ઉતાર્યા છે. ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનારો રવિ દહિયા તેમજ બ્રોન્ઝ મેડલ જીતનાર બજરંગ પુનિયા કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીતવા પ્રબળ દાવેદાર છે.

વેઈટલિફ્ટિંગ ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડાલીસ્ટ મીરાબાઈ ચાનુ 49 કિગ્રા વજન વર્ગમાં કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતવા માટે ફેવરિટ મના છે જ્યારે યુવા વેઈટલિફ્ટર જેરેમી લાલરિનુંગા પણ મેડલના દાવેદાર છે.

## ICCએ ચાર મેજર વિમેન્સ ટુર્નામેન્ટના આયોજનની જાહેરાત કરી

# 2025માં ICC મહિલા વર્લ્ડ કપની મેજબાની કરશે ભારત

ગુજરાત | વંદન

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલે વર્ષ 2024થી 2027 દરમિયાન મહિલાઓની ચાર મેજર વિમેન્સ ટુર્નામેન્ટના આયોજનની જાહેરાત કરી દીધી છે. આ અંતર્ગત વર્ષ 2025માં મહિલા વન-ડે વર્લ્ડ કપનું આયોજન ભારતમાં જ થશે. બર્મિંગહામમાં ચાલી રહેલી વાર્ષિક સાધારણ સભા દરમિયાન આઈસીસીએ આ કાર્યક્રમ પર મહોર મારી દીધી હતી. જેમાં બે ટી-20 વર્લ્ડકપ, એક વન-ડે વર્લ્ડકપ અને પ્રથમ વખત મહિલા ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની કરવામાં આવશે. વિમેન્સ ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન ટી-20 ફોર્મેટમાં થશે, જેનું આયોજન વર્ષ 2027માં થવાનું છે.

આઈસીસીની તાજેતરની જાહેરાત અંતર્ગત ભારતીય ઉપખંડમાં જ ત્રણ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવશે. ભારતની વાત કરીએ તો બીસીસીઆઈ વર્ષ 2025માં મહિલા વન ડે વર્લ્ડકપની યજમાની કરશે. ચાલુ વર્ષે ન્યુઝીલેન્ડમાં વિમેન્સ વર્લ્ડ કપ યોજાયો હતો, જેમાં ઓસ્ટ્રેલિયાએ ફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવીને જીત મેળવી હતી.

આ ભારતમાં આઈસીસીની પાંચમી મહિલા ટૂર્નામેન્ટ હશે. ભારત અત્યાર સુધીમાં 3 વન-ડે વર્લ્ડકપ અને એક ટી-20 વર્લ્ડ કપની યજમાની કરી ચૂક્યું છે. આ સાથે મહિલા આઈસીસી ટુર્નામેન્ટ નવ વર્ષ બાદ ભારત પરત ફરશે. ભારતે છેલ્લે 2016માં ટી-20 વર્લ્ડ કપની યજમાની કરી હતી. છેલ્લે 2013માં ભારતમાં વન-ડે વર્લ્ડ કપ યોજાયો હતો. આઈસીસીએ નક્કી કરેલા કાર્યક્રમ અનુસાર આ ટુર્નામેન્ટમાં આઠ ટીમો ભાગ લેશે.



## નરેન્દ્ર મોદી આ ઐતિહાસિક કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે

# ચેન્નાઈમાં 44મો વર્લ્ડ ચેસ સ્પર્ધાનો આજથી આરંભ, 190 દેશોનાં 2500 ખેલાડીઓ ભાગ લેશે

ગુજરાત | વંદન

યુક્રેન પરના હુમલા બાદ રશિયા પાસેથી આંચકી લેવાયેલી ચેસના પ્રતિષ્ઠિત ૪૪માં વર્લ્ડ ઓલિમ્પિયાડની યજમાની ભારતના ચેન્નાઈમાં આજથી પ્રારંભ થશે જેનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ ઐતિહાસિક કાર્યક્રમનું ઉદઘાટન કરશે. ચેન્નાઈના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં 2 કલાકનો ભવ્ય ઉદઘાટન સમારોહ યોજાશે, સંગીતકાર એઆર રેહમાન પરફોર્મ કરશે. સમાપન પણ અહીં જ થઈ શકે છે, ક્લોઝિંગમાં સમુદ્ર સ્થળની પસંદગી માટે ફેડરેશને સરકારને અપીલ કરી છે. આપવામાં આવી છે. દર બે વર્ષે યોજાતી ચેસની આ એલિટ ટુર્નામેન્ટમાં વિશ્વના ૧૯૦ જેટલા દેશો ભાગ લેશે અને બે સપ્તાહની ટુર્નામેન્ટના આયોજનનું બજેટ અધધધ રૂપિયા ૭૫ કરોડનું છે.

ભારતમાં ૪૪મો વર્લ્ડ ચેસ ઓલિમ્પિયાડ ૨૦૨૨ ચેન્નાઈ ખાતે યોજાશે. ચેન્નાઈથી ૫૮ કિલોમીટર દૂર આવેલા મહાબલીપૂરમમાં તેનું આયોજન કરવામાં આવશે. ઓલિમ્પિયાડમાં 190 દેશના 2500 લોકો આવશે. સુરક્ષા માટે 4000 પોલીસ કર્મીઓને તૈનાત કરાયા છે.

ભારતમાં આ બીજી મેજર ચેસ ચેમ્પિયનશિપ યોજાવા જઈ રહી છે. અગાઉ ૨૦૧૩માં ભારતમાં વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ મેચ યોજાઈ હતી. જેમાં ભારતના વિશ્વનાથન આનંદને હરાવીને પહેલી વખત નોર્વેનો મેગ્નસ કાર્લસન ચેમ્પિયન બન્યો હતો. ગત મહિને જ્યારે રશિયા પાસેથી વર્લ્ડ ચેસ ઓલિમ્પિયાડની યજમાની આંચકી લેવામાં આવી હતી. અગાઉના આયોજન મુજબ મોસ્કોમાં આ ઓલિમ્પિયાડ ૨૬ જુલાઈ થી ૮ ઓગસ્ટ દરમિયાન યોજાવાનો હતો.

## નિષ્ફળતામાં સફળતા | મેદાનમાં ‘ફ્લોપ’ કોહલી સોશિયલ મીડિયામાં ‘હિટ’

# એશિયામાં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડી બન્યો વિરાટ કોહલી, એક પોસ્ટથી રળે છે અધધ.. ₹8 કરોડ

ગુજરાત | વંદન

વિરાટ કોહલી લાંબા સમયથી ખરાબ ફોર્મથી પસાર થઈ રહ્યો છે છેલ્લા ત્રણ વર્ષથી તે એકપણ સદી ફટકારી શક્યો નથી એટલું જ નહીં ટીમમાં તેના રહેવા પર સવાલો ઉઠી રહ્યા છે, પરંતુ મેદાનની બહાર કિંગ કોહલીનો દબદબો યથાવત છે. સોશિયલ મીડિયા પર તેના ફેન્સની કોઈ કમી નથી. 33 વર્ષીય વિરાટ કોહલી આજે પણ સોશિયલ મીડિયા સેલિબ્રિટી તરીકે વર્ચસ્વ ધરાવે છે. વિરાટ એશિયામાં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડી છે. વિરાટ કોહલી એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટથી અધધ.. 8 કરોડ રૂપિયા રળે છે.

વિરાટ કોહલી ભલે બેટથી રન ન મેળવી રહ્યો હોય, પરંતુ તે એશિયામાં સૌથી વધુ કમાણી કરનાર સેલિબ્રિટી છે. વિરાટ કોહલી તેની દરેક ઈન્સ્ટાગ્રામ પોસ્ટથી 8 કરોડ રૂપિયા કમાય છે. hopperhq.



com દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી અનુસાર, વિરાટ કોહલી આમાં 14માં સ્થાને છે. આ યાદીમાં અભિનેત્રી પ્રિયંકા ચોપરાનું નામ પણ સામેલ છે જે 27મા સ્થાને છે અને પ્રતિ પોસ્ટે લગભગ 3 કરોડ રૂપિયા મળે છે. ટોપ 15માં વિરાટ કોહલી એકમાત્ર ભારતીય છે. આ યાદીમાં વિશ્વનો દિગ્ગજ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પ્રથમ નંબરે છે.

વિરાટ કોહલીના ઈન્સ્ટાગ્રામ પર 200 મિલિયન ફોલોઅર્સ છે. આટલા બધા ફોલોઅર્સ ધરાવતા તેઓ પ્રથમ ભારતીય છે. આ મામલે વિરાટની નજીક પણ કોઈ ભારતીય નથી. એટલું જ નહીં, વિરાટ ગયા વર્ષે 100 મિલિયન ફોલોઅર્સ પૂરા કરનાર પ્રથમ ભારતીય હતો. માત્ર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (451 મિલિયન), કાઈલી જેનર (345 મિલિયન), લિયોનેલ મેસ્સી (327 મિલિયન ફોલોઅર્સ), સેલેના ગોમ્સ (325 મિલિયન) અને ડ્વેન જોન્સન (320) વિરાટથી આગળ છે.

છેલ્લા કેટલાક સમયથી વિરાટ કોહલીના બેટમાંથી રન નથી મળી રહ્યા, પરંતુ તે આજે પણ સોશિયલ મીડિયા પર કિંગ છે. કોહલી મોટા લેવલનો ખેલાડી છે, તેનામાં એવી ક્ષમતા છે કે તે માત્ર થોડા જ બોલમાં મેચનું પરિણામ બદલી શકે છે. કોહલીએ ટીમ ઈન્ડિયા માટે ઘણી મેચ પોતાના દમ પર જીતી છે.

## BCCIનું ટાઈટલ સ્પૉન્સર હવે પેટીએમ નહીં પણ માસ્ટરકાર્ડ

# ભારતમાં ઓસ્ટ્રેલિયા સામે રમાનારી શ્રેણીનું ટાઈટલ સ્પોન્સર માસ્ટરકાર્ડ કરશે

ગુજરાત | વંદન

ભારતીય ટીમ અત્યારે હાલ વેસ્ટઈન્ડીઝ પ્રવાસે છે ત્યારે ઓસ્ટ્રેલિયા સામે સપ્ટેમ્બરથી શરૂ થનારી હોમ સિરિઝથી ટીમ ઈન્ડિયાનું ટાઈટલ સ્પૉન્સર પેટીએમની જગ્યાએ માસ્ટરકાર્ડ હશે. ઉલ્લેખનીય છે કે પેટીએમએ બીસીસીઆઈને પોતાનો ટાઈટલ સ્પૉન્સરનો અધિકાર માસ્ટરકાર્ડના દેવાનો અનુરોધ કર્યો હતો જે બીસીસીઆઈએ સ્વીકારી લીધો છે.

2019માં બીસીસીઆઈએ પેટીએમનો ટાઈટલ સ્પૉન્સર તરીકેનો અધિકાર ભારતમાં રમાનાર આંતરરાષ્ટ્રીય અને ડોમેસ્ટિક મેચ માટે ચાર વર્ષ માટે વધાર્યો હતો. પેટીએમને વર્ષ 2019થી 2023 સુધી ટાઈટલ સ્પૉન્સરશિપ માટે 326.80 કરોડ રૂપિયા ચૂકવવાના હતા. એટલે કે આ ડીલ પ્રતિ મેચ 3.80 કરોડ રૂપિયાની હતી. આ ડીલ અગાઉ 2.4 કરોડ રૂપિયા પ્રતિ મેચની હતી.

આ વર્ષે સપ્ટેમ્બરમાં પહેલા ઓસ્ટ્રેલિયા અને ત્યારબાદ સાઉથ આફ્રિકાની વિરૂદ્ધ થનાર હોમ સિરિઝમાં માસ્ટરકાર્ડ સ્પૉન્સર હશે. ઑક્ટોબરમાં ઓસ્ટ્રેલિયામાં યોજાનાર ટી-20 વર્લ્ડ કપ અગાઉ કાંગારૂની ટીમ સપ્ટેમ્બરમાં ભારતમાં રમવા માટે આવશે. ઓસ્ટ્રલિયાની ટીમ ભારતમાં ત્રણ T20 મેચની સિરિઝ રમવા માટે આવશે. સિરિઝનો પહેલો મેચ 20 સપ્ટેમ્બરે મોહાલીમાં, બીજો મેચ 23 સપ્ટેમ્બરે નાગપુરમાં અને છેલ્લો મેચ 25 સપ્ટેમ્બરે હૈદરાબાદમાં રમાશે. ઓસ્ટ્રેલિયા પછી સાઉથ આફ્રિકાની ટીમ ભારત આવશે. સાઉથ આફ્રિકા 3 ટી-20 મેચ અને 3 વનડે મેચ રમશે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# દેશના પ્રથમ આદિવાસી મહિલા બન્યા રાષ્ટ્રપતિ

# શપથગ્રહણ સાથે 15મા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના કાર્યકાળનો આરંભ

ગુજરાત | વંદન

દ્રૌપદી મુર્મૂએ સોમવારે દેશના 15માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. તેઓ દેશના પહેલા આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) એનવી રમનાએ તેમને શપથ લેવડાવ્યા. તેમને 21 તોપોની સલામી આપવામાં આવી હતી. દ્રૌપદી મુર્મૂ દેશના સૌથી યુવા રાષ્ટ્રપતિ બન્યા છે. નોંધનીય છે કે, મુર્મૂ અગાઉ ઝારખંડ સહિતના રાજ્યોના રાજ્યપાલ પણ રહી ચૂક્યા છે.

દેશના 15મા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શપથગ્રહણ બાદ પોતાનું સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે હું સમગ્ર ભારતના નાગરિકોની આશાઓ અને આકાંક્ષાઓ અને અધિકારોના પ્રતિક સમાન આ પવિત્ર સંસદ તરફથી તમામ દેશવાસીઓને નમ્રતાપૂર્વક શુભેચ્છાઓ પાઠવું છું. તમારી આત્મીયતા, તમારો વિશ્વાસ અને તમારો સાથ, મારા માટે આ નવી જવાબદારી પૂરી કરવામાં મોટી તાકાત હશે.




દ્રૌપદી મુર્મુએ સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં પદના શપથ લીધા બાદ કહ્યું કે, હું દેશની આવી પ્રથમ એવી રાષ્ટ્રપતિ છું, જેનો જન્મ સ્વતંત્ર ભારતમાં થયો હતો. આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ સાથે સ્વતંત્ર ભારતના નાગરિકોની અપેક્ષાઓ પૂરી કરવા માટે આપણે આપણા પ્રયત્નો વધારવા પડશે. દ્રૌપદી મુર્મુએ કહ્યું, મારો જન્મ ઓડિશામાં એક આદિવાસી ગામમાં થયો હતો. પરંતુ તે દેશની લોકશાહીની શક્તિ છે જેણે મને આટલે સુધી પહોંચાડી છે. દેશના 15મા પ્રમુખ દ્રૌપદી મુર્મૂ 2027માં થશે નિવૃત ત્યાં સુધી કરશે દેશની સેવા.

રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, 'દેશે મને એક એવા મહત્વપૂર્ણ કાલખંડમાં રાષ્ટ્રપતિ તરીકે પસંદ કરી છે જ્યારે આપણે આપણી આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ. આજથી અમુક દિવસો બાદ દેશ સ્વાધીનતાના 75 વર્ષ પૂર્ણ કરશે. આ પણ એક સંયોગ કહી શકાય કે, દેશ જ્યારે પોતાની આઝાદીના 50મા વર્ષનો પર્વ ઉજવી રહ્યો હતો ત્યારે મારી રાજકીય કારકિર્દીની શરૂઆત થઈ હતી અને આજે આઝાદીના 75મા વર્ષે મને આ નવી જવાબદારી મળી છે.'

## મહારાષ્ટ્ર ભાજપ પ્રદેશ પ્રમુખના નિવેદનથી ફરી રાજકારણમાં હલચલ

# 'દિલ પર પથ્થર રાખીને એકનાથ શિંદેને બનાવ્યા મુખ્યમંત્રી'



ગુજરાત | વંદન

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની સરકાર ઉથલાવી એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. શિંદેને સીએમ બનવાને લઈને ભાજપની અંદરથી પહેલો વિરોધ ઉઠ્યો છે. પ્રદેશ અધ્યક્ષ ચંદ્રકાંત પાટિલે રાજ્ય કાર્યકારિણીની બેઠકમાં જાહેરમાં આ વાત કરી. તેમને કહ્યું કે સરકારને સ્થિર રાખવા માટે દિલ પર પથ્થર મૂકીને શિંદેને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. નવી સરકાર બન્યા બાદ આ પહેલું નિવેદન છે જે વિરોધ તરફ ઈશારો કરે છે.

ચંદ્રકાંત પાટિલે કહ્યું કે યોગ્ય મેસેજ આપવા અને અમે જે કંઈ કરી રહ્યાં છીએ તેમાં સ્થિરતા લાવવા માટે અમે મન પર પથ્થર મૂકીને દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્રીય નેતૃત્વે નિર્ણય લીધો કે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે હશે. અમને દુ:ખ થયું. બીજી બીજુ મહારાષ્ટ્રની નવી સરકારના મંત્રીમંડળ વિસ્તરણને લઈને પણ મોડું થઈ રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વિભાગમાં વ્હેંચણીને લઈને એક મત નથી બનતો.

બીજી તરફ શિવસેનાના નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી આદિત્ય ઠાકરેએ દાવો કર્યો છે કે રાજ્યમાં મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વવાળી સરકાર ગેરબંધારણીય છે અને તે ટૂંક સમયમાં પડી જશે. જણાવી દઈએ કે ઠાકરે આ દિવસોમાં મહારાષ્ટ્રની મુલાકાતે છે જેને શિવ સંવાદ યાત્રા નામ આપવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે મહારાષ્ટ્રમાં પૂરની સ્થિતિ છે, પરંતુ સરકાર પાર્ટીના વિસ્તરણમાં લાગી છે. "અમે ફક્ત મહારાષ્ટ્રના લોકોના સંપર્કમાં છીએ અને બળવાખોર ધારાસભ્યો ઈચ્છે તો અમારી પાસે પાછા આવી શકે છે.

નોંધનીય છે કે, શિવસેનામાંથી બળવો કર્યા બાદ ગત 30 જૂને એકનાથ શિંદેએ CM પદ તરીકે અને દેવેન્દ્ર ફડણવીસે ડેપ્યુટી CM તરીકે શપથ લીધા હતા. માનવામાં આવે છે કે દેવેન્દ્ર ફડણવીસ CM બનશે. પરંતુ ડેપ્યુટી CMની જાહેરાત બાદ લોકોને ભારે આશ્ચર્ય થયું હતું.

# હું કોઈ રાજકીય પાર્ટીમાં સામેલ નહીં થાઉ : યશવંત સિન્હા

ગુજરાત | વંદન



પૂર્વ કેન્દ્રીય મંત્રી યશવંત સિન્હા, જેઓ તાજેતરમાં વિપક્ષના ઉમેદવાર તરીકે રાષ્ટ્રપતિની ચૂંટણી હારી ગયા હતા તેમણે મંગળવારે કહ્યું કે, હવે તેઓ કોઈ અન્ય રાજકીય પાર્ટીમાં સામેલ નહીં થાય અને સ્વતંત્ર જ રહેશે. 84 વર્ષના યશવંત સિન્હાએ કહ્યું કે, તેમણે હજુ સુધી નક્કી નથી કર્યું કે, તેઓ ભવિષ્યમાં જાહેર જીવનમાં કંઈ ભૂમિકા ભજવવા માંગે છે. રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા તૃણમૂલ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદ પરથી રાજીનામું આપનારા યશવંત સિન્હાએ જણાવ્યું કે, હું સ્વતંત્ર જ રહીશ અને કોઈ પણ અન્ય રાજકીય પાર્ટીમાં સામેલ નહીં થાવ. સિન્હા કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસ સહિત બિન ભાજપ પાર્ટીઓના સંયુક્ત ઉમેદવાર હતા.

રાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીતનારા NDA ઉમેદવાર દ્રોપદી મુર્મુએ સોમવારે ભારતના 15માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા. શું તેઓ TMC નેતૃત્વના સંપર્કમાં છે? આ પ્રશ્નનો નકારાત્મક જવાબ આપતા સિન્હાએ જણાવ્યું કે, મેં કોઈ સાથે વાત નથી કરી. પૂર્વ નાણાં મંત્રીએ જણાવ્યું કે, હું જોવા માંગુ છું કે, જાહેર જીવમાં મારે કંઈ ભૂમિકા નિભાવવી. હું કેટલો સક્રિય રહીશ? હાલ હું 84 વર્ષનો છુ. આથી આ મુદ્દા છે. મારે જોવું પડશે કે, હું ક્યાં સુધી આગળ વધી શકું છું.

ભાજપના કટ્ટર આલોચક સિન્હા પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના થોડા દિવસ પૂર્વે માર્ચ-2021માં TMCમાં સામેલ થઈ ગયા હતા. તેમણે 2018માં ભાજપ સાથે છેડો ફાડ્યો હતો.

## રશિયા પાસેથી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવાનો વિરોધ કર્યો હતો

# S-400 ડીલ મુદ્દે તુર્કી પર પ્રતિબંધ લાદનાર અમેરિકા ભારત સામે ઝૂક્યું

ગુજરાત | વંદન

રશિયા પાસેથી એસ-400 મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવાના ભારતના પ્રયત્નોનો શરૂઆતી સમયમાં અમેરિકાએ વિરોધ કર્યો હતો. હવે તેણે જ સંસદમાં બિલ પાસ કરીને ભારતને CAATSA માંથી છુટ આપી દીધી છે.

અમેરિકાનો આ નિર્ણય એવા સમયે આવ્યો જ્યારે ભારત તરફથી યુક્રેન યુદ્ધને મુદ્દે પણ રશિયા સામે કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. એક તરફ ભારતે એસ-400 ડીલથી પીછેહઠ કરી નથી અને બીજી તરફ યુક્રેન યુદ્ધ પર રશિયાને મૂક સમર્થન પણ આપ્યુ. એવામાં અમેરિકાની ભારત મુદ્દે આ મહેરબાનીનુ કારણ શુ છે. સંસદમાંથી પાસ આ બિલ



પર હજુ રાષ્ટ્રપતિ જો બાઈડનના હસ્તાક્ષર બાકી છે, જે હવે માત્ર ઔપચારિકતા છે. આ બિલ ભારતને ખાસ રીતે રશિયા સાથે S- 400 મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવા માટે પ્રતિબંધોમાંથી રાહત આપે છે.

ભારતે આ ડિફેન્સ સિસ્ટમને 2018માં રશિયા પાસેથી પાંચ અરબ અમેરિકી ડોલરમાં ખરીદ્યુ હતુ. તે દરમિયાન અમેરિકા તરફથી આકરા નિવેદન આવ્યા હતા અને ડોનાલ્ડ ટ્રંપ તરફથી પ્રતિબંધ સુધીની વાત કહેવામાં આવી હતી પરંતુ હવે તેમનુ વલણ એકદમ અલગ છે અને ઉલટુ સંસદમાંથી બિલ પાસ કરીને તે રાહત આપવા જઈ રહ્યુ છે. રસપ્રદ વાત એ છે કે આ S-400 મિસાઈલ ડિફેન્સ સિસ્ટમને ખરીદવાના પ્રયત્ન કરવા મુદ્દે તુર્કી પર પ્રતિબંધ લગાવ્યો છે.

તુર્કી સાથે અમેરિકાના સંબંધ ખૂબ જટિલ છે. એક તરફ તુર્કી નાટો સંગઠનનુ સભ્ય છે, જે યુક્રેનને મદદ કરી રહ્યુ છે. બીજી તરફ રશિયા સાથે પણ સારા સંબંધ છે અને આનો ફાયદો ઉઠાવતા તેણે તાજેતરમાં જ યુક્રેન અને રશિયાની વચ્ચે એક કરાર કરાવ્યા છે. આ કરાર બાદ યુક્રેન તરફથી ઘઉંની નિકાસ કરવી સરળ થઈ જશે. એવામાં અમેરિકાએ તેની પર એટલા માટે પ્રતિબંધ લગાવ્યા જેથી તેનાથી મળતી રક્ષા તકનીકોને તેઓ રશિયાને ટ્રાન્સફર ના કરી શકે.

## સીબીઆઈએ આંતરરાજ્ય ગેંગનો કર્યો પર્દાફાશ

# રાજયપાલ પદ-રાજ્યસભાની સીટની લાલચ આપી ₹100 કરોડ ખંખેર્યા

ગુજરાત | વંદન




કેન્દ્રીય તપાસ એજન્સી (સીબીઆઈ)એ રાજ્યસભાની બેઠક તથા રાજ્યપાલ બનાવવાના નામે લોકો સાથે છેતરપિંડી કરી રહેલી એક દેશવ્યાપી ટોળકીનો પર્દાફાશ કર્યો છે. આ ટોળકીના સદસ્યો લોકોને મંત્રી પદ કે રાજ્યપાલના પદનું ખોટું વચન આપીને તેમના પાસેથી 100 કરોડ રૂપિયા સુધીની રકમ ખંખેરતા હતા.

આ સમગ્ર રેકેટ દેશના અનેક રાજ્યોમાં વ્યાપેલું હતું. સીબીઆઈએ તાજેતરમાં જ આ મામલે અનેક સ્થળોએ દરોડો પાડ્યો હતો અને કૌભાંડમાં સામેલ 4 લોકોની ધરપકડ કરી લીધી છે. સીબીઆઈ અધિકારીઓના કહેવા પ્રમાણે દરોડા દરમિયાન આ રેકેટ સાથે સંકળાયેલો એક આરોપી ઓફિસર્સ પર હુમલો કરીને ફરાર થઈ ગયો હતો. અધિકારીઓ પર હુમલો કરવાના આરોપસર તેના સામે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અલગથી એફઆઈઆર નોંધાવાઈ છે. સીબીઆઈની એફઆઈઆરમાં મહારાષ્ટ્રના લાતૂરના રહેવાસી કમલાકર પ્રેમકુમાર બંદગાર, કર્ણાટકના બેલગામના રવીન્દ્ર વિઠલ નાઈક, દિલ્હી-એનસીઆરના મહેન્દ્ર પાલ અરોડા, અભિષેક બૂરા તથા મોહમ્મદ એજાઝ ખાનના નામનો ઉલ્લેખ કર્યો છે.

આ સમગ્ર રેકેટમાં સામેલ બંદગાર લોકોને પોતે સીબીઆઈનો વરિષ્ઠ અધિકારી છે તેમ કહીને ફસાવતો હતો. ઉપરાંત તે ઉંચા હોદ્દાઓ પર આસીન વરિષ્ઠ અધિકારીઓ સાથે સંપર્ક હોવાનો પણ દાવો કરતો હતો. તેણે બૂરા, અરોડા, નાઈક અને ખાનને એવી કામગીરી સોંપી હતી કે, તેઓ એવા ગેરકાયદેસર કામ લઈને આવે જેના બદલામાં મોટી રકમ વસૂલી શકાય.

સીબીઆઈની એફઆઈઆરમાં કહેવામાં આવ્યું છે કે, આ રેકેટમાં લોકોને રાજ્યસભાની સદસ્યતા માટે બેઠકની વ્યવસ્થા કરવા, કોઈ રાજ્યના રાજ્યપાલ બનાવવા, કેન્દ્રીય મંત્રાલયો તથા વિભાગો અંતર્ગતના કોઈ સરકારી સંગઠનના અધ્યક્ષ બનાવવાની લાલચ આપવામાં આવતી હતી. તેના બદલામાં લોકો પાસેથી ભારે મોટી રકમ વસૂલવામાં આવતી હતી.

# મોનસૂન સેશન : રાજ્યસભામાં મોંઘવારી સહિતના મુદ્દે હંગામો, 19 સાંસદો સસ્પેન્ડ

ગુજરાત | વંદન

સંસદના બંન્ને ગૃહમાં મોનસૂન સેશન ચાલી રહ્યું છે. ત્યારે આજે ચોમાસુ સત્રના સાતમા દિવસે 19 સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

રોજિંદા વસ્તુઓના ભાવમાં વધારો અને GST વધારાના મુદ્દા પર તાત્કાલિક ચર્ચાની વિપક્ષની માંગને લઈને બંને ગૃહોમાં હોવાળો થતા મંગળવારે સવારે સંસદની કાર્યવાહી ફરી બંધ કરવાની ફરજ પડી હતી. જોકે બપોરના સમયે લોકસભા અને રાજ્યસભામાં કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષી સભ્યોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. રાજ્યસભાના મમતા બેનર્જીની પાર્ટીના સાંસદો સહિતના 19 સાંસદોને આજે ઉપલા ગૃહમાં ભારે હોબાળો કરતા એક સપ્તાહ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. રિપોર્ટ અનુસાર રાજ્યસભાના 19 સાંસદોને સંસદના ચોમાસુ સત્ર દરમિયાન ગૃહમાં પ્રવેશવા અને સૂત્રોચ્ચાર કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ કરાયેલા સાંસદોમાં સુષ્મિતા દેબ, ડૉ. શાંતનુ સેન અને ડોલા સેન, મૌસમ નૂર, શાંતા છેત્રિયા, નદીમુલ હક, અબિરંજન વિશ્વાસ (ટીએમસી) એ. રહીમ અને શિવદાસન, કનિમોઝી (ડીએમકે),બીએલ યાદવ (ટીઆરએસ) અને મોહમ્મદ અબ્દુલ્લા. ગૃહના વેલમાં પ્રવેશવા અને સૂત્રોચ્ચાર કરવા બદલ ઉપલા ગૃહમાંથી તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

# ઈડીને સમન્સ અને ધરપકડનો અધિકાર, મની લોન્ડરિંગ કેસને પડકારતી અરજી પર ચુકાદો

ગુજરાત | વંદન

સુપ્રીમ કોર્ટમાંથી વિપક્ષને મોટો ઝટકો લાગ્યો છે. મની લોન્ડરિંગ હેઠળ એનફોર્સમેન્ટ ડીરેક્ટોરેટની ધરપકડના અધિકારને સુપ્રીમ કોર્ટે યોગ્ય ઠેરવ્યો છે કોર્ટે કહ્યું કે ઈડીની ધરપકડની પ્રક્રિયા મનમાની નથી. તેની સાથે જ પીએમએલએ કાયદા વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજી પણ રદ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની વિભિનેન જોગવાઈઓની માન્યતાને યથાવત રાખી. કોર્ટે કહ્યું કે અધિનિયમ હેઠળ જામીન માટે કડક શરતો કાનૂની છે, તે મનમાની નથી. અત્રે જણાવવાનું કે વિવિધ આરોપીઓ દ્વારા સુપ્રીમ કોર્ટમાં લગભગ 250 જેટલી અરજીઓ દાખલ થઈ હતી જેના પર સુનાવણી બાદ કોર્ટે આ આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે ઈડી અધિકારીઓ માટે મની લોન્ડરિંગના કેસમાં કોઈ અપરાધીને અટકાયતમાં લેવાનો સમય ધરપકડના આધારને જણાવવું જરૂરી નથી.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં ઈડીની તપાસ, ધરપકડ અને સંપત્તિને એટેચ કરવાનો અધિકાર યથાવત રાખ્યો છે. આ સાથે જ કોર્ટે કહ્યું કે તપાસ દરમિયાન ઈડી, એસએફઆઈઓ, ડીઆઈઆઈના અધિકારીઓ (પોલીસ ઓફિસર નહીં) સામે નોંધાયેલા નિવેદનો પણ કાયદેસર પુરાવા છે. આ સાથે જ કોર્ટે કહ્યું કે આરોપીને ઈસીઆઈઆર (ફરિયાદની કોપી) આપવી પણ જરૂરી નથી.

## સંરક્ષણ પ્રધાનની આગેવાનીમાં યોજાયેલી બેઠકમાં ખરીદીને મંજૂરી

# સૈન્ય માટે આધુનિક હથિયારો ખરીદાશે, રૂપિયા 28000 કરોડને કેન્દ્રની લીલીઝંડી

ગુજરાત | વંદન

કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય દ્વારા સૈન્ય માટે ઉપયોગી હથિયારો અને દારુગોળાની ખરીદી માટેના રૂ. ૨૮૦૦૦ કરોડના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આ મંજૂરી એવા સમયે આપવામાં આવી રહી છે જ્યારે ચીન દ્વારા સરહદે અને ખાસ કરીને લદ્દાખમાં અટકચાળો વધી ગયો છે. આ હથિયારોમાં ડ્રોનની ખરીદીને પણ મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહની આગેવાનીમાં યોજાયેલી બેઠકમાં આ ખરીદીને મંજૂરી આપવામાં આવી છે. જે પણ હથિયારોની ખરીદી કરવામાં આવશે તેમાં દુશ્મન દેશોના સ્નાઈપર્સથી સુરક્ષા મેળવવા માટેના ઉપકરણો, આતંકીઓ સામે કાર્યવાહી કરી રહેલા જવાનો માટે વધુ સુરક્ષીત બૂલેટપ્રૂફ જેકેટ, ખાસ કરીને ચીન સરહદ અને પૂર્વી સરહદો પર તૈનાત જવાનો માટે આ ખરીદી કરવામાં આવશે.

જેમાં ૪ લાખ ક્લોઝ ક્વાર્ટર બેટલ કાર્બાઈનનો પણ સમાવેશ થાય છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ આધુનિક યુદ્ધોમાં ટકી રહેવા માટે ભારતીય સૈન્ય વધુ આધુનિક હથિયારો અને ટેક્નોલોજી તરફ વળશે. આ માટે સૈન્યને શસસ્ત્ર ડ્રોન સ્વાર્મ્સ પણ આપવામાં આવશે જેની ખરીદીને પણ મંત્રાલય દ્વારા મંજૂરી આપવામાં આવી છે. જ્યારે સમુદ્રી સુરક્ષા વધારવા માટે ૧૪ અતી ઝડપી જહાજોની ખરીદીને પણ મંજૂરી આપવામાં આવી છે.

## જાદુગર કેજરીવાલનો જાદુ ચાલશે તો...? વીજળીમાં મહિને 5 હજાર બચે તો પાર્ટી બદલતા વાર ન લાગે..!

# સબૂર, સાવધાન..કેજરીવાલની લ્હાણી શરતોને આધિન છે..!

ગુજરાત | વંદન

ગુજરાતમાં ચોમાસુ ભરપૂર છે. આભ ફાટે એટલો વરસાદ બોડેલી, બોરસદ, છોટાઉદેપુર, નવસારીમાં થયો. હવામાન વિભાગ દ્વારા આગાહીઓ પર આગાહીઓ થઇ રહી છે, ભાર વરસાદ થશે, સાવધ રહો, ચેતતા રહો, તંત્ર તૈયારી રાખે...એવા નિવેદનોની વચ્ચે આપ પાર્ટીના અરવિંદ કેજરીવાલે ભાજપના ગઢ મનાતા અને પક્ષને જ્યાંથી વધારે ફંડફાળો મળે છે એ સુરતમાં રણમાં મીઠી વિરડી જેવા જાહેરાત કરી-મૈં આપ કો ફ્રી મેં , મુફત મેં બીજલી દૂંગા, હમને દિલ્હી ઔર પંજાબમેં ફ્રી બીજલી દી હૈ તો ગુજરાત મેં ક્યોં નહીં..કૈસે મુફત મેં બીજલી દેના યે જાદુ ઉપરવાલે નેં સિર્ફ મુઝે હી દિયા હૈ..ઔર યદી ગુજરાત મેં હમારી સરકાર બનતી હૈ તો હમ હર મહિને 300 યુનિટ બીજલી ફ્રી મેં દેંગે ઔર વો ભી બિના પાવર કટ યાનિ ચૌબીસ ઘંટે ફ્રી બીજલી..!

લોકો તો રાજી રાજી થઇ ગયા. વિચારવા લાગ્યા- વીજળીના મોટા મોટા બિલ ભરીને થાક્યા અને હવે જો મફતમાં વીજળી મળતી હોય તો તો કેજરીવાલ ભગવાન સમાન કહેવાય...! કેજરીવાલ જાદુગર કહેવાય. કે. લાલ જાદુગરની જેમ હાથમાં લાકડી લઇને ગોળ ગોળ ફેરવે અને અવિરત...સતત..ખુલ જા સીમ સીમની જેમ મફતમાં વીજળી શુરૂ હો જા...! બીજલી કા જાદુગર કેજરીવાલની કન્ડીશન એપ્લાય વાળી વાત કોઇએ નહીં સાંભળી હોય,.તેમણે કહ્યું છે કે મહિને 300 યુનિટ મફત પણ 300ની ઉપર એક યુનિટ પણ વધ્યું તો આખુ બીલ ભરવુ પડશે....!

જેઓ મફતની લાલચમાં રહેશે તેઓ કેટલા યુનિટ વપરાયા તેનું ધ્યાન તો રાખશે નહીં અને વારેઘડીએ વીજળીનું મીટર કોણ જોવા જશે...? એટલે 300 યુનિટ કરતાં વધારે આવ્યું કે પૂરેપૂરુ બીલ ભરવાનું રહેશે...(મફત વીજળી હવાહવાઇ..) કેજરીવાલ ખરેખર જાદુગર છે કે બાજીગર..?! કેજરીવાલ લોકોની માનસિકતા જાણતા હશે કે જાણી ગયા હશે એટલે જ લ્હાણીની લારી લઇને ગુજરાતની સડકો પર નિકળ્યા અને કાછિયાની જેમ કહી રહ્યાં છે-એ વીજળી લો વીજળી...સાવ સસ્તામાં... મફતના ભાવે, વીજળી લો વીજળી...(શરતોને આધિન..) હું છુ જાદુગર કે.વાલ...!

ગુજરાતમાં સામાન્ય લોકોને મફત વીજળી આપી શકાય એવો કિમિયો જાદુગર કે.વાલે બતાવ્યો એટલે ભાજપને ફાળ પડી છે. અને કેમ ન પડે...? મફત વીજળીના બદલામાં મહિને પાંચ હજાર બચતા હોય તો કોઇપણ કમિટેડ વોટર પાર્ટી બદલવાનો જ છે...

દહી..છાશ..પનીર..લોટ..પર પાંચ ટકા જીએસટીનો નિર્ણય ધનિકોને બાદ



**મફતની સામે શ્રીલંકાનો મુદ્દો કામિયાબ નિવડશે..? કિમિયાગર કે.વાલની વાણીથી ભાજપને ફાળ પડી છે..!**

કરતાં,બાકીના તમામ લોકોને ગમ્યો નથી એ કડવુ સત્ય છે.ભાજપના કાર્યકરો પણ જાણતા હશે પણ બોલશે નહીં. પેટ્રોલ-ડિઝલ પરનો વધારો લોકો સહન કરી ગયા અને 60-65ના સ્થાને 95 રૂપિયાના ભાવે સહન કરી રહ્યાં હતા તેમાં લોટ-દહીં, દૂધ, લસ્સી-પનીર પર પાંચ ટકાનો વેરો લોકોને વેરીગુડ..વેરીગુડ નહીં પણ વેરીબેડ..વેરીબેડ લાગી રહ્યો છે.નાણામંત્રી નિર્મલા સીતારામને ભલે ખુલાસો કર્યો કે ના.. ના એવુ નથી પણ અમૂલવાળાએ તો આવ દેખા ના તાવ અને તરત જ દહી-લસ્સી-છાશમાં વધારો કરી જ નાંખ્યો તેના કારણે .લોકોની કેસરી માનસિકતાનો રંગ ફિક્કો પડી રહ્યો છે..કેસરી માનસિકતાનો રંગ ઉડી રહ્યો છે.. એટલે પ્રદેશ પ્રમુખ સીઆર પાટિલે મફત.. મફત..ની રેવડી કલ્ચરની લાલચમાં નહીં આવવા લોકોને સમજાવ્યાં છે અને સાથે સાથે પડોશી દેશ શ્રીલંકામાં સર્જાયેલી ગંભીર આર્થિક કટોકટી..અરાજકતાનો ઉલ્લેખ કરીને દાવો કર્યો કે શ્રીલંકામાં એક રાજકીય પક્ષે મફત..મફતની લ્હાણીઓ કરીને સત્તા તો મેળવી પણ મફત લ્હાણીના વચનોનો અમલ કરતાં સરકારની આવક ઘટી અને કટોકટી સર્જાઇ એમ જો મફતની લાલચમાં પડશો તો ગુજરાત અને ભારતની હાલત પણ શ્રીલંકા જેવી થઇ જશે..!બેની લડાઈમાં ત્રીજો ફાવે..એવી કહેવતનો લાભ લેવાની લાલચમાં કોંગ્રેસવાળા મફત વીજળી મુદ્દે મૌન છે. પણ કોંગ્રેસ આ મુદ્દે બોલવુ તો પડશે જ. જો કોંગ્રેસ પણ મફત વીજળીનું વચન આપે તો જાદુગર કે.વાલની નકલ કરી કહેવાય. એટલે કોંગ્રેસે કોઇ મોટા મફતની લલચામણી લ્હાણી કરવી પડે. બાકી આપ પાર્ટી ગુજરાતમાં ભાજપને નહીં પણ કોંગ્રેસને હરાવવા જ આવી છે એમ રાજકીય નિરીક્ષકોને એટલા માટે લાગી રહ્યું છે કે જો ખરેખર એવુ નથી અને કોંગ્રેસની જેમ આપ પાર્ટીનો લક્ષ્ય પણ ભાજપને હરાવવાનો જ હોય તો એક સે ભલે દો..ની જેમ ગુજરાતમાં કોંગ્રેસની સાથે મળીને કેમ સામનો કરતી નથી...?! ગુજરાતની ચૂંટણીઓમાં મફત વીજળી લોકોને અને ખેડૂતોને પણ આપવાનો મુદ્દો ધીમે ધીમે સેન્ટરપોઈન્ટ પર આવી રહ્યો છે....અને વીજળી કંપનીઓ મંદ મંદ મુસ્કાન સાથે જોઇ રહી છે રાજકીય પક્ષોની હલચલ...

# બોલીવુડ



## બ્રહ્માસ્ત્ર 2માં દીપિકા પાર્વતીનો રોલ કરશે

રણબીર કપૂર અને આલિયાએ સાથે કામ કર્યું હોય તેવી પહેલી ફિલ્મ બ્રહ્માસ્ત્ર રિલીઝ થાય તે પહેલાં જ મેકર્સે સેકન્ડ પાર્ટની તૈયારી શરૂ કરી દીધી છે. અયાન મુખરજીએ ફિલ્મની સિક્વલમાં નવા કેરેક્ટર્સ ઉમેરવાનું નક્કી કર્યું છે. સિક્વલમાં મહાદેવ અને પાર્વતી નામના બે કેરેક્ટર નવા આવશે અને તેમાં પાર્વતીના રોલ માટે દીપિકા પાદુકોણને ફાઈનલ કરવામાં આવી છે.બ્રહ્માસ્ત્રના એન્ડમાં દીપિકા પાદુકોણનો કેમિયો છે અને તેના આધારે જ સેકન્ડ પાર્ટની શરૂઆત થશે. ફિલ્મના મેકર્સે મહાદેવના રોલ માટે પણ એક્ટર ફાઈનલ કર્યો છે. જો કે તેનું નામ હજુ એનાઉન્સ થયું નથી. ફર્સ્ટ પાર્ટમાં શિવા અને ઈશાની સ્ટોરી છે, જેનું બીજું નામ મહાદેવ અને પાર્વતી પણ છે. બધા કેરેક્ટર એકબીજા સાથે જોડાયેલા છે.

અયાન મુખરજી મોડર્ન માઈથોલોજી બનાવી રહ્યા છે અને તેના મૂળિયા ભારતમાં ઘણાં ઊંડા છે.અયાન મુખરજી ત્રણ પાર્ટમાં બ્રહ્માસ્ત્ર બનાવી રહ્યા છે. પહેલા પાર્ટનું શૂટિંગ પૂરું થઈ ચૂક્યું છે અને તેમાં શાહરુખ ખાનનો કેમિયો છે અને શાહરુખ પાસે પણ કેટલાક સુપરપાવર છે. રણબીર કપૂર અને આલિયાની પહેલા પાર્ટની ફિલ્મને કેવો રિસ્પોન્સ મળે છે તેના પર સિક્વલની બે ફિલ્મનું ભાવિ રહેલું છે. પહેલી ફિલ્મ સક્સેસ રહે તો 2023 સુધીમાં સિક્વલનું શૂટિંગ શરૂ થઈ જશે.

## અભિનેત્રી ઉર્વશી રૌતેલાએ પ્લેનમાં આપ્યા કાતિલ પોઝ




ઉર્વશી રૌતેલાની ગણતરી બોલિવૂડની સૌથી સ્ટાઈલિશ અભિનેત્રીઓમાં થાય છે. તે બોલિવૂડની તે અભિનેત્રીઓમાંની એક છે જેણે મોડલિંગ પછી ફિલ્મોમાં પગ મૂક્યો અને ઓછા સમયમાં ઘણી લોકપ્રિયતા મેળવી છે.

ઉર્વશી આજકાલ તેની ફિલ્મ ધ લિજેન્ડને લઈને ઘણી ચર્ચામાં છે. અભિનેત્રી તેના ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મ વિશે ઘણી તસવીરો અને વીડિયો પોસ્ટ કરતી રહે છે. હાલમાં જ તેણે કેટલાક વધુ ફોટો પોસ્ટ કર્યા છે જેમાં તે ખૂબ જ ગ્લેમરસ લાગી રહી છે. જીન્સમાં પણ વ્યક્તિ કેટલી ગ્લેમરસ દેખાઈ શકે છે તે જોવું હોય તો ઉર્વશીના આ ફોટા જુઓ. ઉર્વશી રિપ્ડ જીન્સ લાઈટ ગ્લોટરિંગ પિંક ટોપમાં ખૂબ જ સુંદર અને સ્ટાઈલિશ લાગી રહી છે. તેના વાળ ખુલ્લા છે, તેની આંખો પર શેડ્સ છે અને તેના ચહેરા પર ગ્લોસી મેકઅપ કરવામાં આવ્યો છે.

જો કે, ઉર્વશી રૌતેલા આ ફાટેલા જીન્સમાં પણ કિલર દેખાઈ રહી છે અને ચાહકો તેના જોરદાર વખાણ કરી રહ્યા છે. પરંતુ કેટલાક યુઝર્સ એવા છે જેમને ઉર્વશીની ફાટેલી જીન્સની ફેશન પસંદ નથી. એક યુઝરે કમેન્ટ કરી- કપડું નીચેથી ફાટેલું છે. નોંધનીય છે કે, બોલિવૂડ ફિલ્મોમાં ઉર્વશી રૌતેલાનો સિક્કો કંઈ ખાસ જામી શક્યો નથી. સાથે જ હવે તે સાઉથની ફિલ્મોમાં પણ હાથ અજમાવી રહી છે. ઉર્વશી રૌતેલા છેલ્લે ફિલ્મ ‘વર્જિન ભાનુપ્રિયા’માં જોવા મળી હતી. અભિનેત્રીની આ ફિલ્મ ફ્લોપ સાબિત થઈ હતી.

## 37 વર્ષ પછી ‘તેરી મહેરબાનિયાં’ની સિક્વલ બનાવવાની જાહેરાત



નિર્માતા-દિગ્દર્શક કેસી બોકાડયાએ પોતાની સુપહિટ ફિલ્મ તેરી મહેરબાંનિયાની સીકવલની ઘોષણા કરી છે. જેનું શિર્ષક ટૂ બ્રધર્સ તેરી મહેરબાનિયાં ટુ હશે.આ સીકવલ ૩૭ વરસ પછી બનાવામાં આવી રહી છે. તેરી મહેરબાનિંયાની માફક જ આ ફિલ્મની વાર્તા પર શ્વાનોની વફાદારીની આસપાસ જોવા મળશે. ૧૯૮૫માં રિલીઝ થયેલી ફિલ્મ તેરી મહેરબાંનિયા સુપરહિટ રહી હતી. આ ફિલ્મ ૧૯૮૪માં રિલીઝ થયેલી કન્નડ ફિલ્મ થાલિયા ભાગ્યની હિંદી રીમેક હતી. જેનું દિગ્દર્શન વિજય રેડ્ડીએ કર્યું હતું. જેમાં જેકી શ્રોફ, પૂનમ ઢિલ્લોન,અમરીશ પુરી અને સદાશિવ અમરાપુરકરે કર્યું હતું. પરંતુ ફિલ્મની સફળતાનો યશ મોતી નામનો ડોગ લઈ ગયો હતો. તે આ જ ફિલ્મનો હીરો હતો અને દર્શકોને તેણે ખુશ કરી દીધા હતા. આ ફિલ્મમાં એક શ્વાન પોતાના માલિકને થયેલા અન્યાય બદલ બદલો લેવા જંગે ચડતો દેખાડવામાં આવ્યો છે. હવે સિકવલમાં કયા કયા કલાકારો હશે તે અંગે અટકળો શરુ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે જેકી શ્રોફનો પુત્ર ટાઈગર શ્રોફ બોલીવૂડમાં પોતાનું સ્થાન જમાવી ચૂક્યો છે. બીજી તરફ પૂનમ ધિલ્લોનની દીકરી પલોમા પણ રાજશ્રીની ફિલ્મથી ડેબ્યૂ કરી રહી છે.

## મૃણાલ ઠાકુરનો મંત્ર : સેટ પર જતાં પહેલાં પાક્કું હોમવર્ક જરુરી...




વર્ષ ૨૦૧૨થી લઈને ૨૦૧૭ સુધીમાં સંખ્યાબંધ ધારાવાહિકોમાં કામ કર્યા પછી અભિનેત્રી મૃણાલ ઠાકુરે ૨૦૧૮માં ‘લવ સોનિયા’થી બોલિવુડમાં શુભારંભ કર્યો. જોકે ૨૦૧૪ની સાલમાં તેણે બે મરાઠી ફિલ્મો કરી હતી. બોલિવુડમાં આવ્યા પછી તે ચુનંદા પાત્રોમાં જ જોવા મળી છે. પોતાના એકેએક કિરદારમાં તેણે જાન રેડી દીધી છે.

ગયા વર્ષે ‘તૂફાન’ અને ‘ધમાકા’માં જોવા મળેલી મૃણાલ યુદ્ધ લગતી આગામી ફિલ્મ ‘પિપ્પા’ની તૈયારી કરી રહી છે. બ્રિગેડિયર બલરામ સિંહ મહેતા દ્વારા લખવામાં આવેલા પુસ્તક ‘ધ બર્નિંગ ચેફીસ’ પરથી બનાવવામાં આવી રહેલી આ ફિલ્મમાં ભારત-પાકિસ્તાનના ૧૯૭૧ના યુધ્ધની વાત છે. મૃણાલ તેમાં ઈશાન ખટ્ટરની બહેનની ભૂમિકામાં જોવા મળશે. પોતાનું કિરદાર આબેહૂબ રીતે અદા કરી શકે તે માટે મૃણાલ ઈતિહાસ વાંચી રહી છે. એવું નથી કે મૃણાલ ઈતિહાસને લગતી આ મૂવી માટે જ સંશોધન કરી રહી છે. અગાઉ તેણે ‘લવ સોનિયા’, ‘બાટલા હાઉસ’ અને છેલ્લે રજૂ થયેલી ફરહાન અખ્તર સાથેની ‘તૂફાન’ માટે પણ પૂરતું સંશોધન કર્યું હતું. અદાકારા કહે છે, ‘હું મારા કિરદારને વાસ્તવિક સ્વરૂપે રજૂ કરવાની આગ્રહી છું. તેથી જ્યાં સુધી તેના વિશે પુષ્કળ વાંચું નહીં ત્યાં સુધી હું જે-તે પાત્રને ન્યાય ન આપી શકું. વળી, ‘પિપ્પા’માં તો આપણા દેશના ઈતિહાસનો મહત્વનો ભાગ છે. તેથી તે સમજવા માટે જર્નલ્સ, આર્ટિકલ્સ, બુક્સ વાંચવા ઉપરાંત આ યુદ્ધના સાક્ષી રહેલા ફૌજીઓની જબાને કહેલી વાતો જાણવાનો પ્રયાસ કરી રહી છું.’

મૃણાલ કહે છે, ‘મારા કિરદારોએ જ મને આજે આ ઊંચાઈ બક્ષી છે. હું મારા પાત્રોનાં શક્તિશાળી તેમ જ નબળાં પાસાં જીવી છું. તેમાંથી કાંઈકને કાંઈક શીખી છું. તેને કારણે મારી અંદર ચોક્કસ પ્રકારની સમજ વિકસી છે. કલાકારે ભજવેલાં કેટલાંક પાત્રો તેનાં મન-મગજ પર કાયમી છાપ છોડી જાય છે. ‘લવ સોનિયા’ અને ‘તૂફાન’માં મેં ભજવેલી ભૂમિકાઓ મારા માટે આજીવન સંભારણાં બની રહેશે. આ બંને ફિલ્મોનાં કિરદારોએ મને શીખવ્યું છે કે તમારી પીડાને તમારી નબળાઈ બનાવવા કરતાં તાકાત બનાવો.’

અભિનેત્રી કહે છે કે હું મારી ફિલ્મની પસંદગી તેની પટકથા અને દિગ્દર્શકના આધારે કરું છું. મૃણાલની ‘પિપ્પા’ આ વર્ષના અંતમાં રજૂ થશે. તેના સિવાય તેની ‘આંખ મિચોલી’, ‘લેફ્ટેનન્ટ રામી’ અને ‘ગુમરાહ’ પણ ક્રમશઃ રિલીઝ થશે.

## વિજય દેવરકોંડાએ અનન્યાને બધાની સામે કરી કિસ, રણવીરે ગુસ્સે થઈને સ્ટેજ છોડ્યું



ફિલ્મ ‘લાઈગર’નું ટ્રેલર ભવ્ય રીતે ગુરૂવારના રોજ રિલીઝ કરવામાં આવ્યું હતું. આ ટ્રેલરને હૈદરાબાદ અને મુંબઈમાં કરવામાં આવ્યું છે. હૈદરાબાદમાં સવારે ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું તો બીજી તરફ મુંબઈમાં સાંજે એક શાનદાર ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટને રણવીર સિંહે પોતાના મસ્તી ભર્યા અંદાજ અને ધમાલથી ખાસ બનાવી હતી. જોકે, હવે ઈવેન્ટનો એક વીડિયો વાયરલ થયો છે જેમાં લાઈગર એટલે કે વિજય દેવરકોંડા, અનન્યા પાંડે સાથે એવું કંઈક કરતા જોવા મળે છે કે રણવીરને ખોટુ લાગી જાય છે અને તે સ્ટેજ છોડીને જતો રહે છે. હવે ઈવેન્ટનાં વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, રણવીર અને વિજય દેવરકોંડા ફિલ્મના ગીત પર ડાંન્સ કરતા જોવા મળે છે બાદમાં અનન્યા પણ આવે છે અને ત્રણેય ડાંન્સ કરવા લાગે છે. વિજય અનન્યાને કિસ કરે છે. આ જોઈને રણવીર વિજયને થમ્બ્સ અપ કરે છે અને મસ્તીમાં સ્ટેજ છોડીને જાય છે. તે જ સમયે, અનન્યા તેને રોકવા તેની પાછળ જાય છે. આ વીડિયોને ઘણો પસંદ કરવામાં આવી રહ્યો છે.

## ‘શરમ આવી જોઈએ...’ રણવીરના ન્યૂડ ફોટોશૂટ પર ગુસ્સે થઈ મિમી ચક્રવર્તી



બોલિવૂડ એક્ટર રણવીર સિંહ હાલમાં પોતાના ન્યૂડ ફોટોશૂટને કારણે ચર્ચામાં છે. ચારેબાજુ તેના ફોટોશુટની ચર્ચા થઈ રહી છે. જોકે, તેણે એક મેગેઝીન માટે ન્યૂડ ફોટોશુટ કરાવ્યું છે. જોકે, જેના ફોટા સામે આવ્યા બાદ ચારેબાજુ ખળભળાટ મચી ગયો હતો. ફેન્સની સાથે ઈન્ડસ્ટ્રીના લોકો પણ તેના ન્યૂડ ફોટોશુટ જોઈને ચોંકી ગયા હતા. બંગાળી અભિનેત્રી અને ટીએમસી સાંસદ મિમી ચક્રવર્તીએ પણ પ્રતિક્રિયા આપી છે. આ સાથે તેણે મહિલાઓને લગતો સવાલ પણ કર્યો છે.

મિમી ચક્રવર્તીએ રણવીર સિંહની તસવીરો શેર કરતા કહ્યું કે, ‘રણવીર સિંહના નવા ફોટોશૂટ પછી ઈન્ટરનેટ હોબાળો મચ્યો છે. બધા કોમેન્ટમાં માત્ર ફાયર ઈમોજી જ શેર કરી રહ્યા છે. હું વિચારતી હતી કે જો આ છોકરી હોત તો શું હજી પણ આવી જ લોકો કમેન્ટ કરતા? હું માનુ છુ કે, આ જો આવુ કોઈ ફોટોશુટ છોકરીએ કરાવ્યું હોય તો, અત્યાર સુધીમાં તેનું ઘર સળગાવી દેવામાં આવ્યું હોત. અને તેની સામે મોરચો ખોલવામાં આવ્યો હોત. આ ઉપરાંત તેણીને જાનથી મારી નાખવાની ધમકી આપવાનું શરૂ કરવામાં આવ્યું હોત. તમને શરમ આવી જોઈએ.

## અજય દેવગન અને સુર્યાને શ્રેષ્ઠ અભિનેતાનું બિરુદ





દિલ્હીમાં 68માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં દેશભરના કલાકારોનું સન્માન કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન દરેકની નજર શ્રેષ્ઠ અભિનેતા પર હતી, જેનું નામ પણ સામે આવ્યું છે. અજય દેવગન અને સાઉથના સુર્યાને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો. કોરોનાના કારણે છેલ્લા બે વર્ષથી સમારોહનું આયોજન થઈ શક્યું ન હતું, જોકે એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. 400 થી વધુ ફિલ્મો માટે અરજીઓ મળી હતી.આ દરમિયાન દરેકની નજર શ્રેષ્ઠ અભિનેતા પર હતી. અજય દેવગન અને સુર્યાને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો.

- સિનેમા પરનું શ્રેષ્ઠ પુસ્તક - ધ લોંગેસ્ટ કિસ - કિશ્વર દેસાઈ દ્વારા તેના લેખક છે.
- બેસ્ટ નરેશન ‘વોઈસ ઓવર’ એવોર્ડ - શોભા થરૂર શ્રીનિવાસન - ફિલ્મ ‘રેપસોડી ઓફ રેઈન - મોનસૂન ઓફ કેરળ’ માટે
- શ્રેષ્ઠ સંગીત નિર્દેશન - વિશાલ ભારદ્વાજ (1232 કિલોમીટર માટે)
- શ્રેષ્ઠ કૌટુંબિક મૂલ્યો પર ફિલ્મ- અભિજિત દલવી
- સૌથી વધુ ફિલ્મ ફ્રેન્ડલી સ્ટેટ - મધ્યપ્રદેશ
- મોસ્ટ ફિલ્મ ફ્રેન્ડલી (ખાસ ઉલ્લેખ) - ઉત્તરાખંડ અને યુપી
- સામાજિક મુદ્દા પરની શ્રેષ્ઠ ફિલ્મ - જસ્ટિટ ડિલેડ બટ ડિલિવર્ડ અને શ્રી સીસ્ટર સંયુક્ત રીતે પહોંચાડવામાં આવ્યો.
- શ્રેષ્ઠ ગીતકાર-મનોજ મુન્તશિર (સાયના)
- શ્રેષ્ઠ પોપ્યુલર ફિલ્મ-તાનાજી
- બેસ્ટ ફીચર ફિલ્મ-સોરારઈપોટ્ટુ (તમિલ)
- બેસ્ટ એક્ટર-અજય દેવગણ(તાનાજી) અને સૂર્યા (સોરારઈ પોટ્ટુ)
- બેસ્ટ હિન્દી ફિલ્મ- તુલસીદાસ (આશુતોષ ગોવારિકર)

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

શરાબબંધી માત્ર કાગળ પર! ધંધુકા-બરવાળાની ઘટનાના તીવ્ર રાજકીય પ્રત્યાઘાતો-પ્રહારો

# લઠ્ઠાકાંડથી રાજકારણ ગરમાયુ: ભાજપ ભીંસમાં, વિપક્ષી નેતાઓના ધાડા ઉતર્યા

ગુજરાત | વંદન

અમદાવાદના ધંધુકા તથા બોટાદના બરવાળામાં સર્જાયેલા લઠ્ઠાકાંડમાં 42 જેટલા લોકોનો ભોગ લેવાયાના પગલે ગુજરાતમાં રાજકારણ ગરમાયું છે. દારૂબંધી હોવા છતાં ગામેગામ છડેચોક દારૂ વેચાતો હોવાના વખતોવખત આરોપો પછી હવે લઠ્ઠાકાંડની ઘટનાથી એ સાબિત થઈ જતું હોવાના આરોપ સાથે વિપક્ષો સરકાર પર તૂટી પડયા છે. વિપક્ષી નેતાઓના ધાડા અસરગ્રસ્ત શહેરોમાં પહોંચ્યા છે તો રાજય સરકારે પણ બે કેબીનેટ પ્રધાનોને દોડાવીને ડેમેજ કંટ્રોલના પ્રયાસો શરૂ કર્યા છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર તથા વિપક્ષી નેતા સુખરામ રાઠવા સહિતના નેતાનું પ્રતિનિધિ મંડળ મંગળવારે બપોરે બરવાળા, રોજીદ અને ભાવનગર પહોંચી ગયું હતું. લઠ્ઠાકાંડમાં સારવાર લઈ રહેલા દર્દીઓને હોસ્પિટલમાં મળ્યા હતા જયારે ભોગ બનેલા તથા અસરગ્રસ્ત પરિવારોના સભ્યોને મળીને સાંત્વના પાઠવી હતી.

આ સિવાય 'આપ'ના નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ સૌરાષ્ટ્રના પ્રવાસે હોવાથી તેઓએ પણ ભાવનગર જવાનું જાહેર કર્યું છે. ભાજપ સરકાર પર આરોપ મુકતા તેઓએ કહ્યું કે દારૂબંધી ...અનુસંધાન પેજ નં. 6 પર



## કોંગ્રેસ પ્રમુખે મૃતકની અંતિમ યાત્રામાં નનામીને કાંધ આપી



બોટાદ જિલ્લા રોજદ ગામ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર, ધારાસભ્ય રાજેશભાઈ ગોહેલ, લાખાભાઈ ભરવાડ વિગેરે આગેવાન પહોંચ્યા હતા અને લઠ્ઠાકાંડના મૃતકની અંતિમ યાત્રામાં નનામીને કાંધ આપી હતી.

## ગૃહમંત્રીની ડીજીપી સહિતના અધિકારીઓ સાથે બેઠક



બોટાદ | બરવાળા લઠ્ઠા કાંડ મામલે સરકાર એક્શનમાં આવી છે. આ લઠ્ઠા કાંડ આચરનાર કુલ 14 સામે ફરિયાદ નોંધાઈ છે. ત્યારે ગાંધીનગર ખાતે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ડીજીપી આશિષ ભાટિયા, કાયદો વ્યવસ્થાના ડીજી નરસિમ્હા કોમર સાથે બેઠક યોજી હતી. બેઠકમાં આઈબીના વડા અનુપમસિંહ ગહેલોત પણ હાજર રહ્યા હતા. રેન્જ આઈજી અને બોટાદ એસપી વીડિયો કોંફરન્સથી જોડાયા હતા. ગૃહમંત્રીએ લઠ્ઠાકાંડની સંપૂર્ણ વિગત મેળવી અને આ ગુનામાં સંડોવાયેલ તમામને શોધી કાઢી ગુના મૂળ સુધી પહોંચી કડક કાર્યવાહી કરવા આદેશ આપ્યો હતો.

## ગુજરાતમાં દારૂબંધીના કાયદાનો નથી થતો અમલ: કેજરીવાલ



કથિત લઠ્ઠાકાંડ અંગે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે ગુજરાતમાં દારૂબંધીની અમલવારી સામે સવાલ કર્યા છે. અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં દારૂબંધી છે. અહી દારૂનું વેચાણ નથી કરી શકાતું. તો દારૂનું વેચાણ કરી રીતે થાય છે ? ગુજરાતમાં હજારો કરોડનો દારૂનો ધંધો ચાલે છે. નોંધનિય છે કે, અરવિંદ કેજરીવાલ હાલ ગુજરાત પ્રવાસે છે ત્યારે તેમને બોટાદની ઘટનાને લઈ દુ:ખ પ્રગટ કર્યું છે.

## થોડી ઈધર કી થોડી ઉધર કી

### સ્મૃતિ ઇરાનીએ પાક્કા રાજકારણી બનવુ જોઇએ, કેમ કે "સો સુનાર કી એક લુહાર કી"..થવાનું જ છે..!

ગુજરાતમાંથી ઘણાં ગુજરાતીઓ હરવાફરવા ગોવા જાય છે. તેઓ હવે જશે ત્યારે સીલી એન્ડ સાઉલ કેફે-બારની મુલાકાત અવશ્ય લે તો નવાઈ નહીં. કોંગ્રેસે વગર પૈસે રેસ્ટોરેન્ટ-બારને એટલી બધી પ્રસિધ્ધિ આપી કે આ કેફે બાર અને કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાનીની દિકરી જોઈશ ઈરાની છાપે ચઢ્યા...! કોંગ્રેસે એક આરોપ મૂક્યો, સોશ્યલ મિડિયા-યુટ્યુબરોએ તેમાં મીઠુ-મરચુ ભભેરીને જે પીરસ્યુ તે યોગ્ય નથી. સંયમ રાખવો જોઈતો હતો પણ સોશ્યલ મિડિયા અને ઈલે.મિડિયા કાંગારૂ કોર્ટવાળા છે એટલે કાંગારૂની જેમ કૂદાકૂદ કરીને બિચ્ચારી સ્મૃતિ ઈરાની અને તેની દિકરીને બદનામ કરી નાંખી.



દિકરીના બચાવમાં એકલા આવેલા માતા ઈરાનીનો ગુસ્સો કોંગ્રેસ અને પ્રવક્તા પવન ખેડા-જયરામ રમેશ ઉપર ઓછો પણ બીજા ઉપર વધારે હોવાનું ઘણાંને લાગ્યું. એટલા ગુસ્સામાં હતા અને એવા કચકચાવીને બોલતા હતા કે એમ લાગે કે કોઈ કોંગ્રેસી એ વખતે સામે મળી જાય તો ગયો કામથી..?! જો કે તેમનો ગુસ્સો પણ વાજબી અને લાજિમ છે. કેમ કે મામલો તેમની દિકરીને લઈને છે. એટલે કોઈપણ માતાને ગુસ્સો તો આવે. તેઓ પાક્કા રાજકારણી નથી. પાક્કા રાજકારણીને ખબર જ હોય કે વારા પછી વારો..તારા પછી મારો...સો સુનાર કી એક લુહાર કી..!

કેન્દ્રના એક મંત્રી તરીકે ઈરાનીએ પાર્ટી હાઈકમાન્ડના આદેશથી કોંગ્રેસ, રાહુલ, સોનિયા વગેરે.ની સામે સો વખત વાર કર્યા.. પણ કોંગ્રેસે સમસમી જઈને તકની રાહ જોઈ અને લુહારનો એક ઘા એવો માર્યો કે સીલી એન્ડ સાઉલ કેફે રેસ્ટોરેન્ટ બારને અખબારમાં વધારે જગ્યા મળી પણ ઈલે. મિડિયામાં ઓછી. હવે મંત્રીમહોદયાએ કોંગ્રેસને એવો પાઠ ભણાવવો જોઈએ કે ભૂલથી પણ ગોવા અને સીલી એન્ડ સાઉલ બારનું નામ જ ના લે...! લેકિન ક્યા ઐસા હોગા...? સીલી એન્ડ સાઉલ સેલ્ફી પોઈન્ટ ના બને તો ભયો..ભયો..!

### રાજનાથે કહ્યું-ના, હું નેહરૂની ટીકા નહીં કરૂ, ગડકરી કહે-સત્તા છોડવાનું મન થાય છે..! યે ક્યા હો રહા હૈ..?



કેન્દ્ર સરકારના બે સિનિયર મંત્રીઓના નિવેદનોએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. સંરક્ષણમંત્રી રાજનાથસિંગે ભાજપ જેની ટીકા કરવાની એક પણ તક છોડતુ નથી તે નેહરૂની ટીકા કરવાની ના પાડી અને તે પણ જાહેર કાર્યક્રમમાં. તેમની નીતિ ખોટી હશે પણ તેમની નિયતમાં ખોટ નહોતી, એમ રાજનાથ બોલ્યા. બીજા સિનિયરમંત્રી નિતિન ગડકરી વર્તમાન રાજકારણથી ગળે આવી ગયા હોય તેમ ભાવુક થાયં અને બોલ્યા-રાજકારણ હવે માત્ર સત્તાનું માધ્યમ બન્યુ છે, જી કરતા હૈ રાજનિતિ છોડ દુ...મહાત્મા ગાઁધી કે સમય મેં દેશ કે વિકાસ કે લિયે રાજનિતિ હોતી થી (અબ નહીં..? )...!

રાજકારણના અભ્યાસુઓ આ બે ...અનુસંધાન પેજ નં. 6 પર

ધોલેરા ખાતે સેમિકોન સીટી સ્થાપવામાં આવશે

# સેમીકંડક્ટરમાં 'સબળ' બનશે ગુજરાત, સરકારે જાહેર કરી નીતિ



ગુજરાત | વંદન

ગુજરાતમાં ચિપ ઉત્પાદન ક્ષેત્રે રોકાણકારોને આકર્ષવા માટે સરકાર દ્વાર મહત્વની પોલિસી જાહેર કરવામાં આવી છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા સેમી કન્ડકટર નિતી જાહેર કરવામાં આવી છે. આ પોલિસી જાહેર થતા જ ડિસપ્લે ઉપકરણ માટે સહાય નીતિ જાહેર કરનાર ગુજરાત દેશનું પહેલુ રાજ્ય બન્યુ છે. આ અંગે જાહેરાત કરતા જીતુ વાઘાણીએ જણાવ્યું કે ભારત સરકારની ઈન્ડિયા સેમી કન્ડકટર મિશન દ્વારા મૂડી સહાયના 40 ટકાના દરે વધારાની સહાય રાજ્ય સરકાર આપશે. આ માટે ધોલેરા ખાતે સેમિકોન સીટી સ્થાપવામાં આવશે. 200 એકર જમીન ખરીદી પર 75 ટકા સબસીડી પણ જાહેર કરવામાં આવી છે. પહેલા 5 વર્ષમાં પ્રતિ ઘન પાણી 12 રૂપિયામાં પુરુ પાડવામાં આવશે. સરકારની આ પોલિસીથી આગામી 5 વર્ષમાં 2 લાખ લોકોને રોજગારી મળવાનો અંદાજ હોવાનું જીતુ વાઘાણીએ જણાવ્યું હતું .

દેશમાં સેમિકન્ડક્ટર ચિપ્સની અછતને પહોંચી વળવા માટે મોદી સરકારે દ્વારા 76,000 કરોડની મહત્ત્વાકાંક્ષી યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ અંતર્ગત આગામી 6 વર્ષમાં દેશમાં સેમિકન્ડક્ટર ચિપ્સની સંપૂર્ણ ઈકોસિસ્ટમ વિકસાવવામાં આવશે. જેમાં સેમિકન્ડક્ટર ડિઝાઈન, ઘટકોનું ઉત્પાદન અને ડિસ્પ્લે ફેબ્રિકેશન એકમોની સ્થાપનાનો સમાવેશ થાય છે.

પી.બી.એમ. મુજબ અટકાયતી પગલા નહીં લેવાના અવેજ પેટે

# પુરવઠા વિભાગના અધિકારી 1.35 લાખની લાંચ લેતા ઝડપાયા

ગુજરાત | વંદન

અમદાવાદના સરખેજ પોલીસ સ્ટેશનમાં અન્ન અને નાગરીક પુરવઠા વિભાગના અધિકારી ભુપેન્દ્રકુમાર બાબુભાઈ ચૌધરી તેમજ અન્ય વ્યક્તિ અબ્દુલ રઝાક ઉર્ફે રાજુભાઈ દિલાવરભાઈ ચૌહાણ વિરુદ્ધ 1,35,500 રૂપિયાની લાંચ લેવાનો ગુનો નોંધાયો છે.

પોલીસના જણાવ્યા અનુસાર સરખેજ પોલીસ સ્ટેશનમાં આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ ગુનો દાખલ કરાયો છે. જે અનુસાર ફરીયાદી વિરુદ્ધ પી.બી. એમ. મુજબના અટકાયતી પગલા નહીં લેવાના અવેજ પેટે તેમજ માસિક હપ્તા પેટેના અન્ન અને નાગરીક પુરવઠાની ઝોનલ કચેરી, સરખેજના ઝોનલ અધિકારી

...અનુસંધાન પેજ નં. 6 પર

લઠ્ઠાકાંડ વચ્ચે પોલીસની વરદી પર વધુ એક ડાઘ

# વલસાડમાં એક PSI સહિત 3 પોલીસ કર્મચારીઓ મહેફિલ માણતા ઝડપાયા





ગુજરાત | વંદન

રાજ્યમાં દેશી દારૂનો લઈને લઠ્ઠાકાંડ ચર્ચાનો વિષય બન્યો છે. ત્યારે વલસાડ જિલ્લાના અતુલ ખાતે નાનાપોઢાના PSI તેના મિત્રના બાંગ્લામાં 3 કોસ્ટેબલ સહિત 19 ઈસમો સાથે દારૂની મહેફિલ માણી રહ્યા હતા. જેને SPએ રંગેહાથ ઝડપી પાડયા હતા. વલસાડ SPએ દારૂનો જથ્થો અને કાર તથા અન્ય વાહનો કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

વલસાડ જિલ્લા SP ડો. રાજદીપસિંહ ઝાલાને વલસાડના અતુલ ખાતે આવેલા એક બાંગ્લામાં દારૂની મહેફિલ ચાલી રહી હોવાની બાતમી મળી હતી. આ બાતમીને પગલે વલસાડ SP ડો. રાજદીપસિંહ ઝાલા LCB અને અન્ય પોલીસ જવાનો સાથે રેડ કરી ચેક કરતા અતુલના મુકુંદ ફસ્ટ ગેટ ખાતે સન્ની બાવીસકરની જન્મ દિવસની પાર્ટી ચાલી રહી હતી.

જ્યા નાનાપોઢાના PSI અને 3 કોસ્ટેબલ સહિત 19 ઈસમોને દારૂની મહેફિલ માણતા ઝડપી પાડયા હતા. વલસાડ SPએ 18 બોટલ દારૂનો જથ્થો 26 મોબાઈલ, 5 કાર અને 7 બાઈક મળી કુલ 26 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## મફત લ્હાણી અને લોભામણાં વચનો પર પ્રતિબંધની શક્યતા

ગુજરાત | વંદન

ગુજરાતમાં મતદારોને આકર્ષવા મફત વીજળી સહિતની લોભામણી જાહેરાતો અને વચનો પર પ્રતિબંધ આવે તેવી શક્યતાઓ જોવામાં આવી રહી છે. ખાસ કરીને આપ પાર્ટીને આ મુદ્દે સફળતા મળે તેમ નથી કેમ કે, આપ પાર્ટીએ જ ગુજરાતમાં પહેલી વાર મફત વીજળીની લોભામણી જાહેરાત અને વચન આપ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેવડી કલ્ચર સામે ચેતવણી આપી છે તો સુપ્રીમ કોર્ટ પણ એ મત તરફ હોવાનું જણાય છે કે, આવી લોભામણી લાલચો અને વચનો પર પ્રતિબંધ કંઈ રીતે મુકી શકાય. કોર્ટે કેન્દ્ર સરકારનો આ મુદ્દે જવાબ માંગ્યો છે અને જો પ્રતિંબધ મુકાય તો આપ પાર્ટીને ગુજરાતમાં ભારે રાજકીય પીછેહઠ કરવી પડે તેમ છે.

